અને સખાવત[1] તે શું, અને રાસ્તી તે શું, અને અમરગી તે શું, અને તને-પસીન (યાને સેવટની તનની હાલત)[2] તે શું ? (૩) જવાબ આપવામાં આવ્યા હતા કેઃ પરહિઝગારી તે પાકીજકીનો લેબાસ[3], અને અશોઇનો અર્થ[4] અહુરમઝદ તરફની ફરજ અદા કરવી[5] તે, અને સફઇ સુઘડાઇ એટલે[4] દ્રુજ (યાને નજીસઇ)થી અળગ[6] થવું તે, અને રવાનનું ખાસ કામ ગુનાહ વગરની હાલતે રહેવું તે, અને ખરૂં ખોટું પીછાણવાની શક્તિ એટલે ન્હાનાઓને ઉત્તેજન આપવા[7] તથા પોતાના (સગાંવહાલાં)ઓને મદદ કરવા માંટે[8] નેક વિચાર, નેક વચન અને નેક કામોની પસંદગી કરવી તે. (૪) ખાલેસી એટલે એકયતા, અને સખાવત ખાસ કરીને[9] જે બધાને માટેની (હોય છે) તેનો અર્થ દરેક જણને માટેના સુખની જરૂરીયાત[10] થાય છે, અને રાસ્તી એટલે સામટી રીતે[11] કંઇબી ચીજને વિષે[12] જુઠું નહિં વમાસવું તે, અને અમર્ગી એટલે જેમ એકજણ (અગાઉ) હસ્તીમાં હતો તેમ ફરીથી (હમેશ્ગીની) હસ્તીમાં રહેવું તે, અને "તને-પસીન" એટલે જેમ (એક જણ) જન્મ પામે છે તેમ ફરીથી તે સેવટે જન્મ પામશે તે.

૨૬૮ મું. તેઓ વળી એમ માનતા હતા કે દ્રુજ ઘણી મારામારી કર્યાથીબી બેહોશ[13] થતો નથી; કારણ કે ગમે તેવું નાશકારક નુકસાન તેને કરવામાં આવે[14] તોબી દ્રુજ તો લડયાજ કરે છે.

૨૬૯ મું, તેઓ વળી એમ માનતા હતા કે આએ પાંચ જાતની[15] ટેવોથી દરેક જણે ઘણું પાછું હઠવું[16] જોઈએઃ—(બીજાંઓને) નુકસાન (કરવા) નો વિચાર, ઠગાઈ[17] અને લુટફાટ[18] અને લોભ[19] અને દુષ્ટ રવાનવાલી હાલત.[20] (૨) (બીજાંઓને)

---

૧ **દાતારીહ.** ૨ **ફ્રેશોગર્દ.** ૩ **યશરાઇશ પત્મોગીહ.**

૪ **હુના યેહવૂનેદ;** એનો શબ્દાર્થ "આ છે."

૫ એનો શબ્દાર્થ, "ખુદા તરફની ફરજો બજાવવી."

૬ **જવીતાગીહ,** "જુદાપણું."

૭ **ખૂર્દગાન નીરૂગ,** એનો શબ્દાર્થ "જુવાનોનું જોર."

૮ પહલવી: **ઓલ નફ્શા-આન અઈયયારીહ વિચીદન.**

૯ **માદીગાન.** ૧૦ **આવાયસ્તન.** ૧૧ **હંગરદીગ.**

૧૨ **પવન હીચ મદમ હીચ.**

૧૩ પહલવી ; **સ્તુબ લા યેહવૂનેદ,** એનો શબ્દાર્થ "(દ્રૂજ ઘણો લડે છે અને) બેફામ થતો નથી."

૧૪ એનો શબ્દાર્થ "જયારે તેના નાશને વાસ્તે ખરાબી આવી લાગે છે ત્યારે બી તે લડયો જાય છે."

૧૫ **આઈનીનગ.** ૧૬ **વરદિશ્ન.** ૧૭ **દૂજીહ.**

૧૮ વાંચો **હઝલીહ;** સર્ખાવો અવસ્તા **હઝંગહ,** વંદીદાદ, ફરગર્દ ૪ થી ફકરો ૧ ; જેનું પહલવી રૂપ **હઝલ** છે.

૧૯ વાંચો **આઝવરીહ.** વળી આ બોલ **આઝુરી**બી વંચાય, જે "પાઝંદ પતેત પસીમાની"ના ૧૦ મા ફકરામાં એક ગુનાહનું નામ છે, અને તેનો અર્થ "ગુજરેલાંઓ વિષે ભુંડું બોલવું" એવો થાય છે.

૨૦ **અગ-રૂબાનીહ;** K. મુજબ **અગ-રૂબિશ્નીહ,** "બદ રીતે આગળ વધવું."

નુકસાન (કરવાનો) વિચાર આ છેઃ-જે કોઇ ભલાઓને અને પરહિઝગારોને તથા સાચ્ચા મિત્રોને નુકસાન કરવાનો ખ્યાલ કરે છે તે.[1] (૩) ઠગાઇ આ છેઃ-જે કોઇ પોતે જેવો હોય તેનાથી પોતાને જુદો દેખાડે[2] છે તે. (૪)લુટફાટ આ છેઃ-જે કોઇ જે દોલત પોતાની નહિં હોય તેને માટે એમ બોલે છે કે "હું ઇચ્છું છું કે તે મારી થાય."[3] (૫) લોભ આ છેઃ-જે કોઇ બીજાંની હુશીયારી વધે તે માટે ચાહતો[4] નથી તે. (૬) દુષ્ટ રવાનતું હોવું તે આ છેઃ-જે કોઈ ખોલ્લું કહે છે કે હું પોતે જે કંઇ રાસ્ત છે તે મુજબ અમલ કરવાનો નથી.

૨૭૦ મું. તેઓ વળી એમ પણ માનતા હતા કે જે કોઇ માતબર અને આપઅખત્યાર[5]હોય તેણે તુરાનીઓ[6] પાસેથી કંઇ ચીજ માગવી નહીં, કારણકે જે કોઇ શકિત હોવા છતાં તુરાનીઓ પાસેથી કંઇ ચીજ માગે છે તેને (અથવા) જે કોઇ શકિત નહિં હોવા છતાં (તે ચીજ) માગે છે તેને તે મળતી નથી.

૨૭૧ મું. તેઓ વળી એમ માનતા હતા કે દરેક ચીજ એવી સારી (હોવી જોઇએ) કે હમેશાં જીંદગીને કઉવતમંદ કરે,[7] (અને) જે કંઇ ખરાબી કોઈબી (તનને લગતી) ચીજમાં થઇ હોય તેને તેટલા માટે દુર કરવી જોઇએ.

---

[1] એનો અર્થ એમ પણ થાય કે "જે કોઇ ભલાંઓ તથા અશો લોકો જેઓ ભલા મીત્રો છે તેઓને નુકસાન કરવાનો વિચાર કરે છે."

[2] **નિમાયેદ.**

[3] **કાચ-મૂન લિ નફ્શા હુવા-આએ**, [4] **ચેઝબેમૂનેદ.**

[5]. દીનકર્દનાં ૧૧ માં વૉલ્યુમના ફકરા ૧૭૪ અને ૧૭૫ માં એ શબ્દનો વપડાસ સર્ખાવો.

[6] **કારાન** શબ્દ દીનકર્દની છઠ્ઠી કેતાબમાં વારંવાર એક દૂજના સંબંધમાં વપડાયલો છે (જુઓ ફકરો ૧૨૯ મો અને તે પછીના). અવસ્તામાં આવેલું વિશેષનામ **કર** એક તુરાનીનું નામ છે, જે તુરાની મઝયદયસ્નીઓ સામે થઇ ગયો હતો, તે ઉપરથી ૨૭૦ માં ફકરામાં આવેલો **કાર** શબ્દ એક તુરાનીને વાસ્તે કહેવત તરીકે વાપડાએલો લાગે છે (જુઓ **કરેમ્ચ અસ્બનેમ**, આવાં યશ્ત, ફ. ૭૮). વલી **કારાનનો** અર્થ "ફરજો" અથવા "ભલાં કામો" લેતાં તરજુમો આ પ્રમાણે થશેઃ "જે કોઇ શકિતવાન અને આપઅખ્ત્યાર છે, તેને વાસ્તે (પોતાની) ફરજો બજાવવાની બાબદ" (DM. નું **મનદવમ કારાન** વાંચણ કબુલ રાખ્યે તો) "મુશ્કેલ નથી, કારણકે જેની પાસે પુરતાં સાધનો છે તે પોતાની ફરજો બજાવવાની ખાહેશ ધરાવે છે, જયારે જે કોઈ સાંધનો વગર તેમ કરવાની ખાહેશ રાખે છે તે તેમ કરી શકતો નથી."

[7] વાંચોઃ **જાન દેઝેદ** અથવા **યાન દેઝેદ**; સર્ખાવો અવસ્તા શબ્દો **ગય** "જીંદગી"; **યાન** "આબાદાની"; **દએઝ** "કીલ્લો". છેલ્લા શબ્દ ઉપરથી **દેઝીદન** જેનો અર્થ "કીલ્લેબંધ કરવું," "મજબુત કરવુ" થઇ શકે છે. બીજી રીતે **જાન યઝેદ** "જીંદગીની કીમત પીછાણે છે;" અથવા **યાન યઝેદ** "(બહેસ્તમાં મલતા) બદલાની કીંમત પીછાણે છે." હસ્તલેખો મુજબ બેઉ શબ્દોને એક તરીકે લઇને **શનીજેદ** "કંટાળો આપે છે," "જખમ કરે છે" વંચાય; અથવા **શૂચેદ** "સળગાવે છે," "જીવતું કરે છે."

૨૭૨ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે જે કોઇ[1] તોજેશ કીધા વગર રહી ગયલા[2] ગુનાહને લીધે રીમન થયો હોય તેણે યજદાંની ખેશીથી પોતાને દુર લઇ જવો નહિં, અને દેવોની સંક્ષમાં પોતાને સોંપી દેવો નહિં. (૨) અને આ પ્રમાણે તેણે વિચાર કરવો નહીં કેઃ "ગુનાહને લીધે હું જે રીમન[3] થયલો છું તે (તેમ થવાથી) દેવોનો પોતાનો ખેશી થયો છું;" કારણ કે એક માણસે તોજેશ કીધા વગરનો ગુનાહ[4] કીધો હોય તોબી અહરમન અને દેવો તેને દેવોના (હાથમાં) આપી દેતા નથી, અથવા તો પોતાની સાથેબી તેઓ તેને રાખતા નથી, જે પ્રમાણે કે એક માણસ કે જેણે "સ્ત્રઓશો ચરણાંમ[5]" ગુનાહો કીધા હોય છે તે પોતાને દેવોના હાથમાં સોંપી દે છે, અને દેવોની સંગતમાં પોતાને રાખે છે તેમ.

૨૭૩ મું. તેઓ વળી એમ માનતા હતા કે કોઇએ કંઇબી કરવું તો તે ભલી મીનોઇ શકિતઓની આફ્રોન[6] મેલવવાને માટે કરવું જોઇએ, અને જેબી કંઇ તેવું કામ કરે તે કીધાથી તે પવિત્ર થાય છે.

૨૭૪ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે જે માણસો પોતાના એતેકાદમાં મઝદયસ્ની ધર્મ ઉપર ભરૂસો રાખતા નથી તે બે જાતના છેઃ—એક તો ફરેબ કરનાર અને બીજો ફરેબ થનાર[7] છે. (૨) ફરેબ કરનાર તે છે કે જે પોતે જાણે છે કે આ જે કંઇ કરૂં છું તે મારે નહિં કરવું જોઇએ, અને (તેમ જાણ્યા છતાં) પોતાની બદ ઇચ્છાને ખાતર તે કરે છે. (૩) અને ફરેબ થયલો તે છે કે જે એવી પ્રમાણીક માન્યતા[8] ઉપર ભરોસો રાખે છે કે તે જેબી કંઈ કરે છે તે રવાનને માટેજ કરે છે. (૪) જે કોઇ ફરેબ કરનાર છે તે દ્રવંદ છે, અને તેમજ ફરેબ થયલો અશો માણસ છે.

૨૭૫ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે જો બુતપરસ્તીનો નાશ કરવામાં આવે તો ભલી મીનોઇ શક્તિઓ ઉપરનો એતેકાદ તેની સાથે કંઇ જતો રહેતો નથી.[9]

એ બોલ **ગયુ ગઝેદબી** વાંચી શકાય, "એટલે **જાંદગીને દંખ મારે** છે;" પણ એ અર્થ અહીં બરાબર લાગુ પડતો નથી.

[1] ઈ અહીયાં **મુન**ને બદલે વપડાયલો છે.

[2] જુઓ **માનીદ** શબ્દના વપડાસ માટે દીનકર્દની કેતાબ ૫ મી, વૉલ્યુમ ૧૦ મું, પાનું ૪ થું, લીટી ૫ મી.

[3] જુઓ વૉલ્યુમ ૧૧ મું, મારા ઇંગ્રેજી તરજુમાનું પાનું ૫૮ મું, ફુટનોટ ૧ લી.

[4] અવસ્તા **અનાપેરેથ છયઓથન.**

[5] અવસ્તા **સ્ત્રઓષોચરણાંમ;** એ વિષે જુઓ "**સેક્રેદ બુકસ ઓફ ધી ઇસ્ત,**" વૉલ્યુમ ૫ મું, પાનું ૨૮૯.

[6] સર્ખાવો ફારસી **આવાઝહ** "અવાજ," "કીર્તિ"; અથવા **આવાઝહ ગશતન** "નામાંકીત થવું."

[7] સર્ખાવો અવસ્તા **દપ્ત** (યજશ્ને, હા ૧૦ મો, ફકરો ૧૫ મો) અને **દાબય;** અવસ્તા મૂળ **દબ** " છેતરવું " ઉપરથી. એ શબ્દનું પાછળનું વાંચણ **ફરીફ્તગ** છે.

[8] **પવન ફ્રારૂની હીમ્નુનીદ યેગવીમૂનેદ.**

[9] અહીંયાં **અંદગ** પહલવી **કમ** અથવા **કીમ**ને અર્થે વપડાયલો છે, જેનો વારેધડીએ પહલવીમાં અર્થ નકારમાં થાય છે.

(૨) અને જો જડવાદ[૧] અને ધર્મ તરફની નાફરમાનીને[૨] ફટકો લગાવવામાં આવે તો (તેની) સાથે કંઇ ખુશાલી જતી રહેતી નથી. (૩) **અને** જો રૂદન[3] કરવાની ટેવને મારી હઠાવવામાં આવે તો તેની સાથે (ગુજરેલાં તરફનો) પ્યાર જતો રહેવાનો નથી. (૪) તેટલા માટે જેમ બને તેમ આ ત્રણ ગુનાહોને ઉખેડી[૪] નાખીને દુન્યામાંથી દુર લઈ જવામાં આવે તો ઘણુંજ સરસ થાય[૫].

૨૭૬ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે તમો માનવીઓએ વનસ્પતિનો ખોરાક ખાનારાં થવું જોઇએ, જેથી તમો લાંબી જીંદગી ભોગવો. (૨) ગોસ્પંદનું માંસ (ખાવા)થી પરહિઝ રહો, કારણકે (તેમ કીધાથી મીનોઇ જેહાનમાં તમારો ભલાઇનો) હીસાબ વધુ (થશે). (૩) એજ સબબને લીધે અહુરમઝદ ખોદાએ ગોસ્પંદોના પોષણને સારૂ પુષ્કળ વનસ્પતિ પેદા કીધેલી છે.[૬]

---

૧ સર્ખાવો ફારસી **દશનગ** "પદાર્થ," "દુન્યા." બીજાં વાંચણો; **સાવીગીહ** "બુતપરસ્તી"; **સખુનીગીહ** "બોલીદરાજી"; **સાનીગીહ** "માન;" વિગરે.

૨ સર્ખાવો અવસ્તા **અસ્રુશ્તી** "નાફરમાની."

૩ સર્ખાવોં પાઝંદ **શીન-મૂઇ; શીન**નો ધાતુ અવસ્તા **સ્ચીન્દ**; ફારસી **શીવન મુઇ** "વીલાપ."

૪ સર્ખાવો ફારસી **ફઝદ કર્દન**, "કંઇબી કાપવું અથવા સરખું કરવું."

૫ પહલવી **આખર અએદૂન શપીર**; એનો શબ્દાર્થ "આખરે એટલું તો ભલું."

૬ હાલમાં હઈયાત રહેલાં (અવસ્તા કે પહલવી) તમામ જરથોસ્તી લખાણોમાં આ કદાચ **એકજ** ફકરો છે કે જેમાં એક જરથોસ્તીને માંસના ખોરાકથી દુર રહેવાનું અને વનસ્પતી ખોરાક પસંદ કરવાનું ફરમાન ખુલ્લું આપવામાં આવ્યું છે. બીજા ફકરાઓ વનસ્પતીનાં ખોરાકની તરફેનમાં રજુ કરવામાં આવે છે, તેમાં તે વિષે સીધો એશારો મલતો તથી, ફકટ તે ખુલ્લાં મનથી તપાસતાં એવું માલમ પડે છે કે તે ફકરાઓમાં તો માણસ અને જાનવરના પોષણ માટે અહુરમઝદ ખોદાએ ખોરાક પેદા કરવાનો એશારો આવેલો છે. આપણે જાણ્યે છીયે કે ગાથા તેઓના ભાવાર્થ ઉપરથી ખોરાકના સવાલ બાબે તદન ચુપકીદી ધરાવે છે; પણ બાકીનાં અવસ્તા અને પહલવી લખાણોમાં માંસના ખોરાકની તરફેણમાં ફકરાઓ ઘણા મલે છે. સાસાની પાદશાહોનાં જમાનામાં દીનદારીના વિચારથી માંસના ખોરાકને નીરદોષ અને કાયદાસરનો ગણવામાં આવતો હતો, જે દીનકર્દની પાંચમી કેતાબના વચલા ભાગમાં ખોરાક ઉપરના બાબ ઉપરથી જણાય છે (જુઓ દીનકર્દનું વૉલ્યુમ ૯ મું, પાનું ૪૯૧). **ખુરીશન**ને લગતા બાબમાં એમ આવેલું છે કેઃ-**પવન મસ દાદિસ્તાનીહ ઇ મીન બસર્યા ઇ પન્જ અઇનીનગ ગઓસ્પંદ સ્રાતગ.** ઉપલા ૨૭૬ મા ફકરા ઉપરથી માલમ પડે છે કે કદીમુલઅયામનાં **પઓર્યોતકએષીઓ**માંથી વનસ્પતીનો ખોરાક ખાવાની તરફેનમાં હાલની માફક જુસ્તેજોઈ ચાલી રહી હતી, અને તેઓ માંસનો ખોરાક ખાવાંની વિરૂદ્ધ હતા.

૨૭૭ મું. તેઓ વળી એમ માનતા હતા કે અહુરમઝદ કંઇબી (કરવા) ને અશક્તિવાન નિવડયો નથી, અને (તેમ) નિવડશે પણ નહિં.

૨૭૮ મું. તેઓ વળી એમ માનતા હતા કે અહરમન હમેશને માટે થયો નથી, અને (હમેશ) હૈયાત રહેશે પણ નહીં.

૨૭૯ મું. તેઓ વળી એમ માનતા હતા કે અહુરમઝદ આખરે બધી પેદાયશો જે તેણે પેદા કીધી છે તેને પોતાની અંદર પાછી લેશે.

૨૮૦ મું. તેઓ વળી એમ માનતા હતા કે ભલી મીનોઇ શકિતઓ જે હીસાબ (કરે છે) તે આ ત્રણ સવાલો ઉપર (રચાયલો) છે, જેમ કેઃ-"તેં શું ખાહેશ રાખી હતી? અને તેં શું બજાવ્યું? અને તેં કોણને બુલંદીએ પહોંચાડયું?"

૨૮૧ મું. તેઓ વળી એમ માનતા હતા કે જે કોઇ શખ્સ મોટો હોય છે તે આવા એક ગુનાહથી મોટો દરવંદ થઈ જાય છે[1] દાખલા તરીકે જયારે તે એક દર્વીશને ધીક્કારે છે.

૨૮૨ મું. તેઓ વળી એમ માનતા હતા કે એક ઘણોજ માતબર આસામી હોય, અને તે જોકે (પઇસા કેમ) ખરચવા અને સંભાળવા તે જાણે છે છટાં તેની પાસે પુષ્કળ દોલત હોવાને લીધે તે એક મોટો ગુનાહ (કરવામાં ફસી પડે છે તો તેવો ગુનાહ) તેનેબી છોડતો નથી;[2] અને તેના કરતાં એક વધારે સારા દરજજાનો દર્વીશ હોય છે, તે જો પોતાની મીલકત અને પઇસા સંબંધી ખર્ચ અને સંભાળ કેમ કરવી તે જાણતો નથી તો તેનાથી કોઇત્રાર મરગર્જાન ગુનાહ થાય છે.

૨૮૩ મું. તેઓ વળી એમ માનતા હતા કે ઘણી પરહિઝગારી જે હોય શકે છે તે પુષ્કળ દોલત અને ઘણા માણસો[3] (હોવાના સંજોગો) ને લીધે છે; પણ સઘળી અનીતિ જે હોય છે તે તો ગરીબાઇને લીધેજ હોય છે.

---

[1] વાંચોઃ **ઝક ઇ દ્રીગૂશ તર મીનેદ**; સર્ખાવો પહલવી **અવર મીનિશ્નીહ વ તર મીનિશ્નીહ**. જો આપણે હસ્તલેખો મુજબ **ઝક ઈ દ્રીગૂશ્તર મીનેદ** વાંચ્યે તો તરજુમો નિચે પ્રમાણે થશેઃ-"જે કોઇ મોટો હોય છે તે ગુનાહને લીધે સૌથી સરસ દરવીંશની નજરમાં ઘણો મોટો દરવંદ આવે છે" (શબ્દાર્થ "જયારે એક સૌથી સરસ દર્વીશ તેને વિષે વિચાર કરે છે" ત્યારે.)

[2] K. મુજબ **લા વઝલૂનેદ** "પસાર થતો નથી." DM. મુજબ **અદીન કબદ ખ્વાસ્તગીહ શાઈ વિનાસ શાઇ વિનાસ મદમ વઝલૂનેદ**, "ત્યારે તેની પુષ્કળ દોલત હોવાને લીધે અને તેણે કીધેલા ગુનાહોને લીધે (હવે) તેનો ગુનાહ આગળ ચાલે છે (અથવા વ્યાજે વધીને મોટો થાય છે.)"

[3] એટલે, એક મોટું કુટુંબ અને ઘણા ચાકરનફરો અને તેઓની બધી સગવડ તથા સુખને લીધે. આ ફકરામાં આવેલા શબ્દો ફકત એકજ રીતે ખરા છે. સંસારી હાલતમાં એક પ્રજાને બુલંદ અને મ્હાન બનાવવાની ભલી મતલબ દોલત પાર પાડી શકે, પણ તેટલાજ પ્રમાણમાં તે અનીતિ તરફ પણ લઇ જઇ શકે. એજ મુવાફેક ગરીબાઇ જે કેટલાક દાખલાઓમાં અનીતિ તરફ લઇ જાય છે તે તેટલાજ પ્રમાણમાં સદગુણની સારી કસોટીબી થઈ પડે છે.

૨૮૪ મું. તેઓ વળી એમ માનતા હતા કે ભલાં લોકો ઉપરાંત વળી બુરાં લોકોને (બારીક રીતે તપાસ્યાથી) પોતે ભલાં થઇ શકાય છે; એટલાવાસ્તે કે ભલાં લોકોની જે કોઇ ભલાઈ જુએ છે તે (તેમાંથી ભલાઇ) શિખે છે, અને બુરાં લોકોની જે બુરાઇ જોય છે તે તેનાથી દુર રહે છે.[1]

૨૮૫ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે માનવીઓએ પોતે મહેનત કરવી જોઇએ, જેથી કરીને તનની ઇચ્છાઓ[2] રવાનની ઇચ્છાઓ પ્રમાણે રહે. (૨) કારણકે જેબી કોઇની તનની ઇચ્છા રવાનની ઇચ્છાઓ પ્રમાણે હોય છે, (તેના) તન સાથે દીન આમેઝ થાય છે[3]; અને જેબી કોઇની રવાનની ઇચ્છા શરીરની ઇચ્છા પ્રમાણેની હોય છે તેના બાબમાં તે રવાન સાથે દ્રૂજ મલી જાય છે.

૨૮૬ મું. તેઓ વળી એમ માનતા હતા કે ભલાં લોકો તરફથી (મળતી) બહેતરીને માટે શુક્રગુજારી કરો; (પણ) બુરાં લોકો તરફથી (આવતાં) દુઃખને માટે તેઓને બદ દોઆ ના દેશો.[4]

૨૮૭ મું. તેઓ વળી એમ માનતા હતા કે દોજખમાંથી એક રસ્તો બહેસ્ત તરફ જાય છે, અને જયાં આ દુન્યાના સંબંધમાં દરેક જાતની બોખ્તગી[5] હોય છે ત્યાં તે (રસ્તો) હમેશાં[6] ઘણો સરસ મુકિત આપનારો છે;[7] અને જેઓએ (જીંદગી દરમ્યાન કીધેલા) ગુનાહને ખાતર કંઇ પણ વેઠયું હોય તેઓજ ફકત આ રસ્તા ઉપરથી પગલાં ભરી શકે છે, અને દોજખમાંથી આગળ બહેસ્ત તરફ પસાર થાય છે.

૨૮૮ મું. તેઓ વળી એમ માનતા હતા કે વળી બીજાં બધાં માણસોની સાથે બુરી દીનવાળાઓને માટે (વતીક) જીવ જાલવવાની [8]બાબદમાં (તેઓનો) ખોરાક તથા પોષણ બાબે ગેતીને લગતા અમશાસ્પંદો[9] તરફથી કંઇ પણ અટકાવ[10] થતો નથી.

---

[1] **વ મૂન સરીતરાંન સરીતરીહ ખદીતુનેદ અઝશ બરા પાહરીજેદ** વાંચણ બેહતર લાગે છે.

[2] એનો શબ્દાર્થ "તેઓ તેમની ઇચ્છાઓને રવાનની ઇચ્છા પ્રમાણેની કરે."

[3] એનો શબ્દાર્થ "ત્યારે દીન તનની સાથે સંબંધ ધરાવતી થાય છે"

[4] સર્ખાવો ફારસી **ગીરરહ ગુફ્તન** "ગાળ દેવી," "અપમાન કરવું." **દરગ** "દુઃખી થયલો"બી વાંચી શકાય; જુઓ ફુટનોટ ૨ જી, દીનકર્દ વૉલ્યુમ ૧૧ મું, પાનુ ૪૯ મું.

[5] DP. અને K. મુજબ **હૂ-બ્રાઝી** "સ્વચ્છ રોશનીથી ઝલકતું." DM. મુજબ **હૂ-બાજી**, સર્ખાવો ફારસી **બાજ વ સાવ** "સારી ખંડણી."

[6] **પવન કોલા ગાસ**, "કોઇબી જગા યા તબક્કાને માટે," "કોઇબી વખતે."

[7] **હૂ-બૂખ્ત-તર.** DP. મુજબ **હૂ-બોદતર**, ઘણુંજ ખુશબોદાર."

[8] સખાવો ફારસી **ઝીન્દહ દાશ્તન.**

[9] **ગએતા અમએસૂરસ્પેનદાંન.** [10] **લખ્વાર વખ્દૂનિશ્ન.**

૨૮૯ મું. તેઓ વળી એમ માનતા હતા કે જેણેબી દુન્યામાં એક હજાર પાપી માણસોને (દીન વગરના) જોયાં હોય અને (તેઓને તેઓના) એતેકાદમાં સાબેત કર્યાં હોય[1], (તેના) રવાનને માટે (મીનોમાં) શિક્ષા નથી, જેમકે એક અશો મોબેદ દ્રવંદોને (સુધારવાને) પોતે જાતે જાન ફેશાની કરે છે (તેને નથી તેમ.)

૨૯૦ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે હમેશાં જયારે એક માણસ એક અશો ચીજને માટે ઘણો ઉંચો વિચાર બાંધે છે, (તેને વિષે) ઘણું ઉંચું મત ઉચ્ચારે છે, અને તેને માટે ઘણાં ઉંચાં કામો અમલમાં મુકે છે, ત્યારે જે રોશની તેની અંદર બરપા થાય છે તેથી તે દીનની અંદર એક દાનાવ[2] બને છે. (૨) અને હમેશાં જયારે એક માણસ એક દુષ્ટ ચીજને માટે ઘણો ઉંચો વિચાર રાખે છે, (તેને વિષે) ઘણું ઉચું મત ઉચ્ચારે છે, અને (તેને) મોટાઇથી અમલમાં મુકે છે, ત્યારે તેની અંદરથી તારીકી યાને અંધકાર દેખાવ દે છે, જે (અંધકાર) તે માણસ તથા દીનની વચ્ચે આવીને ઉભો રહે છે, અને તે માણસને દીનની સમજ સેજબી પડતી નથી.

૨૯૧ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે અહુરમઝદ ખુદાએ જયારે પહેલા વહેલાં ઇન્સાનને પેદા કીધું ત્યારે તેણે આવું ફરમાન આપ્યું હતું કેઃ– "તમારે (એટલે માણસોએ) એવી રીતે કોશેષો કરવી કે (જેથી) તમે (શિક્ષામાંથી તમારાં) રવાનને મુક્ત કરો, અને તમારી ગેતીની દોલતને (તમારાં) સાંધણો તરીકે ત્યારે અમો કારગત લગાડીશું,[3] કારણ કે રવાનની બોખ્તગીને (યાને રવાનની મુક્તિને) માટે તમારા પોતાના સિવાય કોઇની મદદ મળી શકવાની નથી." (૨) અને માનવીઓને એટલી બધી તો હાજતો હોય છે કે આ દુન્યાની દોલતને માટે તેઓ મહેનત કરે છે, અને રવાનની દોલતને માટે ખુદાની[4] બંદગી કરી તે તે સાહેબની પાસે માગે છે.

૨૯૨ મું. તેઓ વળી એમ માનતા હતા કે જો કોઇ દર્વીશ હોય, અને તે વળી બદદીનવાળો હોય અને પ્રમાણીક નિષ્ટાવાળો નહિં હોય તોબી તેને (બક્ષેશ તરીકે) કાંઇ આપી શકાય; અને જે કોઇ (આવી રીતે) આપે છે તેના પોતાના ફાલા તરીકે

---

[1] આ અર્થ K. અને DP. નાં વાંચણ મુજબ છે; પણ DM. મુજબ તરજુમો એમ થશે "આફ્રીગાનમાં (**આફ્રીગાનીહ**) દોઆ કરવાને માટે એક હજાર માણસોએ અશોઇને લીધે જેનું નામ ચાલુ રાખ્યું હોય તેના રવાનને માટે શિક્ષા નથી, જે પ્રમાણે……" —એટલે કે, આફ્રીંગાનની ક્રીયામાં લાયક ગુજર પામેલાંઓનાં નાંમની સાથે યાદ કરવામાં જેનું નામ તેની નેકી માંટે જારી રાખ્યું હોય તે.

[2] વાંચો **ફ્રઝાનગ.** K. અને DP. મુજબ **પરવાનગ,** "એક સત્તાદાર પુરૂષ," "કાંઇ ધંધો કરવાને લગતો પરવાનો મેલવેલો શખ્સ."

[3] **તાન ચખુન ઇ તન લેના પવન મીયાન વબીદૂનીમ.** એનો અર્થ એમ પણ થાય "તનની તમારી દોલત બાબે અમો દાદગુઇ (સીફારસ) કરશું."

[4] સર્ખાવો અવસ્તા **ઉપસ્તા** "મદદ." જુઓ "આદરબાદનું પંદનામું," ફકરો ૧ લોઃ–**અપસ્તાન ઓલ યેહાંન કર્દ.**

દુન્યામાંથી જે તંગીનો દ્રુજ કહેવાય છે તેને હાંકી કાઢવાનો સવાબ તેને પહોંચે છે; તેની પોતાની સામે (ભવિષ્યમાં) દુસ્મની અને આફત દબાઇ જશે, અને વળી તેનાથી કોઇબી ફરજંદ એવું નહિં જનમ પામશે કે જે તંગીમાં આવી પડશે.

૨૯૩ મું. તેઓ વળી એમ માનતા હતા કે **આદરફ્રોબગ**નું મકાન અથોરનાનો વચ્ચે છે; **આદરગુશનસ્પ**નું મકાન રથેસ્તારોમાં (યાને લડવૈઆઓમાં) છે; અને **આદરબુર્ઝીનમેહર**નું મકાન વાસ્ત્રીઓશમાં (યાને ખેડુતોમાં) છે.[1]

૨૯૪ મું. તેઓ વળી એમ માનતા હતા કે ભલાં લોકો સાથની દીનઆઇનની વાતચીતમાં હંમેશાં[2] ઉદયોગી રહેવું, એટલે કે દરરોજની (એવી) વાતચીત જેમાં ખુરદાદ અને અમરદાદની[3] ગવાહી કરતાં કંઈ વધુ શ્રેષ્ટ નહિં હોય, અને તેમાં જે કંઇ સાંભળવામાં આવે તેનો કંઇ સવાલ કરે નહિં અને સાભળ્યાજ કરે.

૨૯૫ મું. તેઓ વળી એમ માનતા હતા કે સ્પીતમાન ઝરથુસ્ત્રનું ફરોહર ઇજેલી હોમ અને બર્સમની દાંખલીઓ[4] આગળ (એટલે દરેમહેરમાં) રહે છે; અને તે (ના ફરોહર)ની આરાધના આતશબેહેરામમાં હોય છે.

૨૯૬ મું. તેઓ વળી એમ માનતા હતા કે ભલી મીનોઇ શકિતઓનું કૌવત[5] મ્યજદ[6] (અર્પણ કીધેલી ભેટો) છે; દીનનું કૌવત ગાહમ્બાર છે; ગયોમર્દનું (એટલે ઇન્સાનનું) કૌવત આતશબહેરામ[7] છે.

---

[1] પહલવી લખનારાઓ એવું માને છે કે આ ત્રણ જાતના આતશો માણસજાતમાં, ખાસ કરીને અસલી ઇરાનીઓમાં, જુદા જુદા વર્ગોની પાસબાનીને ખાતર સૃષ્ટિની શરૂઆતમાં અહુરમજદે પેદા કીધા હતા. અથોરનાનવર્ગ સાથે **આતશે ફ્રોબગ** આ પ્રમાણે સંબંધ ધરાવે છે, **આતશે ગુશનસ્પ** રથેસ્તાર વર્ગની સાથે, અને **આતશેબુર્જીનમેહર** વાસ્ત્રીઓશ સાથે સંબંધ ધરાવે છે. છેલ્લા વર્ગ **હુતોખ્શ** વિષે અહીંયાં કંઇ એશારો નથી, કારણ કદાચ એમ હોય કે કદીમુલઅયામનાં ઇરાનીઓ પહેલવહેલાં અહીં જણાવેલા ત્રણ વર્ગમાં વહેંચાયલાં હતા, અને **હુતોખ્શાન**નો ચોથો વર્ગ પાછળથી થયો હતો. આ ત્રણ જાતના પવિત્ર આતશોનાં બ્યાન માટે જુઓ પહલવી "બુનદહિશ" કેતાબ, બાબ ૧૭ મો, ફકરા ૫–૯; "ઝાદ-સ્પર્મના ચુંટી કહાડેલાં લખાણો," બાબ ૧૧ મો, ફકરા ૮–૯.

[2] જુઓ દીનકર્દનું વોલ્યુમ ૧૧ મું, એ શબ્દ ઉપર લખેલી મારી ફુટનોટ ૬ ઠી, ફકરો ૨૨૬ મો, પાનું ૮૫ મું.

[3] એટલે, તનદરૂસ્તી અને અમર્ગી.

[4] એટલે કે, યજશ્ને, વંદીદાદ અને બાજની ક્રીયાઓમાં આરાધતી વખતે અવસ્તાનાં જમાનામાં વાપડવામાં આવેલી બરસમની ડાંખળીઓ. સર્ખાવો **હઓમ** અને **બરેસ્મન**ને લગતી અવસ્તામાં આવેલી હકીકત.

[5] સર્ખાવો અવસ્તા **સ્તગ્ર**; સંકૃત **સ્થાવીર**; ફારસી **ઉસ્તવાર** "મકકમ," "મજબુત."

[6] આફ્રીંગાન, બાજ, વિગરેમાં ભેટ તરીકે આપવામાં આવતી અને આરાધવામાં આવતી ચીજો, જેવી કે દરૂન, પાણી, ફ્રુટ, ફુલ, શર્બત, વિગરે.

[7] જુઓ દીનકર્દની કેતાબ છઠ્ઠી, ફકરો ૨૩૦ મો. ઉપલા ફકરામાં આતશ બેહરામનો અલંકારમાં અર્થ મઝદયસ્ની દીનની ફતેહમંદ રોશની અથવા આતશ થાય છે.

૨૯૭ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે (અહરમનનું) કમીનાપણુ[૧] આ કારણને લીધે મુકરર થયલું છે કે અહુરમઝદ આગળનો આગળ (સરદાર) રહેશે, અને અહરમનને પાછળજ રાખવામા આવશે. (૨) અહરમને અહુરમઝદની દોલત[૨] મેળવવાની ઉમેદ બાંધી છે, તે બળવાન થવાનો નથી, પણ આખરે અહરમન નાબુદ થશે.

૨૯૮ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે આ પાંચ ચીજો જાણવાની દરેક માનવીની ફરજ છે, અને જે કોઇ તે નહિં જાણે તે અનીતિવાન[3] માનવી છે. (૨) એક તો એ છે કે: "હું કોણ છું ? હું માણસ છું કે દેવ ?" (૩) અને એક તો એ છે કે: "હું કયાંથી આવ્યો છું ? ગરોથ્માનમાંથી કે દોજખમાંથી ?" (૪) અને એક તો એ છે કે: 'મારે શાની ઉપર આધાર રાખવાનો છે ? યજદોને લગતી ચીજો ઉપર કે દેવોને લગતી ચીજો ઉપર ?" (૫) અને એક તો એ છે કે: "મારે કોણની પુઠે જવું ? ભલાંઓની પુઠે (જવું) કે બુરાઓની ?" (૬) અને એક તો એ છે કે: "હું પાછો કેઇ તરપ જઇશ ? પાછો બહેસ્ત તરપ જઇશ કે દોજખ તરફ ?"[૪]

૨૯૯ મું. તેઓ વળી એમ માનતા હતા કે જે કોઇને અવસ્તાનો શોખ હોય, અને તે સારા ખવાસનો નહિં હોય, અને જે કોઈ ઝંદ વિષેની પુછપરછ કરતો હોય,

---

૧ વાંચો **નિશીપગ**; સર્ખાવો ફારસી **નિશીબ** "નિચાણ," "ઉતરતું." અહીંઆં એનો અર્થ "અહરમનની હલકાઈ અથવા ઉતરતાપણું" થાય છે. આ પહલવી શબ્દનું બીજું વાંચણ વળી **વેહ-ઝીચગ**; જેમ કે **વેહ-ઝીચગ માહ**, "અધીક માસ" અને **વેહ-ઝીચગ સાલ**, "અધીક સાલ." સર્ખાવો દીનકર્દ, વૉલ્યુમ ૯ મું, બાબ ૪૧૯ મો, પાનું ૪૪૬ મું.

૨ એનો ખ્યાલ એ છે કે સૃષ્ટિની ખરી દોલત અહુરમઝદની પેદાયશ છે, નહિં કે **અહરમનની**.

૩ જુઓ વૉલ્યુમ ૧૧ મું, એ શબ્દ ઉપર મારી નોટ ૧ લી, પાનું ૮૭ મું.

૪ સર્ખાવો "ગંજે-શાયગાન," ફકરા ૧૨૧-૧૨૨, મરહુમ દસ્તુર સાહેબ પેશોતનજી સંજાણાનો તરજુમો:–"માણસજાતને માટે સૌથી સરસ જે દાનેશ છે તે દીની દાનેશ છે; અને આપણી દીનનું આ એક ફરમાન છે કે પોતાના પંદરમા વરસમાં આવતાંને વાર જે પહેલી ચીજ દરેકે કરવી જોઇએ તે નિચલા સવાલો જાણવાનું છે: 'હું કોણ છું ? કોણની સાથે મારો સંબંધ છે ? હું કયાંથી આવ્યો છું ? હું કયાં જવાનો છું ? કયાં તોખમમાંથી હું જનમ્યો છું, અને કયાં કુટુંબને લગતો હું છું ? આ દુન્યામાં મારે કયો પેશો કરવો ? પેલી દુન્યામાં મારે માટે સારો બદલો કેઇ ચીજ લાવી આપશે ? હું ઉપરની દુન્યામાંથી આવ્યો છું કે આ દુન્યાને મારા જનમ માટે હું આભારી છું? મારી ખેશી અહુરમઝદ સાથે છે કે અહરમન સાથે , યજદો સાથે છે કે દેવો સાથે, ભલાં માણસો સાથે છે કે બુરાં માણસો સાથે? હું માણસ છું કે દેવ ? જીંદગીમાં મારે કયે રસ્તે જવાનું છે ? હું કઈ દીન કબુલ રાખું છું ?........."

પણ ઘણો દાનાવ નહીં હોય, અને પોતાની તકસીરો માટે દલગીર થતો હોય પણ બીગુનાહ નહિં હોય,[1] તેવાની કોઇબી (દીનને લગતાં) કામ માટે બીજી વાર પરિક્ષા કરવી નહિં (યાને તેને લાયક ગણવો નહિં.)

૩૦૦ મું, તેઓ વળી એમ માનવા હતા કે અહરમન પોતે આ ત્રણ ચીજોને જોવા પામે, તે સિવાય કોઇને આ ત્રણ ચીજો મળે તેથી કંઈ અહરમનને જખમ[2] થતો નથીઃ–એક તો એકે પાદશાહોને લગતો વિચાર; અને બીજું, ભલાં લોકોની મજલસ[3]; અને ત્રીજું, **જરથુશ્ત્રોતેમોનો**[4] જન્મ.

૩૦૧ લું. તેઓ વળી એમ માનતા હતા કે દરેક જણે જેટલી બને તેટલી વખત પવિત્ર આતશબેહરામમાં[5] જવું જોઇએ, અને આતશ ન્યાયેશની (બંદગી) ખરાં અંતઃકરણથી કરવી જોઇએ; કારણકે અમશાસ્પંદો દર રોજ ત્રણ વખત પવિત્ર આતશબેહરામમાં મજલસ ભરે છે, અને ત્યાં (પોતાની પાછળ) ભલાં કામો તથા પવિત્રાઇ મુકી જાય છે; અને જે કોઇ ત્યાં વારંવાર જાય છે, અને વારંવાર ગંભીર યકીન સાથની બંદગીથી આતશ ન્યાયેશ કરે છે, તેના તનમાં પેલાં ભલાં કામો અને અશોઇ જે ભલી મીનોઇ શક્તિઓ ત્યાં મુકી ગયલી હોય છે, તે વધારે અને વધારે રહેઠાણ કરે છે.[6]

૩૦૨ જું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે તું જેબી કંઇ કરે તેના બાબમાં આ ત્રણ ચીજો સારી છે. (૨) એક આ છે કેઃ નેકીને જાહેર[7] કરવા માટે વારંવાર ભલાંઓની મજલસમાં હાજરી આપવી. (૩)એક આ છે કેઃ ભલાંઓના

---

[1] પહલવી **વ માનીદ ગરઝેદ વ અવિનાસતર લા યેહવૂનેદ.**

[2] **ખુસ્ત લા યેહવૂનેદ;** સર્ખાવો ફાર્સી, **ખુસ્તન** અથવા **ખસ્તન.**

[3] એનો શબ્દાર્થ "ભલાં લોકોનું આવી પુગવું અથવા સાથે થવું."

[4] સર્ખાવો અવસ્તા **ઝરથુશ્ત્રોતેમ,** "અવસ્તા જમાનાના અથોરનાનો તથા મોબદોનો વડો," યજશ્ને, હા ૧૭ મો, ફકરો ૧૮ મો; હા ૨૬ મો, ફકરો ૧ લો, વિગેરે. જરથુસ્ત્રના જન્મનાં સંબંધમાં ફ્રવરદીન યશ્તના ફકરા ૯૩માં ઉપર ધ્યાણ પુગાડોઃ "જેના જન્મવામાં અને ઉમરે પુગવામાં પાણી અને ઉરવરો ખુશાલ થયાં અને વધ્વા લાગ્યા; જેના જન્મવામાં અને ઉમરે પુગવામાં ભલી પેદાયશના તમામ પ્રાણીઓ 'ભલે પધાર્યો' પુકારવા લાગ્યા."

[5] સર્ખાવો પહલવી "ગંજે–શાયગાન"નો ફકરો ૧૫૦ મો; જુઓ મરહુમ દસ્તુર સાહેબ પેશોતનજી સંજાણાએ કીધેલો તેનો ગુજરાતી તરજુમો.

[6] એટલે કે ભલાં કામો અને અશોઇનો અંસ વધારે અને વધારે તેનાં તનમાં આવી રહે છે. સર્ખાવો પુસ્તક ઠું; ફકરા ૨૨૭ અને ૨૩૦, વૉલ્યુમ ૧૧ મું. દીવસમાં ત્રણ વાર હનજમન મળવાનો વખત ઘણું કરીને સુર્યોદય અને સુર્યાસ્તની વચ્ચે હાવન, રપીથ્વન અને ઉજીરન ગેહના વખતમાં છે.

[7] ફાર્સીમાં **આવાઝહનો** વપરાસ તપાસો.

લાયકાત, સેપાસ્દારી[1] અને સુખનો જેમ બને તેમ સંપુર્ણ રીતે વિચાર કરવો અને (તેને) જાહેરાત આપવી. (૪) એક આ છે કેઃ દર રોજ ઓછામાં ઓછી ત્રણવાર પોતાની તરફ આ પ્રમાણે નજર કરવી કેઃ " હું ભલી મીનોઇ શક્તિ સાથે હમશરીક છું કે દેવની સાથે ? " જો તે ભલી મીનોઇ શકિત સાથે જોડાયલો હશે તો તે મીનોઇ શકિત તેના તનમાં મહેમાન તરીકે વધારે રહેશે; અને જો તે દેવની સાથે જોડાયલો હશે તો પોતાના તનમાંથી તે દેવને બહાર કાઢવાને માટે તે અશકત થઇ પડશે.

૩૦૩ જું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે બોધ આપનારી શિખામણોમાં[2] એક નાપાયદાર નસીબનો[3] દાખલો છે: જો કોઇ માનવી (કંઇ ચીજને વિષે) તકરાર કરે કે (તે બખશેશ) ઘણીજ છે તો જે ત્રણ દાખલાઓ (વિષે વિચાર ચલાવવાનો છે) તેમાંનો એક[4] આ છે કેઃ દરેક જણ જે ગુનાહ તેણે પોતે કીધેલો હોય છે તે માટે તે જાણે છે કે તે ગુનાહ છે, અને તે ગુનાહ થતી વખતેજ[5] એ રીતે તેની પસેમાની તરીકે તેને નામોસીનો બદલો[6] મળે છે; અને જો કોઇ એવો હોય કે ગુનાહ કરે છે અને તેની ઉપર લોકોબી શિક્ષા ગુજારે છે તો તે પેલા ગુનાહ તરફથી જેમ બને તેમ દુર થઇ જાય છે, અને (ફરીથી) તે કરતો નથી. (૨) અને એક આ છે કેઃ દરેક જણ પોતાનું જે સવાબ હોય તેને પીછાણી જાણે છે કે તે સવાબ છે, અને તે સવાબ થતી વખતે તેને માટેના બદલા તરીકે તેને ઇજત મળે છે; અને જો કોઇ એવો હોય કે સવાબ કરે છે ત્યારે તેનો બદલોબી તેને દેખઇતો છે તો તેવો સવાબ કરવામાં જેમ બને તેમ તે મહેનત કરે છે. (૩) અને એક આ છે કેઃ જો કોઇ (એક ચીજ) બનતી વખતે તે સવાબ છે કે

---

[1] વાંચો **સેપાસ**, "હેસાનમંદી;" એ બોલ **સીજાગી**, "લાયકાત"બી વંચાય.

[2] વાંચો **હુંદર્જ**. એ શબ્દ **હુદર્દ** "એકદીલ," " દીલસુઝ " પણ થાય, અને તે ઉપરથી તરજુમો એમ થાયઃ—"તેઓ વળી એમ માનતા હતા કે એક દીલસુઝ માણસ એક બદબખ્ત નસીબવાલાને ભેટ આપે અને તેના બાબમાં જો કોઈ શખ્સ વાંધો લે કે (તેને માટે ભેટ) ઘણીજ છે તો...... ..." આ શબ્દનું બીજું વાંચણ **હુંગર્દ**, "એક જથ્થો."

[3] વાંચો **દો વખ્ત**; સર્ખાવો ફાર્સી **બખ્ત ઇ દો-માહ**.

[4] વાંચોઃ **અએવગ-ઇ** "દરેક."

[5] **બએન યાતૂન** સાથે સર્ખાવો ફાર્સી **દર આમદન**. એ બોલ **શત્રો**બી વાંચી શકાય, અને તેથી "શહેર અથવા ગામમાં" એવો અર્થ થાય.

[6] **પવન પાદ્રમ દુસ્રૂબીનીદ યેગવીમૂનેદ**. **પાદ્રમ**નો અર્થ "બદલો" અથવા " શિક્ષા" થાય છે; અવસ્તા **પઇતી-રમ** ઉપરથી, જેનો અર્થ "ખુશી થવું" અથવા "ફટકો લગાવવો" થાય છે. એ શબ્દના બીજા અર્થો "ભોળો," "ફાયદા વગરનો, "મુર્ખ" થાય છે. જુઓ એના વપડાસ વિષે દીનકર્દ કેતાબ ૮ મી, બાબ **૧** લો, ફકરો ૩ જો, અને તે પછીના ફકરાઓ. સર્ખાવો ફાર્સી **બાદ્રમ**.

ગુનાહ છે તે નહિં જાણતો હોય તો લોકો તેની પ્રમાણીક કે અપ્રમાણીક નિષ્ટા વિષે કંઈબી સામાન્ય મત[૧] બાંધતાં નથી, તે શકમાં રહે છે અને દીનદાર લોકોની સલાહ લે છે, અને ભલાંઓની રેહબરી[૨] પ્રમાણે અમલ કરે છે, અને ભલાં લોકોની પહેલાં સલાહ લીધા વગર કંઇબી કરતો નથી.

૩૦૪ થું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે કોઇબી માણસ એવો નથી કે જે આ ત્રણ ચીજો બને છે[૩] ત્યારે આ દુન્યામાં તેના ફળ જોતો નથી, અને તેમાંની મુશીબતોને લીધે તે (ચીજોની) યાદ રાખતો નથી.[૪] (૨) એક તો બરફ[૫] અને વરસાદ (છે); અને એક તો કીલ્લો[૬] અથવા[૭] કોટ[૮] યાને ખોરાકીથી ભરપુર કીધેલા કિલ્લાની[૯] માલેકી છે; અને એક તો દર્વીશી[૧૦] (છે). (૩)કારણકે વળી જે કોઇ સૌથી દાનાવ માણસ છે, યાને કે એક દર્વીશ[૧૧] છે તેબી જે ફાયદાઓની ભવિષ્યમાં આશા રખાય તે અગાઉથી જોઇ[૧૨] શકતો નથી, તેનું કારણ એ કે[૧૩] જ્યારે તે પુષ્કળ આફતોને જોય છે ત્યારે ગરીબાઇને પસંદ કરતો[૧૪] નથી, (અને) તેની ઉપર જે મુશીબતો પડે છે તેને લીધે તે વરસાદ પડે તે માટે જરાબી[૧૫] ખાહેશ કરતો

---

[૧] સર્ખાવો અવસ્તા **દ્રેન્જ** "રાખવું," જોડવું."

[૨] **શપીરાન દસ્તૂબર યેહવૂન્દ.** [૩] **બએન યેગવીસૂનેદ.**

[૪] કદાચ **અઇયબાસેદ** "ઠોકરે મારે છે," "તુચ્છકારી કાઢે છે."

[૫] અવસ્તા **વક્ર**; ફાર્સી **બર્ફ.**

[૬] સર્ખાવો અવસ્તા **ઉઝદએઝ,** વંદીદાદ, ફરગર્દ ૩ જી, ફકરો ૯ મો; અને ફરગર્દ ૭ મી, ફકરો ૫૬ મો; ત્યાં **ઉઝદએઝ**નો અર્થ "મોટી ઇમારત" થાયછે. એનો અર્થ વળી "અનાજનો જથ્થો"બી થાય છે; જુઓ વંદીદાદની ફરગર્દ ૧૫ મીમાં **ઉઝદએઝ**નો અર્થ.

[૭] એનો સાધારણ અર્થ "અને" થાય છે. પહલવીમાં **વ** કોઇ કોઇવાર **અયૂંફ**ને અર્થે વપડાય છે.

[૮] સર્ખાવો ફાર્સી **કુશ્ક** "કીલ્લો," "મહેલ."

[૯] **દએઝ અંબાર દાશતન**નો અર્થ "અનાજ અથવા દાણાના ઢગલા ભરી રાખવા તે." અસલ ઇરાની ખીલારોકી ભાષામાં **દીદા** "કીલ્લો;" ફાર્સી **દીઝ.**

[૧૦] જુઓ નોટ ૪ થી અને ૫ મી, પાનું ૫૨ મું, વૉલ્યુમ ૧૧ મું.

[૧૧] **દ્રીગૂશ** બોલ **દ્રીગૂશ-ઇ** ને બદલે વપરાયલો છે.

[૧૨] **પીશ ખદીતુનેદ.**

[૧૩] **હના રાએ મા.**

[૧૪] **બરા અઈયિમાસેદ;** સર્ખાવો ફાર્સી **બાશીદન;** અથવા **બરા અઇયચાદયેદ** "તે યાદ કરે છે."

[૧૫] **પવન હીચ ચારીહ.**

નથી, ખાસ કરીને જ્યારે (મુશીબતોને લીધે) ડુંગરો અને કીલ્લાઓમાં અનાજ ભરી મુકવાનું (તેને) ઇચ્છવાજોગ[૧] હોતું નથી. (૪) (ઉપર જણાવેલી) ત્રણ ચીજોમાંથી બેચીજો જોવાનું બની શકે એમ છે, કે જે દુન્યવી પરીણામો[૨] ઉપરથી જોવાય છે; અને ત્રીજી ચીજ ભલી મીનોઇ શકિતઓનો હીસાબ આવી પુગે ત્યાં સુધી દેખાતી નથી. (૫) અને જે પેલી બે ચીજો દુન્યવી ફળો ઉપરથી જોઈ શકાય છે તેમાંની એક બરફ અને વરસાદ કહેવામાં આવે છે, કારણ કે જ્યારે ઘણોજ વરસાદ પડે છે, અને ઘણોજ તે જગ્યામાં કે જ્યાં ચાલુ વરસાદ પડે છે ત્યાં કાંઇબી ફાયદા યા સારાં પરીણામો[૩] દેખાતાં નથી, અને તેમાં મુશીબતો હોવાને લીધે દરેક જણને તેવા વરસાદ તરફ અભાવ છુટે છે,[૪] અને તે (વરસાદ)ને ગેરફાયદાભરેલો ગણે છે. (૬) અને જ્યારે ફ્રવરદીન મહીનો અને અરદીબહેશ્ત મહીનો આવી લાગે છે,[૫] અને અનાજ અને ઘાસના તણખલાં ઉગી નિકળે છે, અને વરસાદનો પાક દેખાવ દે છે, ત્યારે દરેક માણસની ખાહેશ આ તરેહની હોય છે, જેમકેઃ "આ શીયાળામાં વરસાદ વધારે થતે, અને (ભારે) વરસાદથી અમારી મુશીબતો વધારે ભારી થતે તો કેવું સારૂં; અને હમણાં અમારી આબાદી, સુખ, ફરાખી અને જીંદગીની ભલી ચીજો જે વરસાદની પેદાયશમાંથી બરપા થઇ છે તે અમે વધારે જોઇ શકતે." (૭) એક તો ખોરાકીથી ભરપુર કીધેલો કોટ અથવા કીલ્લો કહેવામાં આવે છે, કારણ કે જોકે તે ખાસ ઉભો કરવામા આવ્યો છે અને તેમાં બધું પુરૂં પાડવામાં આવ્યું છે[૭], (તોબી) બધાજ ફાયદા વિગરે મળી શકતા[૭] નથી, અને ઘણીએક મુશીબતો[૮] ઉભી થાય છે; અને આખરે જ્યારે એમ બને છે કે દુશ્મનો શહેર નજદીક

---

[૧] **લા પવન કામ**, "ખાહેશ મુજબનું નથી."

[૨] **પવન ગએતા બર.** [૩] **સુદ મનદવમ.**

[૪] **બરા (નહિં) અઇયયાસેદ**; સર્ખાવો ફારસી **અયાસહ**, "ઇચ્છા," "ખાહેશ;" એનો શબ્દાર્થ "તેની ખાહેશ રાખતો નથી."

[૫] આએ દીનકર્દનો ફકરો એક વધુ સાબેતી વાંચનારને રજુ કરે છે કે કદીમુલઅયામમાં અસલી જરથોસ્તીઓનું વર્ષ ફ્રવરદીન મહીનાથી શરૂ થતું હતું. સરખાવો અગ્યારમાં વૉલ્યુમનો ૭૯ મો ફકરો અને "બુન્દહિશ"નાં ૨૫ માં બાબનાં ફકરા ૭, ૧૩ અને ૨૦. છેલ્લા ફકરામાં ખુલ્લું જણાવે છે જે ફ્રવરદીન, અરદીબેહસ્ત અને ખોરદાદ મહીનાઓ જરથોસ્તીઓમાં વસંત રૂતુનાં મહીનાઓ ગણાતા હતા, એટલે તે જરથોસ્તી સાલની શરૂઆતના મહીનાઓ હતા. વાંચો ડા૦ માણેકજી બહમનજી દાવરના તથા મી૦ ધનજીભાઇ નવરોજી કુરલેવાલાનાં એ બાબત વિષેનાં જાણીતા રેસાલા, તથા "દસ્તુર સાહેબ પેશોતન મેમોર્યલ વૉલ્યુમ"નાં પાને ૧૬૭ મે ડા૦ લુઇ ગ્રેનો "Medieval Greek References to the Avestan Calendar" ઉપર લખેલો રેસાલો.

[૬] **સાજીહેદ**; સરખાવો અવસ્તા "**સચ**."

[૭] એનો શબ્દાર્થ "દેખાઇતાં નથી," "જણાતાં નથી."

[૮] સર્ખાવો ફારસી **ખુઝી** અથવા **ખુઝીદન**.

આવી પુગે છે, અને લોકોનું ભલું ઇચ્છનારાઓના[1] બચાવને ખાતર કીલ્લાનો વપડાસ જરૂરનો થઈ પડે છે[2] ત્યારે છેવટે માણસો કીલ્લામાં દાખલ થાય છે, અને દુશ્મનોથી કીલ્લો ખોદાય તેની ધાસ્તી વગર રહે છે; પણ કીલ્લાની અંદરના લોકોને ઘણીએક સગવડો છટાં જે તંગી અને હલાકી ભોગવવી પડે છે તેને લીધે તે માણસોમાં જે કોઇ આગેવાન[3] હોય છે તે આવી ખાહેશ ધરાવે છે કે: "મેં મારે વાસ્તે અને કીલ્લાની અંદરનાઓને વાસ્તે વધારે સરસ જોગવાઇઓ સાથનો કીલ્લો બાંધ્યો હતે તો કેવું સારૂં[4], અને પછી હું અંદર એકલો[5] રહેતે;[6] અથવા તો આ કીલ્લામાં કોઇ બીજું (કરી શકતે) તેનાં કરતાં વધારે સરસ ખોરાકી મેં ભરી રાખી હતે, જેથી કરીને હું તેને લીધે વધારે બળવાન થતે, અને તે જગ્યામાં કોઇ બીજાના કરતાં હું વધારે બખ્તાવર ગણાતે."[7] (૮) એકલો તેનેજ દર્વીશ[8] તરીકે ગણવામાં આવે છે કે જે કોઇબી દુન્યવી નટીજો (ફાયદો) અગાઉથી જોતો[9] નથી; કોઇબી કીસમનો (આવો) દર્વીશ આ દુન્યામાં ચઢયાતો[10] છે, તે દરેક જણ માટે દરકાર રાખે છે, અને (મરણ પછી) અણુદીઠ (ભલી) મીનોઇ શકિતઓના હીસાબ તરફ જઈ પુગવાનું તે યાદ રાખે છે.[11] (૯) એજ પ્રમાણે જે સૌથી સરસ દર્વીશ[12] છે તેની ખાહેશ આ છે કે: "હું (હજી) દર્વીશીમાં વધારે ચઢયાતો થયો હતે, અને દર્વીશીને લીધે વધારે મુશીબતો ભોગવી

---

[1] **વખ્શ્યારગાનને** બદલે **વખ્શારગાન**, એનો શબ્દાર્થ "(માણસ જાતમાં) વૃદ્ધિ તથા આબાદી કરવાને માટે કાર્ય કરે છે તેઓ." K. મુજબ **વખ્શખરાન**, "નબળા" અથવા "આજારી લોકો."

[2] **પવન કારે બએન આવાયદ.**

[3] DM. પ્રમાણે: **રાસ્ત ઑક અનશૂતા**..."સાચ્ચો તે આદમી છે કે જે..."

[4] DM. પ્રમાણે: **કાચ વ કામ**..."ઇચ્છા અને મરજી (એવી છે કે)......"

[5] DM. મુજબ **હુમનતીહા**, "સુખચેનથી."

[6] **અફ્શ હવા બએન કત્રૂનમ.**

[7] બીજું વાંચણ: **આઇનગી**, "(જીંદગીની) એક રીત."

[8] **દ્રીગુશ-ઈ**ને બદલે **દ્રીગૂશીહ.**

[9] **ખદાતુનીહેદ**, એનો શબ્દાર્થ "(આગમજથી) જોવામાં આવે છે."

[10] **મદમ મા દ્રીગૂશીહ.** K. મુજબ તરજુમો આ પ્રમાણે થશે: "કારણ કે દર્વીશી આ દુન્યામાં દરેક જણને માટે માન ધરાવે છે" (શબ્દાર્થ: "દરેક જણને યાદ રાખે છે.")

[11] વાંચો: **વ મદન ઓલ હમાર ઈ મઈનૂગાન અઇયયાદયેદ.** DM. મુજબ **વ મદન હમાર ઇ મઇનૂગાન**, અને "અણુદીઠ (ભલા) યજદોના હીસાબનું આવી પુગવું."

[12] **દ્રીગૂશ્તૂમ્ અનશૂતા.**

હતે[૧]અને ખમી હતે તો કેવું સારૂં, જેથી કરીને હાલનો[૨] હીસાબ (હજી) ઘણો વધારે પ્રકાશીત[૩] અને વધારે સુખી[૪] થતે.”

૩૦૫ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે જે માણસ આ દુન્યામાં જેમ બને તેમ ઘણું દુઃખ[૫] વેઠે છે તે ઘણો બખ્તાવર[૬] છે, તે પોતાના રવાનને (લગતી ફરજો) દાબી દેનારો નથી.[૭] (૨) આ દુન્યામાં જેઓને ખમવું પડે છે તેઓ વિષે એમ કહેવામાં આવે છે કે આ દુન્યામાં જે દુઃખો[૮] અને મુશીબતો (માણસો) ઉપર આવી પડે છે, અને જેનો ઉપાય નથી[૯], તે વેઠવાંજ જોઇએ;[૧૦] અને જે માણસો પાસે (તેઓને દૂર રાખવાનો) ઉપાય હોય છે[૧૧] તેઓ મરજીથી તેની નજદીક જતાં નથી[૧૨], સીવાય કે અહેસાનના બાબમાં તેમ હોય છે કે જે અહેસાનને માટે તેઓ પોતાની મરજીથી અથવા ખાહેશથી તે (મુશીબતો) વેઠવાની જોખમદારી કબુલ રાખે છે[૧૩], અને તે ખંતથી બજાવે છે. (૩) તેઓનાં દુઃખો તથા મુશીબતો વિષે એમ કહેવામાં

---

૧ વાંચો **ખદીતુન્ત વ દેબ્રૂન્ત હુવા-આએ.**

૨ એનો શબ્દાર્થ “ અને હાલમાં. ”

૩ વાંચો **ખનીગ** (અવસ્તા **ખન** “ પ્રકાશવું ”) **અંદગ**ને બદલે. **અંદગ વ ખારતર**ના વાંચણ પ્રમાણે તરજુમો એમ થશેઃ “હવે હીસાબ જુજ તથા વધારે નજીવો થયો હતે. ” એ વિચાર આ ફકરામાં બંધબેસ્તો નથી.

૪ સર્ખાવો અવસ્તા **હુવાથ્ર.**

૫ અવસ્તા **દુશ-અહુ**, પહલવી **દૂશહૂ** યા **દૂશખન**, “બદ મકાન;” ફારસી **દુઝખ**, “ દોજખ. ” એનો અર્થ એકે જેવી મુશ્કેલીઓ અને હાડમારી બદ રવાનો દોજખમાં ખમે છે તેવી.

૬ કારણ કે તે પેલી દુન્યામાં વધારે સુખી થશે.

૭ એટલે કે, તે પોતાના રવાનને છુપાવતો યા અંધારાંમાં નાંખતો નથી.

૮ વાંચો **અરેદ**; સર્ખાવો અવસ્તા **અરેદ** “દુઃખ દેવું”; અથવા, વાંચો **અલગ**, સર્ખાવો અરબી લોગત **અલીક** યા હલક “નુકસાન,” “નખોદ.”

૯ સર્ખાવો ફારસી **નાગુઝર્દ**, **લા-અએલાજ**, જ્યાં **ગુઝર્દ**નો અર્થ “ઉપાય” અથવા “મદદ” થાય છે.

૧૦ **બરા અમત ઘલ વખ્દૂનીહ-અયેન.** ૧૧ **પવન ચાર.**

૧૨ **કામગીહા અઓબશ લા વઝલૂન્દ.**

૧૩ એનો શબ્દાર્થ “તેઓ ગરદન ઉપર કબુલ રાખે છે,” એટલે તેઓ તેની જોખમદારી માથે લે છે.

આવ્યું છે કેઃ "એમ પણ બને છે કે જેથી કરીને તે (દુઃખો અને મુશીબતો) તે વેઠનારાને જાતી મદદ ઉત્પન કરવામાં[૧], ચાલાકી[૨] તથા અશોઇ ભરેલી હુશીયારી[3] (તેઓમાં) બરપા કરવામાં, અને (તેઓની) જીવન શકિતનું કાર્ય[૪] **તથા સંપુર્ણ** ચાલાકી[૫] ને બચાવવામાં[૬] તથા સંભાળ લેવામાં,[૭] અને માણસોની જીવન શકિતને[૮] લગતાં બીજાં કાર્યો **સહેલાં**[૯] અને **સંપુર્ણ અસરવાલાં**[૧૦] કરવામાં ભાગ લેછે.[૧૧]"

---

૧ સાધારણ રીતે એનો **અર્થ** "મદદ" થાય છે.

૨ **સરખાંવો** ફાર્સી **નપક**, "ચાલાક."

૩ **હૂ-હુનરીહુ**; **એ**શબ્દનાં બીજાં વાંચણ **હૂ-ખુરેશ** "સારો ખોરાક," અથવા **હૂ-ખુરીહ** "ભલી લાયકાત."

૪ વાંચો **આહૂ-ગાર**; **ખાન-ગાર** "ઘર બાંધનાર"બી વંચાય.

૫ **બુન્દગ-ગારને** બદલે **બુન્દ-ગાર**. "સંપુર્ણ કામ કરનારાં."

૬ **શપરીહ**; સરખાંવો ફાર્સી **સીપર** "ઢાળ," "બચાવ." વળી **સરખાંવો** ફાર્સી **શપર** "શ્રેષ્ટ," જે ઉપરથી "શ્રેષ્ટાઈ" થાય. K. **અને DM. મુજબ વેહ-પરીહ** "ભલી આબાદી" **અથવા વ યાવરીહ** "અને મદદગારી."

૭ **સરખાંવો** અવસ્તા **પરશ્તી** અથવા **પરશ્તંઘ** અને **કર**.

૮ **કીરૂગીહા**; **કીરૂ** "યાદદાસ્ત," "અંતઃકરણ. જુવો એ બોલ વિષે વૉલ્યુમ ૧૧ માનો શબ્દકોષ.

૯ સરખાંવો ફાર્સી **વરામ** "હલકું અને સહેલું." K. અને DM. મુજબ **વ રીમન** "અને **અ**પવિત્ર યા રીમન," જે અર્થ મને લાગે છે કે અહીં ચાલે નહિં.

૧૦ **ડીનાગ**; સાધારણ રીતે "ડહાપણભરેલું" અથવા "નકકી" ને અર્થે વપડાય છે.

૧૧ **અનશૂતાઆન કરેદન પવન બહર ,યેહવૂનેદ**, "માણસોને (એવાં) બનાવવામાં ભાગ લેછે."

૩૦૬ હું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે દર્દ અને આફત આ દુન્યામાં દેવ (અહરમન) તરફથી (નિકળે છે)[1] , અને મર્કી[2] તથા બીમારી તેઓની[3] સાથે સાથેજ હોય છે[4]. (૨) જયારે તે (દર્દ અને આફત) જે કોઇ (શખ્સ) તેનો (એટલે અહરમનનો)[5] હોય છે તેની ઉપર આવી પડે છે ત્યારે તે આફત સાથે ખુદાને લાગતું વળગતું નહિં હોય એમ તે (શખ્સ) ધારતો નથી;[6] પણ તે એમજ ધારે છે કે બીજી રીતે તો બની શકેજ નહિં. (૩) જયારે[7] જેઓ હમેશાં સુખી[8] અને સંતોષી હોય છે, તેઓના બાબમાં ઉડતા રોગથી અથવા બીમારીથી જે દર્દ અને આપ્ત તેઓ ઉપર આવી પડવાને નીરમાન[9]

---

[1] અસલી જરથોસ્તીઓ તેમજ અસલી ખ્રીસ્તીઓ એવું માનતા હતા કે આ દુન્યામાં બધી જાતની બીમારી અને આફતોને ઉત્પન કરનારા અહરમન અને તેને મલતા દેવો છે. એક ઇંગ્રેજ ગ્રંથકર્ત્તા પ્રમાણે ખ્રીસ્તી ધર્મની આગમજના વખતથી તે વૈદક વિદયા ધીમે ધીમે હસ્તીમાં આવી ત્યાં સુધી દરેક જાતનું દર્દ દેવોથી થાય છે એમ માનવામાં આવતું હતું. ઘેલાપણું, ચક્રમપણું, ફીફરું અને હીસ્તેરીયાનું દરેક રૂપ તે દેવોની બુરાઇમાં સૌથી સાધારણ હતાં; અને આંધળાં, મુગાં અને કદરૂપાં તેઓની બુરાઇના ખચ્ચીત ભોગ તરીકે ગણાતાં હતાં. દરેક ઘેરની આફત—એક બચ્ચાંના ઉપદ્રયાંથી તે એક ગાયના મોત સુધીની—તેઓના હાથથીજ થતી હતી એમ આંચકી વગર તેઓમાં માનવામાં આવતું હતું. જુઓ W. R. Cassels' "Supernatural Religion."

[2] **વશ્તીહ** અથવા **વશ્તગીહ** બોલ વંદીદાદનો પહલવી તરજુમો અને શરેહ કરનારાઓએ પહલવી **અખ્દગીહ** બોલનાં અર્થે અવારનવાર વાપડયો છે. છેલ્લો શબ્દ અવસ્તા **અખ્તી** (જુઓ વંદીદાદ, ફરગર્દ ૫ મી, ફકરો ૨૭; ૪રગર્દ ૬ ઠી, ફકરો ૮૦) "રીમની" નું પહલવી રૂપ છે. "શરીરીક રચનામાં બીગાડો કરનારા ફેરફારો" એવો અર્થબી **વશ્તીહ**નો થઇ શકે; સખાંવો ફારસી **ગશ્તન.**

[3] **અઓબશ,** એટલે "દર્દ અને આપ્ત." ૩ પહલવી **ચેહમતુનેદ.**

[5] એટલે "અહરમનનો મળત્યો."

[6] પહલવી **ઑલા અનાગીહ રાઈ યઝદાન કમ લા મીનેદ;** એનો શબ્દાર્થ "તે આફતના સંબંધમાં યઝદાં વિષે કમ વિચાર કરતો નથી," એટલે કે તે આફત કંઇ યઝદાં તરફથી નથી એમ તે માનતો નથી; બીજા બોલોમાં તે આફતનો લાવનાર યઝદાં છે એમ તે ધારે છે.

[7] **ચીગૂન.**

[8] જુઓ શબ્દકોષ વૉલ્યુમ ૧૦ મું, **નવીદવર.**

[9] **અદીન દાદ,** "ત્યારે સ્થાપેલું અથવા મુકરર થયલું."

થયલાં હોય તે તે વખતે આવી લાગે છે, ત્યારે ભલી મીનોઇ શકિતઓથી તેઓના હીસાબમાં તે ચીજો ગણવામાં આવશે એમ તેઓ ધારે છે, (એટલે કે) એવી ચીજો કે જે તેઓએ કીધેલા ગુનાહોને લીધે તેઓને ખમવી પડે છે, અને તેઓને લાગુ પડે છે[1].

૩૦૭ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે **અહરમન** અને દેવો અહુરમઝદની પેદાયશને વળી ઘણુંજ[2] નુકસાન અને હેરાનગતી કરવાની ખાહેશ રાખે છે, અને હજી તો[3] એવી ખાહેશ ધરાવે, અને પોતે અણદીઠ રીતે સજ થાય નહિં, તેવામાં તો તેઓથી બને એટલું (નુકસાન અને હલાકી) આ દુન્યામાં લઇ આવે છે,[4] અને ત્યારે અહુરમઝદની પેદાયશનો સામાન્ય રીતે[5] નાશ કરે છે. (૨) એ ઉપરાંત તેઓ એવી ફત્તેહમંદીથી તે કરે છે[6] કે (તેઓમાં) જે ઘણાજ હડહડતા (ગુનેહગારો) **અનદીથ** દુન્યામાં હોય છે તેઓ (પોતાનાં ગુનાહથી કમકમી અશોઇના) રસ્તા તરફ એવા તો પાછા ફરે છે, અને (તે ઉપર) ચાલીને મદદ માગે છે કે આ: દુન્યામાં તેઓના·આવવાથી[7] સઉથી નાપાક ચીજો પચ્છાત રહી જાય છે, અને જુજ નુકશાન થાય છે.[8]

૩૦૮ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે દરેક જણે વહાડકાપ[9] અને

---

[1] અહીયાં એવો વિચાર છે કે અહરમનના મળત્યાઓ દુન્યા ઉપરનાં આફતો તથા દર્દોના પેદા કરનાર તરીકે યઝદાંને ગણે છે. યઝદાંની પુઠે ચાલનારાઓ આ દુન્યા ઉપર તેઓ જે કંઇ આફતો અને આપદાઓ ખમે છે તેના બદલામાં બીજી દુનયામાં યઝદાં પોતાનો પાસ્બાન થશે એમ માને છે.

[2] સર્ખાવો **ફારસી કંદહ**; એનો અર્થ વળી "કમબખ્તી"બી થાય છે. બીજુ વાંચણ **કુતગ** "નાતું," "નજીવું.

[3] **અમત આનગૂન ચીગૂન.**

[4] એનો શબ્દાર્થ "તેઓ ત્યારે જેટલું બને એટલુ (નુકસાન) અંદર લાવે છે."

[5] **હામો-બએન;** સાધારણ રીતે "સઘલાં" ને અર્થે વપડાય છે.

[6] **બરા આનગૂન અવરવીજીહા વબીદૂનયેન.**

[7] એનો શબ્દાર્થ "જયારે તેઓ (દુનયામાં) આવે છે."

[8] એનો શબ્દાર્થ "અને (તેમાંથી) ઝાઝું નુકસાન નથી."

[9] વાંચો DP. મુજબ **રૂરગ.** K. અને DM. મુજબ **રૂરગ રૂરગ,** " જુદા જુદા વહાડકાપને લગતા ઉપાયો"; અવસ્તા ધાતુ **રૂ,** સંસ્કૃત **લુ** "કાપવું;" એનો ધાતુ પ્રમાણે અર્થ " કાપીને કીધેલો ઉપાય," એટલે "વહાડકાપથી કીધેલો ઉપાય."બીજી ગમ એ બોલનો અર્થ " કોઇબી ઇલાજ અથવા ઉપાય" થાય છે. સર્ખાવો અવસ્તા **કરેતો-બએષઝ** "વહાડકાપથી સારૂં કરનાર." માણસ જાતને સાજાં કરનારાઓનો એ એકવર્ગ છે, કે જે વિષેનું લખાણ **વંદીદાદની ફરગર્દ** ૭ મીમાં, **અરદી-બેહેશ્ત યશત**માં, અને **દીનકર્દ**નું પુસ્તક ત્રીજું, વૉલ્યુમ ૪ થુ, બાબ ૧૫૭ મો, પાનુ

શરીરીક ઇલાજોના જ્ઞાનને[1] વાસ્તે મહેનતુ અને ઇંતેજાર રહેવું જોઇએ; કારણ કે વહાડકાપ અને શરીરીક ઈલાજોના સારાં જ્ઞાનથી, જો દુન્યામાં એવા રોગ અને બીમારી હોય કે જેના ઇલાજ મળી શકતા નહિં હોય તો, (વહાડકાપની મદદથી) તે દૂર કરી શકાય. (૨) બીજા શબ્દોમાં (બોલ્યે તો) અહુરમઝદ ખુદાએ દરેક દર્દ અને બીમારી જે અહરમન આ દુન્યામાં લઇ આવે છે તેને વાસ્તે ઇલાજો પેદા કર્યા છે, અને આ (ઇલાજો) જે પ્રમાણે રોટલી અને પાણી ભુખ તથા તરસને મતાડે છે, તેંજ પ્રમાણે દર્દ અને બીમારીને મારી નાખે છે, અને તેમને પાછળ હઠાવે છે.

૩૦૯ મું. વળી તેઓ એમ માનતા હતા કે ગેતીની આખરી વખતેબી પેદાયશોને અમર્ગ બનાવવા જે ચીજોની જરૂર પડશે[2] તે વહાડકાપ અને દવાદારૂના ઇલાજો છે.

૩૧૦ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે દરેક જણે જેમ બને તેમ દીન ઉપર ઉસ્તવાર રહેવું જોઇએ, નહિં તો કે (આ દુન્યામાંથી) ગુજર પામવું ઓળખ્તગી યાને મુકિત વગરતું[3] થશે; કારણ કે તેમ કરવાથી (યાને ઉસ્તવાર રહેવાથી) માનવી જોબી કંઇ પોતાની ખાહેશમાં મુરાદ રાખતો હોય તે બજાવી શકે[4] છે; જેમકે જો એક માનવી એવી ચીજની ખાહેશ રાખતો હોય કે "હું એક ચહડયાતો અમીર[5] અને પુષ્કળ દોલત-

---

૧૮૧ માં પણ આવેલું છે. દીનકર્દનો આએ ૧૫૭ મો બાબ વૈદું તથા વહાડકાપની બાબદમાં પહલવી સાહીત્યમાં સૌથી લાંબો અને સૌથી અગત્યનો છે. તેનાં ૩૪મા ફકરામાં પાંચ જાતના વૈદો નિચે પ્રમાણે વર્ણવેલા છે. "શરીક વૈદાંમાં પણ આએ પાંચ જાતનાં ડાકતરો છે: એક સૌથી મોટી પદવીનો, એક સૌથી ઉતરતી પદવીનો, અને ત્રણ વચલી પદવીના. જે ડાકતર અશોઇની ખાલેસ ખાહેશથી માનવીને સરસ રીતે સાજાં કરવાનો અમલ કરેછે તે સૌથી મોટી પદવીવાલો છે. જે ડાકતર દુન્યવી બદલો તથા કીર્તીની ખાહેશથી એવું વૈદું કરે છે તે વચલા વર્ગના વચલા વિભાગનો છે. જે ડાકતર અશોઇની તેમજ કમાવાની ખાહેશથી, પણ અશોઇ તરફ વધારે સારી વલણથી, એવો અમલ કરે છે તે સૌથી મોટી પદવીવાળા ડાકતરની નજદીકના વચલા વર્ગમાં છે; અને જે પૈસા તેમજ અશોઇને માટે, પણ ફકત કમાણીનીજ ખાહેશથી એવો અમલ કરે છે તે સૌથી ઉતરતી પદવીવાળાની નજદીકનાં વચલા વર્ગનો છે......અને સૌથી ઉતરતી પદવીવાળો દાકતર તે છે કે જે વૈદક તેમજ વહાડકાપને લગતા ઉપાયો કરવામાં ધાટકી છે, અને જે વૈદાંનો વીરોધ્ધીછે."

[1] **ખ્વીતુનસ્તન.**

[2] **બએન આવાયદ.**

[3] **બૂજાગીહા** "છુટકારા;" અવસ્તા **બુજ** "છોડવવું." એટલા માટે પોતાની દીન ઉપરના એતેકાદની દ્રઢતા બીજી દુન્યામાં મુકિત તથા સુખનો માર્ગ છે.

[4] **શાયદ સાખ્તન.**

[5] **અવીર આઝાદ-મર્દ.**

વાળો થાઉં," તે વખતે જો તેની પાસે એવી (બક્ષેશો) હોય[૧] કે જેથી કરીને તે સખાવતો અને ઘણાં ક્રીયાકામો કરવાને શક્તિવાન હોય, તો તે પુષ્કળ દોલત (સખાવત માટેનાં નાણાં તરીકે) ધરાવવાને[૨] તે લાયકનો છે. (૨) અને જો તેની એવી ચીજ માટેની ખાહેશ હોય કે: "હું જુજ ખોરાક અને પોશાક, અને ઘણીજ થોડી પંસદ[3] કરવા જોગ ચીજો સાથનો એક ચહડયાતો દર્વીશ થાઉં," તે વખતે જો તેનામાં આવી (ચીજો) હોય કે જેથી તે જે કોઈ એવો (દર્વીશ) નહિં હોય તેને, તથા જે કોઇ સારા ખવાસનો નહિં હોય તેને જુદો[૪] અને બગડી ગયલો[૪] ગણે નહિં, તો પછી (પોતાની ઇચ્છાની) તે ચીજથી તે પરહિઝગાર થાય છે. (૩) અને જો કોઇ માણસની એવી ચીજ માટેની ખાહેશ હોય કે: "અવસ્તામાં ઘણોજ કાબેલ અને ઝંદમાં ઘણોજ કાબેલ (થઇને) દીનને લગતી મદરેસામાંથી હું બહાર પડું," તે વખતે જો તેનામાં એવી (બક્ષેશો) હોય કે જેથી કરીને તે ઘણોજ આગળ વધેલો આલેમ થાય, તો પછી (પોતાની ખાહેશની) તે ચીજથી તે પરહેઝગાર થાય છે. (૪) અને જો કોઇ માણસની ખાહેશની ચીજ એવી હોય કે: "હું અવસ્તા અને ઝંદનું શિક્ષણ ઘણું નહિં મેળવું," તે વખતે જો તેનામાં આ ઇચ્છા સાથની બક્ષેશો હોય કે જેથી કરીને તે વડા દસ્તુરોના હુકમો પ્રમાણે અમલ કરે તો પછી (પોતાની ખાહેશની) તેજ બક્ષેશથી તે પવિત્ર થાય છે.

૩૧૧ મું. તેઓ વળી એમ માનતા હતા કે અહુરમઝદ ખુદાએ આ દુન્યાને ડહાપણથી બનાવી છે, અને દાનાઇ તથા અશો બળથી[૫] તેને ચલાવે છે, અને તેટલા માટે (તેનો) અંજામ ફાયદાકારક[૬] નિવડશે.

૩૧૨ મું. તેઓ વળી એમ માનતા હતા કે ઉલમાએ (દાનાવોએ) કહયું છે કે દાનેશમંદ નિયમો સારી અકકલ અને અશો હીમ્મત અને ફ્રશોગર્દની ઉમેદ છે.

૩૧૩ મું. તેઓ વળી એમ માનતા હતા કે ડહાપણનુ ગોહર આતશના જેવું છે, કારણ કે આ દુન્યામાં લોકો જે ચીજ કે ડહાપણથી બજાવે છે તેને બીજી કોઇબી ચીજ

---

[૧] એનો શબ્દાર્થ: "જો તે પોતાને આ સાથે યાને આ ધરાવનારો કરે તો."

[૨] **દાશ્તન**, "તેણે ધરાવવું જોઇએ."

[3] એનો બોલેબોલનો અર્થ: "સારી રીતે પસંદ કીધેલું."

[૪-૪] **જવીદ વ વતર** (**વદતર** ને બદલે **વતર**), "(ખવાસમાં,) ઉલટો અને વધારે ખરાબ (થઇ ગએલો)."

[૫] **મર્દાંવગીહ**; અવસ્તા **હામ-વરેતીવતો**, "પહલવાની બળ," એનો પહલવી તરજુમો **મર્દાંવૂગીહ** છે; જુઓ દીનકર્દનું વૉલ્યુમ ૧૧ મું, ફકરો ૯૧ મો, દફતર છઠું, સફો ૫ મો, ફુટનોટ ૫ મી.

[૬] એટલે કે "આખરે આ દુન્યાની મતલબ પાર પડશે." **શાયદ**નો સાધારણ અર્થ "વાજબી," "બરાબર" થાય છે.

એવી નથી કે જે આટલી બધી આતશની માફક મળતી આવે;[1] અને વળી જયાંબી તેઓ આતશને સળગાવે છે, ત્યાં કોઇબી (તેને) દૂરથી જોય છે, અને ગુનાહથી મુક્તથએલા તેમજ ખુદ ગુનેહગારો[2] જાહેર થઇ જાય છે; અને જેને આતશથી મુકિત મળે છે તે હમેશની બોખ્તગી પામે છે, તથા જેને **આતશ**[3] સજા કરે છે તે હમેશની સજા ભોગવે છે.

૩૧૪ મું. (૧) તેઓ વળી એમ માનતા હતા કે જેનામાં કંઇ ડહાપણ નહિં હોય તેનો સારો ખવાસ એક બંધ રહેતાં અને નહિં વપડાતાં[4] પુર રોશનીવાળાં અને ખામી વગરના ઘેર મીસાલ છે. (૨) અને ડહાપણ સાથે જોડાયલો નેક ખવાસ એક રોશનીવાળાં અને ખામી વગરનાં ઘેર મીસાલ છે કે જેમાં એક મહેનતુ માણસ વસે છે,[5] અને જે તે (ઘેરને) વાપડે છે,[6] અને ખેતીના કામ દરમ્યાન બંધ રાખે છે, અને (આ રીતે) દુન્યાને તે પાક પુરો પાડે છે.

૩૧૫ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે જયારે એક માણસ દીનની ફરજ બજાવવામાં પોતાનાં કામો ઘટતી રીતે કરીને તે કામો કાયદાનુસાર બનાવે[7] છે, ત્યારે તે (ફરજ)માં અગાઉ જે દ્રૂજે ગુનેહગારીનાં કામો કરાવ્યાં હતાં તે પેલા માણસના તનથી અળગો રહે છે અને (તેનેથી) દૂર થાય છે; અને તે (દ્રૂજ) અણદીઠ દ્રૂજ તરફ દોડી જાય છે, અને પેલા અણદીઠ દ્રૂજ આગળ લાચાર[8] થઇ ઉભો રહે છે. (૨) ત્યાંથી તે દ્રૂજ જે માણસના તનમાંથી (તે) દોડી ગયો હતો તેની સામે ફરે છે, અને બરાડ મારે છે, અને મોટેથી ચીચારીઓ[9] પાડે છે. (૩) અને આ બતાવે છે કે ઓ માનવી, જે કંઇ તેં (ખોટું)

---

[1] **હવા-આએ** ની મતલબે.

[2] સરખાવો અવસ્તા **ઇરીખ્તેમ**; જુઓ વૉલ્યુમ ૧૧ મું, દફતર છઠ્ઠું, ફકરા ૨૦૩ અને ૨૦૪, ફુટનોટ ૩, ૪, ૫ મી, પાનું ૭૩ મું.

[3] **પવન આતાશ.**

[4] પહલવી **ઑલ કાર લા હમાઇ વઝ્નેદ.** સરખાવો ફારસી **અઝ કાર રફ્તન.**

[5] પહલવી **મદમ યેગવીમૂનેદ;** સર્ખાવો ફારસી **બર ઇસ્તાદન** " ઠોબવું, " " રહેવું. "

[6] **બએન ઑલ કાર વબીદૂનેદ.**

[7] **બરા વઇરાસ્તન.**

[8] **દ્રૂ**; અહીંયાં એ બોલ **દ્રૂદ** અથવા **દ્રૂદ-તન**ને અર્થે વપડાયલો છે; બીજું વાંચણ **પદ** (જુઓ " પહલવી પાઝંદ ગ્લૉસરી" પાનું ૧૭૭ મું) "બાજુએ ઉભો રહે છે"; અવસ્તા **પર.**

[9] **વાંગ વબીદૂનેદ.**

કર્યું હોય તે માટે તારે તોજેશ કરવી જોઇએ, અને ત્યાર પછી તારે તે (ખોટુ) કરવું જોઈએ નહિં, કારણકે (આવાં કામો)[1] ઠગાઇઓ છે; અથવા તો આ બતાવે છે કે જેમ તેં (અગાઉ) કર્યું છે તેમ (ફરીથી) તારે કરવું જોઇએ નહિં. (૪) અને જો એક માણસ પોતે જે કંઈ (ખોટું) કર્યું હોય, અને જે તેણે કરવા ઇચ્છયું હોય, તેને માટે તે તોજેશ કરતો નથી, તો પછી દ્રૂજ પાછો તેના તનમાં દોડી જાય છે, અને આખરે તનને ઘણુંજ બગાડે છે, અને અગાઉ હતુ તેના કરતાંબી વધારે ખરાબ કરે છે. (૫) અને જો દ્રૂજ મોટેથી બુમ પાડે છે છટાં જો તે માણસ ખુદાની દોલતથી દૂર[2] રહેતો નથી, તો પછી તે દ્રૂજ પોતાના મીનોઇ જોડયા સાથે પકડાઇ જાય છે, અને હાડમાર[3] થઇને આંધળો અને નાબુદ થાય છે.

૩૧૬ મું. તેઓ વળી એમ માનતા હતા કે માનજો[4] કે કેળવણી કંઇ ખરાબ ચીજ નથી, કારણકે કેળવણી ઇન્સાનની જીંદગી છે.[5]

૩૧૭ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે ઇન્સાનજાતે દરરોજ આ ફરજો અદા કરવી જોઇએ: તનમાંથી રીમની યા અપવિત્રાઇ કાઢી નાંખવી; દીન ઉપર ઉસ્તવાર રહેવું; અને સવાબના કામો કરવાં. (૨) તનમાંથી અપવિત્રાઈ કાઢી નાંખવી એ છે કે ખોરશેદ ઉગવા આગમજ દરેક જણે હાથ મોઢું (યાને તન) પાણીથી સાફ કરવું જોઇએ. (૩) અને દીન ઉપર ઉંસ્તવાર રહેવું એ છે કે ખોરશેદને આરાધવો.[6] (૪) અને સવાબના કામો કરવાં એ છે કે ઘણાએક ખરફસ્તરો યાને નુકસાનકારક જીવોનો નાશ કરવો.

૩૧૮ મું. તેઓ વળી એમ માનતા હતા કે દરેક જણે આ દુન્યામાં ગુનાહ વગર અને સંપથી[7] ચાલવું જોઇએ; કારણકે ચીજો બે જાતની છે; એક તનોમંદ, અને બીજી રવાનને લગતી.[8]

---

[1] એટલે કે, "એક માણસ જે પાપો કરે છે તે.

[2] **બરા લા યેગવીમૂનેદ.**

[3] **શિકસ્ત**, "હારી ગયલો" "ખોખરો થઇ ગયલો."

[4] **મીનીદનતું** એઑરીસ્ત ૩૫.

[5] સરખાવો "**આદરબાદ** મહરસ્પેંદતું પંદનામુ," ફકરો **૧૬** મો.

[6] એટલે કે "કુદરતના ખુદાને તેની કુદરત ઉપરથી ભજવો."

[7] એટલે કે "મારામારી કર્યાં વગર." જુઓ દફતર છઠું, વૉલ્યુમ ૧૧ મું , ફકરો ૧૦૯, ૨, ફુટનોટ ૪ થી, પાનું ૨૧ મું.

[8] અહીંયાં શરીર અને આત્મા વચ્ચેનો તફાવત જણાવેલો છે, અને આ ફકરા પ્રમાણે માનવીનું શરીર આત્મીક અને શરીરીક તત્વોનું બનેલું છે, જેમાં રવાન આત્મીક છે. અવસ્તા પ્રમાણે એક માનવીનું બંધારણ શરીરીક તત્વો ઉપરાંત પાંચ આત્મીક તત્વોનું બનેલું છે, જેઓના નામ આ છે: **અહૂ, દએના, બઓધ, ઉર્વાન** અને **ફ્રવષી** (જુઓ યજશ્ને, હા ૨૬ મો, ફકરો ૪ થો.)

૩૧૯ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે દરેક જણે પુસ્તીનો[1] ખોરાક ખાવો જોઈએ, અને જે કંઇ ઇજા નહિં કરે તેવું[2] હોય તે ખાવું જોઇએ, અને (પોતામાં) કુવ્વત[3] પેદા કરવું જોઇએ, અને મધ્યમ કીમટતું[4] ખાવું[5] જોઈએ, અને ગુનાહ કરયા વગર તથા ઉડાઉપણા[5] વગર ખાવું જોઇએ, અને જાનફેશાનીથી ખાવું તથા યઝદોની યાદ સાથે[6] જમવું જોઇએ, અને (વળી તેમ કરતાં) કોઇથીબી બીહવું જોઇએ નહિં. (૨) પુસ્તીનો ખોરાક ખાવો તેને કહેવામાં આવે છે કે પોતાને જે પુસ્તીનું મળે તે[7] ઉપર સંતોષી રહેવું. (૩) જે કંઇ ઇજા નહિં કરે તેવું હોય તે ખાવું આ છે કે જે કંઇ કાયદાસરતું[8] અને પોતાનોજ હીસ્સો હોય, અને જરૂરતું અને અમલ પ્રમાણેતું હોય તેજ ખાવું. (૪) કુવ્વત પેદા કરવું એ છે કે ચાલુ ટેવથી[9] (તનમાં) સુધારો કરવો. (૫) મધ્યમ કીમટતું ખાવું એ છે કે પોતાનું કામ કરવાને ખાતર[10] (યાને) પોતાના ધંધાને માટે જોર વધારે

---

[1] **સુર સ્તવ**; સર્ખાવો અવસ્તા **સુઇર્ય**, **સુર** "બપોરનું ખાણું"; ફાર્સી **સુર** "**સુફ્રેો**," "ભોજન." **સ્તવ** ને માટે **સર્ખાવો** અવસ્તા **સ્તવ** "મજબુત."

[2] **પાક ખુરિશ્ન**. હસ્ત લેખોના વાંચણ મુજબ **પએતાગ ખુરિશ્ન** "જાણીતો (ખોરાક) ખાવો જોઇએ;" એટલે કે "જે ખોરાક સામાન્ય રીતે ખાવાની માણસોને આદત પડેલી હોય તે ખોરાક ખાવો જોઇએ."

[3] **ચાપૂગ સાઝિશ્ન**; સર્ખાવો ફાર્સી **ચાબુક**, "ચાલાક", "ચપળ."

[4] **અરજાનીગીહ**; સર્ખાવો અવસ્તા **એરેજ**; ફાર્સી **અરઝાની**, અથવા **અરઝાન**, "સસ્તું," "ઓછી કીંમતનું;" એનો અર્થ વળી "લાયક"બી થાય છે. હાંસલે મતલબ એ છે કે એક જરથોસ્તીએ કરકસરવાળો થવું જોઇએ, અને મોજશોખની જીંદગી ગુજારીને પોતાના પૈસા ગુમાવી દેવા નહિં જોઈએ; સવાબના અને અશોઇના કામોનો વધારો કરવાને માટે તેણે પોતાની આવકમાંથી જે કંઈ વધે તે બચાવવું જોઇએ.

[5] **અન-વહાગીહ**, એનો અસલ અર્થ "સસ્તી કીંમતે (ખોરાક ખરીદવો)" એમ થાય છે; એટલે કે, ખોરાકની મોંધી જણસો વાપરવી નહી; સર્ખાવો ફારસી **બહા**.

[6] **લેવતા યઝદાન**, એટલે કે ખુદાના પહેલાં શુકર ગુજાર થઈને દરેકે પોતાનું ખાણું ખાવું, યાને બાજ ધરયા પછી ખાણું ખાવું.

[7] **પવન ઝક ઈ મદ યેંગવીમૂનેદ**, એનો શબ્દાર્થ "જે પોતાને મળ્યું હોય તેથી (સંતોષી)" થાય છે, એટલે કે, જે કંઇ એક માણસથી નીતિના કાનુન પ્રમાણે કરવાતું અને ખાવાતું બની શકતું હોય તે.

[8] **મિન ઝક ઇ દાદીહા**.

[9] **પવન આઇનીન**.

[10] **ખ્વીશગારીહ પદશ કર્દન**.

મેળવવાને ખાતર ખાવું. (૬) કરકસરપણાથી[૧] ખાવું એ છે કે ઉદાર મનથી[૨] ખાવું અને (બીજાંઓને ખોરાક) આપવો. (૭) જાનફેશાનીથી ખાવું એ છે કે તેવીજ બક્ષેશો[૩] (મેળવવાને) માટે તન રવાનનો ભાગ્યો થાય. (૮) યઝદોની સંફમાં ખાવું એ છે કે પરહિઝગારોની સોબતીમાં ખાવું. (૯) કોઈથીબી નહિં બીહવું આને કહેવામાં આવે છે કે ગુનાહ વગરના થવું, કારણ કે જો એક માણસ ગુનાહ વગરનો હોય છે તો પછી તેને કોઇથી બીહવાનું નથી.

૩૨૦ મું. તેઓ વળી એમ માનતા હતા કે અનાસરોની એકયતા[૪] એ છે કે તમે (તમારા) વિચાર, વચન અને કાર્યને તદન સાચ્ચાં રાખજો; અને પવિત્ર જીંદગી[૫] એ છે કે જેણે[૬] પોતાનાં (તનમાંથી) જે દ્રૂજને તદન નાબુદ કર્યો હોય તેને ફરીથી તનમાં આવવા દેવો નહિં.

૩૨૧ મું. તેઓ વળી એમ માનતા હતા કે જે કોઇ યાહુદી હોય તે કંઇ યાહુદી કહેવાવાને[૭] લીધે દ્રવંદ નથી; અથવા તો બીજાં ખરાબ દીનના લોકો ખરાબ દીનનાં જણાયલા હોવાને લીધે (દ્રવંદ) નથી.[૮]

---

[૧] એટલે કે "ઉડાઉપણા વગર."

[૨] **ફ્રાખૂ મીનિશ્નીહા**, "મોટાં મનથી," યાને ગરીબોને ખવડાવવાની મતલબથી; સર્ખાવો ફાર્સી **ફરાખ**.

[૩] **હમ-દહિશ્નીહા**; એટલે કે ગરીબોને આપેલી તેવીજ બક્ષેશોને માટે.

[૪] **હમીહ ઇ માદીગાન**, એટલે કે, "(નીતિના) જરૂરીઆતી કાનુનોનું એકયતાપણું."

[૫] વાંચો: **વીચગ-હુઇતગીહ.** જુઓ એ શબ્દ ઉપર મારી નોટ, વૉલ્યુમ ૧૦ મું, દફતર ૬ ઠું, ફકરો ૪૩ મો, પાનું ૧૨ મું; અને વૉલ્યુમ ૧૧ મું, ફકરો ૨૬ મો, પાનું ૬૯ મું. એ **વીઝગ-હુઇતગીહ**, "પવિત્ર જીંદગી", અથવા **નએઝગ-હુઇતગીહ**, "આતુર પ્યારબી" વાંચી શકાય. સર્ખાવો ફાર્સી **વીઝહ-હસ્તી** અથવા **નીઝહ-હસ્તી**.

[૬] બીજી રીતે, **મૂન** ને **અમત** ની મતલબે લઇએ તો તરજુમો આ રીતે થશે: "જયારે શરીરમાંથી દ્રૂજને તદન કહાડી મુકવામાં આવેછે ત્યારે તેને તે શરીરમાં પાછો (દાખલ થવા) દેવામાં આવતો નથી."

[૭] **અએવાજ**, સર્ખાવો ફાર્સી **આવાઝ ગશતન** "મશહુર થવુ", **આવાઝ દાદન** "નામ દઇને બોલાવવું."

[૮] દીનની નજરે જોતાં આ એક ઘણો છુટથી કીધેલો વિચાર ગણી શકાય, કે જે મુજબ એક જુદદીન એક જરથોસ્તીની માફકજ પવિત્ર, અને પાપથી વેગળો હોઇ શકે યજશ્ને, હા ૨૬ મો, ફકરા ૯ માંની અંદર અશો જરથોસ્તીઓના ફરોહરોની સાથે પવિત્ર જુદદીનોના ફરોહરોનેબી આરાધવામાં આવે છે:–**આ-દખ્યૂનાન્ચ અષઑનામ ફ્રવષયો યઝમઇદે, ઉઝદખ્યૂનામચ અષઑનામ ફ્રવષયો યઝમઇદે.**

૩૨૨ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે ઇનસાન જાતને માટે ત્રણ ફરજો સઉથી મોટી છે, અને તે આ પ્રમાણે છે:— દુશ્મનોને દોસ્ત કરવા, દ્રવંદને અશો બનાવવો, અને એક ખોટી રીતે કેળવાયલાને દાનેશમંદ બનાવવો. (૨) દુશ્મનને દોસ્ત કરવો એ છે કે જે કોઈ પોતાનાં દુશ્મન આગળ આ દુન્યાની દોલત (તેના ઉપ્યોગ માટે) મુકી દે છે, જેથી ખરેખરો[1] તેનો જાની મીત્ર તે થાય છે.[1] (૩) દ્રવંદને અશો બનાવવો એ છે કે જે ગુનાહોને લીધે એક જણ દ્રવંદ હોય તે (ગુનાહો તરફ)થી તેને દુર કરવો. (૪) અને ખોટી રીતે શિખેલાને દાનેશમંદ બનાવવો એ છે કે કોઇએ પોતાનેજ[2] એવી રીતે શણગારવો[3] કે જેથી (તેને જોઇને) એક ખોટું શિખેલો શખ્સ ઉંચી કીસમનો ધડો મેળવી શકે.[4]

૩૨૩ મું, (૧) તેઓ વળી એમ માનતા હતા કે માનવીએ (પોતાના) રવાનને આ ત્રણ જગ્યાઓ આગળ (જઇને) વધારે ચઢતો બનાવવો જોઈએ: અશો દાનાવોના દરવાજા આગળ, અને પરહિઝગારોના દરવાજા નજદીક, અને પવિત્ર આતશોના ઉંબરો નજદીક. (૨) અશો દાનાવોના દરવાજા આગળ જવાનું કારણ[5] એ કે તે વધુ જ્ઞાની થાય, અને દીનનાં ફરમાનો તેના પોતાનામાં વધુ મેહમાન થતાં જાએ.[6] (૩) અને પરહિઝગારોના દરવાજા આગળ (જવા)તું કારણ એ કે તે નેકી અને બદી પીછાણતો થાય, અને બદીથી તેટલા માટે ફારેગ થાય.[7] (૪) અને પવિત્ર આતશોના ઉંબરો આગળ જવાનું કારણ એ કે (તેની અંદરનો) અણદીઠ દ્રૂજ તેની આગળથી દુર થઈ જાય.

૩૨૪ મું, તેઓ વળી એમ માનતા હતા કે જે પ્રમાણે માંસ ચામડીની સાથે જોડાયલું છે, અને જેમ લાખ[8] વરક સાથે વળગી રહે છે, તેજ પ્રમાણે દીન માથ્રની સાથે જોડાયલી અને નિસ્બત ધરાવનારી છે.

---

[1] એનો બોલેબોલનો અર્થ આ થાય છે કે "તે મનમાં અથવા વિચારમાં દોસ્ત થાય છે."

[2] અથવા, "પોતાની ખાસીયતને."

[3] મૂન **વઇરાયેદ** ''શણગારે છે", અથવા "સુધારે છે."

[4] **મદમ આમૂખ્તેહ.**

[5] **પવન દેના અઇધ વદ.**

[6] એટલે કે "ભલી દીનમાં તે કુશળ થાય છે."

[7] **સરીતરીહ અઝશ બરા દ્રૂનયેન.**

[8] **લાગ**; સરખાવો પહલવી અને ફારસી **લાક**; જો **રાગ** વાંચ્યે તો તેનો અર્થ: "અને નસ જેમ ચામડાં સાથ જોડાયલી છે તેમ" થાય.

૩૨૫ મું. તેઓ વળી એમ માનતા હતા કે તે શખ્સ હેરબદ (ધર્મગુરૂ) નથી કે જે જ્યારે એક માનવી (તેના ભકત તરીકે) પોતાને તેને સોંપી દે છે ત્યારે આ ખાકી દુન્યામાં તેને તે અશો બનાવતો નથી.[1]

A.

[આ વળી કહ્યું છે[2]......]

૧ લું. આ વળી (તેઓએ) કહ્યું છે કે જે કોઇ યઝદોના (ભાગ)માંથી દેવોને કંઇ ચીજ આપે છે,[3] જે કોઇ ભલાંઓના (ભાગ)માંથી બુરાંઓને (કંઇ ચીજ) વહેંચી આપે છે, અને જે કોઇ પોતાને લગતા (ભાગ)માંથી દુશ્મનને (કંઇ ચીજ) આપે છે, તે (શખ્સ) ભલાઇ મેળવે છે.

૨ જું, (૧) આ વળી કહયું છે કે દરેક જણે રવાનની બુલંદીને માટેનાં કામો કરવાં જોઇએ, ત્યારે આ દુન્યા તેની પોતાની છે, અને મીનોઈ દુન્યા વધારે તેની પોતાની છે. (૨) અને જેઓ (ફકત) તનને ખાતરજ કામો કરે છે, તેઓ જાણી જોઈને પેલી દુનયાની (બુલંદ આશાઓને) તજી દે છે; આખરે (ભવીષ્યની જીંદગીને માટેની) કંઇબી ખાહેશ વગર આ દુન્યાને વળગી રહે છે.

૩ જું, (૧) આ વળી કહયું છે કે દરેક જણને પહેલવહેલાં[4] એક દર્વીશ તરીકે ગણવામાં[5] આવે છે, અને તે દર્વીશ તેનું પોતાનું રવાન છે.[6]

---

[1] એટલે કે "તેને **અશોઇ** તથા પાકીજગીનો માર્ગ બતાવવાની જે કોઇ પોતાની **અથોરનાન** તરીકેની ફરજ બજાવતો નથી."

[2] છઠ્ઠાં દફતરની શરૂઆતથી તે ૩૨૫મા ફકરા સુધીના બધા ફકરાઓની શરૂઆતમાં "**અપ્રશાન દેના-ઇચ આંનગૂન દાશ્ત**" વાકય આવેલું છે, જેથી એ બધા ફકરા પઑર્યોતકેશીઓને લાગુ પાડવામાં આવ્યા છે. હવે એકએકપછી (A) **દેના-ઇચ ગોફ્ત**... ..(B) **દેના-ઇચ પએદાગ**... (C) **દેના-ઇચ અએદૂન** ...... (D) **યેમલેલૂન્દ**...(E) **ગોફ્ત યેગમૂવીનેદ** ... વાકયોથી ફકરાઓ શરૂ કરવામાં આવે છે. આવી રીતેજ એકજ જાતના શબ્દોથી શરૂ થતા ફકરાઓને સાથે લઇ આ વૉલ્યુમમાં આવેલા ટેકસ્ટનાં જુદા જુદા બાબો બનાવેલા છે, જેમાંના ચાર બાબો શરૂઆતના વાકયો મુજબના A., B., C., D., ના મથાલાં હેઠલ આપેલા છે.

[3] અવસ્તા ધાતુ **બખ્શ** "આપવું."

[4] **ઑલ બુન.**

[5] **પવન દાશ્ત,** ફારસી **પનદાશ્તનને અર્થે.**

[6] એટલે કે "જન્મ વખતે એક દર્વીશ મીસાલ ગરીબ."

૪ થું. **બખ્ત-આફ્રીદે**[1] (આ બાબે) એમ કહ્યું છે કે "દરેક સામે થનારની સામે છુટું છુટું થવાને માટે અહુરમઝદની દરેક જુદી જુદી પેદાયશ પેદા કરવામાં આવી છે, અને દરેક દ્રૂજની સામે થવા માટે મન મારીને[2] કામ લેવાનું નેમેલું છે."

---

[1] દસ્તુર **બખ્ત-આફ્રીદ** અવસ્તા અને ઝંદનો એક જાણીતો શરેહ લખનાર અને શિક્ષક હતો; જેનાં લખાણો હાલમાં ઘણા ખરાં ગુમ થઈ ગયલાં છે. તે ઈસ્વી સન છઠ્ઠી સદીની અધવચમાં, ખુસ્રુ નોશીરવાનના રાજમાં થઇ ગયો હતો. **બખ્ત-આફ્રીદ**, અથવા કેટલીક પહલવી કેતાબોમાં તેનું નામ આવેલું છે તેમ **વખ્ત-આફ્રીદ** ને વિષે ખુદ **દીનકર્દ**નાં દફતર ત્રીજાનાં, બાબ ૧૧૭મામાં એશારો કરવામાં આવ્યો છે (જુઓ દસ્તુર સાહેબ પેશોતનજી બે. સંજાણાની આવૃતી, વૉલ્યુમ ત્રિજું, પાનું ૧૩૦ મું, સતર ૧૧ મી). **ચીગૂન ઝક ઇ યશરૂબ અઇર્પત બખ્ત-આફ્રીદ મદમ અવીઝગીહ ઇ મીન નફ્શા પસંદ ઈ યઝદાંન બવીહૂનસ્તન ગૂફ્ત.**—"...જે અશોઇ કે યઝદાંની પસંદગી જાતે શોધવાથી પ્રાપ્ત થાય છે, તે અશોઇ વિષે જે પ્રમાણે અશો **બખ્ત-આફ્રીદે કહ્યું છે તેમ.**" પહલવી "**ઝંદ ઇ વોહૂમન યશ્ત**" ની શરૂઆતમાં નિચલા ફકરામાં બખ્ત-આફ્રીદ વિષેનો એશારો આવેલો છેઃ-**પવન ઝંદ ઇ વોહૂમન યસ્ન, હઉર્વદદ યસ્ન, વ આશતાદ યસ્ન, પએદાગ અઇઘ હના બાર ગજસ્તગ મઝદક ઇ બામદાદ, દએન પતીયારગ, ઓલ પએદાગ યાતૂન્ત; અપ્રશાન પતીયારગ પવન દએન ઇ યઝદાન કર્દ, વ ઝક અનોશગ રૂબાન ખૂસ્રો ઇ માહદાદાન નોશાહપૂર, દાદ-અઉહરમઝદ, ઇ આત્રો-પાતગાન દસ્તૂબરાન, વ આત્રો-ફ્રોબાગ ઇ અકદબા, વ આત્રો-પાત, વ અત્રો-મિત્રો, વ બખ્ત-આફ્રીદ, ઓલ લેવીન બવીહૂનસ્ત, અપ્રશ પદમાન અઝશ ખ્વાસ્ત અઇઘ "દેના યસ્નઇહા પવન નીહાન અલ યખ્સેનુનીદ, બરા પવન પત્વંદ ઇ લકૂમ ઝંદ અલ ચાશીદ." ઓલાશાન બએન ખૂસ્રો ઇ પદમાન કર્દ.** "ઝંદ ઇ વોહુમન યશ્ત, હઉર્વદદ યશ્ત, અને આસ્તાદ યસ્તમાં જણાવેલું છે કે આ વખતે બાબદાદનો બેટો ઝજસ્તેહ મઝદક, જે દીનની સામે હતો, તે નિકળી આવ્યો, અને જેઓ યઝદાંની દીન પ્રમાણે ચાલનારા હતા તેઓમાં વીરૂધપણું અને વસવસો ઉભો કરયો; અને ખૂસ્રો અનોશીરવાને પોતાની હજુરમાં માહદાદના બેટા નોશાપુરને, તથા દાદ-અહુરમજદને, જેઓ આત્રોપાતગાનનાં દસ્તુરો હતા, તથા રાસ્ત આત્રો-ફ્રોબાગને, તથા આત્રો-મિત્રો, અને બખ્ત-આફ્રીદ (દસ્તુરો) હતા તેઓને બોલાવ્યા, અને તેઓની પાસેથી નિચે મુજબનું વચણ માગ્યું કેઃ– 'આ યસ્તોને છુપાવી રાખતા ના, અને તમારા ખેશીઓ સીવાય કોઇનેબી તેની શરેહ શિખવતા ના.' તેઓએ ખુસ્રોને તે કોલ આપ્યો હતો." પહલવી "શાયસ્ત લા-શાયસ્ત"માં, કે જેના ૨૦ મા બાબનું લખાણ પહલવી દીનકર્દ ના છઠ્ઠાં દફતરમાંનો લગભગ ઉતારો છે, તેમાં ઉપલો બખ્ત-આફ્રીદ વિષેનો ફકરો સદાબરો આવેલો છે. વળી બે ન્હાના પહલવી ટેક્ષ્તો હાલમાં મોજુદ છે જે આત્રો-ફ્રોબગ અને બખ્ત-આફ્રીદે લખેલા ધારવામાં આવે છે. "નિરંગસ્તાન"માંબી બખ્ત-આફ્રીદના ચેલાઓને લગતો એક વધુ એશારો આવેલો છે.

[2] માનવીમાં મન મારવાનો જે નેક ગુણ હોય છે તે.

૫ મું, (૧) આ વળી **આદરબાદ મહરસ્પેન્દે**[૧] કહ્યું છે કે: "મારી ઉપર કોઈબી હલાકી એવી નથી આવી પડી કે જેની અંદરથી ખુશાલીની છ ચીજો[૨] (મેળવીને) મેં તેને આવકાર આપ્યો નહી હોય. (૨) પહેલું એ કે હું પોતાને મુબારકબાદી આપુ[૩] છું કે મારી હલાકી (ફકત) આટલીજ છે (એટલે કે, ઓછી સખત છે), કારણ કે આના કરતાં વધુ ખરાબ બની શકે. (૩) બીજું એ કે મારે માટે જે હલાકીઓ તૈયાર થઇ રહી હતી,[૪] તેમાંની એક પસાર થઇ છે. (૪) ત્રીજું એ કે જે હલાકી પહોંચી છે તે મારાં રવાનને નહિં, પણ મારાં તનને પહોંચી છે; કારણ કે તનમાં તેનું પસાર થવું[૫] રવાનમાં (તેના પસાર થવા) કરતાં વધારે નજીવું છે. (૫) ચોથું એ કે હું પોતાને સુખી ગણું છું કે હું એટલો બધો નેક છું કે ગજસ્તે **અહરમને** મારી નેકીને લીધે મારી ઉપર આ હલાકી પાડી. (૬) પાંચમું એ કે જે દરેકે દરેક બુરાઇ અથવા હલાકી તેઓ પાડે તે મારી ઉપર યાતો (મારાં) ફરજંદો ઉપર પાડે; પણ તે મારી ઉપરજ આવી છે અને મારાં ફરજંદોને પહોંચી નથી. (૭) છઠ્ઠું એ કે નેક લોકોને વાસ્તે અહરમનનો ખજાનો હલાકીથી ભરપુર રાખેલો હોય છે, અને (તેમાંથી) જે કંઇ મારી ઉપર આવી પુગે છે તે (તેટલાં પ્રમાણમાં) અહરમનની તીજોરી ઓછી[૬] કરી નાખે છે, અને તેટલા માટે બીજાં નેક (માણસોને) નુકસાન કરવા તે તેજ પ્રમાણમાં અશકત થાય છે."

૬ ઠું, (૧) આ વળી કહ્યું છે કે એક ખાકી ચીજને ઘણી કીમતી[૭]

---

[૧] સાસાની વંસના હોરમઝદ પાદશાહના છોકરા બીજા શાહપુરના રાજમાં આત્રો-પાત મહરસ્પેન્દ એક નામાંકીત દસ્તુર તરીકે થઇ ગયો હતો; જેણે **પહલવીમાં** કેટલાંક નસિહતરૂપી નીતિના વખાણો કરેલાં છે, તથા પાઝંદ બંદગીઓ જોડેલી છે. એ આત્રો-પાતને લગતા એશારા વારંવાર દીનકર્દનાં ત્રિજાં, ચોથાં, પાંચમાં, છઠાં, સાતમાં, આથમાં અને નવમાં દફતરોમાં મલે છે. "બૂન્દહિશ"ના ૩૩ માં બાબમાં, "શિકન્દ-ગૂમાનીગ વિજાર"ના ૧૦ માં બાબમાં, અને "અરદા વીરાફ"નાં ૧ લા બાબમાંબી એને લગતા એશારાઓ અને મતો મલે છે.

[૨] **બબા ઇ રામિશ્ન**

[૩] ફાર્સીમાં **આબાદ** શબ્દનો વપડાસ સર્ખાવો:- "**સલામ**", "મુબારકબાદી," "શાબાશી", વિગરે (જેમકે **આબાદ આમદી**). **અમ આવાદીહા** નો અર્થ "મને મુબારકબાદી", "મારાં વખાણ", વિગરે થાય.

[૪] **મિન અનાગીહ ઇ લિ રાઇ દાશ્ત યેગવીમૂ** એનેદ. નો શબ્દાર્થ "જે આફતો મારે વાસ્તે ખાસ રાખેલાં હતાં તેમાંથી."

[૫] **વિતારદન**, "પસાર થવું," "ફેરફાર થવું," "બીગાડો."

[૬] **સર્ખાવો** પહલવી અને ફાર્સી **કાસ્તગ** "**ઓછું થયલું**," "જથ્થામાં ઘટાડો કીધેલો." જુઓ એ બોલ વિષે "**અરદા વીરાફ**", બાબ ૮૦ મો, ફકરો ૬ થો.

[૭] DM. મુજબ **વહાગ ગીરિશ્ન દેશ્રૂનિશ્ન**. અહીંયાં **ગિરિશાન** અને **દેશ્રુનિશ્ન** લગભગ એકજ અર્થ ધરાવનારા શબ્દો છે. સર્ખાવો ફાર્સી **બહા ગીરફતન** "મોટી કીંમતનું ગણવું;" **બહા ગીર** "કીમતી", "મોંઘુ". DP.અને K. માં ફકટ **દેશ્રૂનિશ્ન** શબ્દ આવેલો છે, જે શબ્દને DM. નાં નકલ કરનારે અથવા તેની આગમજના

ગણવી નહીં, અને કોઇબી કારણથી તેને જાળવી રાખવી નહિં, અને તેને હાથમાંથી ઉદારી નાખવી પણ નહી. (૨) અને તેને ઘણી કિમતી ગણવી નહિં તેનું કારણ એ કે જે કંઇ નિરમાણ[1] થયું હોય તેજ આ દુન્યામાં દરેકને મળે છે; અને કોઇબી કારણને ખાતર તેને રાખી મુકવી નહિં જોઈએ, કારણ કે તે ચીજ ફરતી છે અને આપી દેવીજ જોઈએ; અને કોઈએબી તેને હાથમાંથી ઉદારી નાખવી જોઇએ નહિં, કારણ કે આ (ગેતીની) દુન્યાની મારફતે પેલી (મીનોઇ) આલમને પોતાની બનાવવી વાજબી છે. (૩) અને એજ રીતે આ (ચોજેની) બાબદમાં આદમજાતે સાવચેત રહેવું જોઇએ, કારણ કે મોત સિવાય દરેક ચીજનો ઈલાજ છે, અને દ્રવંદી સિવાય દરેક ચીજ ચલાવી લેવાય, અને અશોઇ સિવાય દરેક ચીજને લાયકનો કોઇબી થઇ શકે, અને ગોહર સિવાય દરેક ચીજ તૈયાર કરી શકાય, અને બખ્ત[2] સીવાય દરેક ચીજ ફેરવી શકાય. (૪) અને આદમજાતને માટે દોલત, ડહાપણ, સાચવી રાખનારૂં[3] ગોહર અને સવાબનાં કામોનો જથ્થો એ સારી (ચીજો) છે; કારણકે અહીંયાનો ધીરો ખવાસ ત્યાં ખચીત ઝડપી[4] છે કે જ્યાં ન્યાયાધીષ ઇનસાફી છે, અને આંટ ઉપર કંઇબી ચીજ મેળવી શકાય એમ નથી, અને દરેક જણે આબાદી, પુષ્કલ અશોઇ અને સવાબનાં કામોને વાસ્તે મહેનતું થવું જોઇએ, કારણકે "હ્યાંને" "ત્યાં" ની સાથે (સંબંધ) છે, અને "ત્યાં"ને (હજી વધુ દુરના) "ત્યાં"[5] ની સાથે (સંબંધ છે).–(૫) જે અસલ લખાણ[6] ઉપરથી આ નકલ કીધી છે તે

નકલ કરનારે **ગીરિશન** વાંચ્યો હોય, અને ફારસી શબ્દ **બહા ગીરફતન** ધ્યાણમાં રાખીને **દેખૂનિશ્ન**ની આગમજ **ગીરિશન** બોલ વધાર્યો હોય એમ લાગે છે.

[1] **ફ્રાલા ઝક ઇ ઓહીનીદ ચેગવીમૂનેદ.**

[2] **બગો--બાખ્ત**; સર્ખાવો અવસ્તા **બઘો-બખ્ત** "ખોદાએ બક્ષેલું," "યઝદાંએ મુકરર કીધેલું", "નસીબ."

[3] **પાનગ**, સર્ખાવો ફારસી **પનાહ**, "પાસબાની," અવસ્તા **પા** "બચાવવું." એ ઉપરથી બુરૂં કરવાથી પોતાને અટકાવવાની ખાસ્યત.

[4] એટલે કે જે કોઇ આ દુન્યામાં ડહાપણ ભરેલી રીતે ભલું કામ કરવા માટે ધીમેથી અને ખંતથી જેહમત ઉઠાવે છે, તે બીજી દુન્યામાં બ્હેસ્તની બક્ષેશો જડપથી મેળવે છે.

[5] અવસ્તા **ગરોન્માન** ને અર્થે.

[6] **હમ-પઝીન**; જુઓ "પહલવી પાઝંદ શબ્દ કોષ" પાનું ૧૮૦ મુ. એનો અર્થ "અસલ લખાણ," "આગમજનું થઇ ગયલું લખાણ." સર્ખાવો ફારસી **પચૂહ** અથવા **પચવહ**, "તરજુમો".

આત્રો-પાત મહરસ્પેન્દનાં પુસ્તકોમાનું[1] એક છે, અને જે પઑર્યોત્કએષીઓએ ભરેલી દીની મજલસોમાં રચવામાં [2] આવ્યું હતું.[3]

* * *

B.

[આ વળી જાહેર છે...]

૧ લું. આ વળી જાહેર છે કે બધી નેકી અહુરમઝદની પેદા કીધેલી છે, અને બધી હેરાનગતી અહરમનની છે.

૨ જું. અને આ વળી જાહેર છે કે અહુરમઝદના અને અહુરમઝદની પેદાયશો (ના બાબમાં) એમ છે કે જે બધી નેકી તેઓની છે તે અહુરમઝદે પેદા કરેલી છે, અને જે બધી તેની ભલી પેદાયશોની હલાકી છે તે અહરમન તરફની છે.

૩ જું. અને આ વળી જાહેર છે કે અહરમન અને અહરમનની પેદાયશોમાં જેટલી તેઓની નેકી છે તે અહુરમઝદની પેદા કરેલી છે, અને જે તેઓની હેરાનગતી છે તે તેઓની પોતાની તરફની છે.

---

[1] **નામગ**, "ગ્રંથ", "ચોપડી", "લખાણ."

[2] **મદ યેગવીમૂનેદ.** એ ઉપરથી એવો વિચાર આવે છે કે જે અસલ લખાણમાંથી છઠ્ઠી કેતાબના આ ભાગના બનાવનારે આત્રો-પાત મહરસ્પેન્દના શબ્દો ટાંકેલા છે, તે અસલ લખાણ આત્રો-પાત મહરસ્પેન્દની પોતાની માલેકીની કેતાબ હતી; અને પઆર્યોત્કએષીઓની દીની તકરારોનાં જમાનામાં તે લખાયલી હતી. છઠાં પુસ્તકમાં જે પહલવી ટેકસ્ટ છે તે ઉપલી અસલ કેતાબમાં મારજીન ૨ આત્રો-પાતે લખેલી શરેહ હોય એમ જણાય છે, જે અહીંયા છઠ્ઠી કેતાબના લખનારે ઉતારી લીધેલી લાગે છે.

[3] એ ફકરાનો તરજુમો બીજી રીતે એમ થઇ શકેઃ

"આ નકલ એક એવીજ નકલમાંથી કીધેલી છે કે જે આત્રો–પાત મહરસ્પેન્દને લગતી કેતાબોમાં હતી, અને પઑર્યોત્કએષીઓનાં દીની મતો અને તકરારોને લગતી હતી." આ ઉપરથી જણાય છે તેમ અહીંયા પઑર્યોત્કએષીઓને લાગુ પાડેલી દીની નસિહતો અને શિખામણો પુરી થાય છે, જે છઠ્ઠી કેતાબની શરૂઆતથી આ ફકરા સુધી લંબાય છે. **પઑર્યોત્કએષાન** શબ્દ નો અસલ અર્થ "જરથોસ્તની આગમજના ધર્મ પાલનારા," અથવા "જરથોસ્તી ધર્મના સૌથી પહેલા માનનારાં" થઇ શકે; એટલે કે એનો અર્થ "જરથોસ્તી ધર્મના ફેલાવાની આગમજ જે માન્યતા અસલી જરથોશતીઓની હતી તે માનનારા" એવો થાય. અહીયાં પહેલો અર્થ ચાલી શકે એવો નથી, કારણકે નસિહતો અને શિખામણોની અંદર જરથોસ્તી ધર્મની શિખામણોબી સમાઇ જાય છે, અને બીજો અર્થ વાજબી નથી કારણ કે પઑર્યોત્કએષીઓને લાગુ પાડેલી દીની નસિહતોમાં બખ્ત-આફ્રીદ અને આત્રો-પાતની નસિહતો બી સમાયલી છે. દીનકર્દના ત્રિજાં દફતરના ૧૩૭ માં ફકરામાં જરથોસ્તનાં છોકરા આત્રો-પાતને પઑર્યોત્કએ·ષોમાનો એક કહેલો છે, જે યઝદેઝર્દનાં વખતમાં થઇગ યો હતો. એ ઉપરથી માલમ પડે છે કે છઠાં દફતરનાં લખનારે એ પઑર્યોત્કએષ નામ જરથોસ્તી દીનનાં કોઇબી જમાનાનાં પરહિઝગાર દસ્તુરોને અને દીનની બાબદો ઉપર જાણીતા લખનારાઓને આપેલું છે.

૪ થું. અને આ વળી જાહેર છે કે ફરેદુને અઝીદહાક (જોહાક) ને મારી નાખવાની ખાહેશ કીધી, (પણ) અહુરમઝદે આ પ્રમાણે કહયું કે: "હમણા તેને મારી નાખતો ના, કારણ કે આ પૃથ્વી ખરફસ્તરોથી ભરાઇ જશે".[1]

૫ મું. અને આ વળી જાહેર છે કે જરથોસ્તે અમર્ગીની[2] ખાહેશ કીધી, (પણ) અહુરમઝદે એમ કહયું કે: "જો હું તુંને હમણા અમર્ગ બનાવું તો **ફરશોગર્દ** કરવાનું બની શકે નહીં."

૬ ઠું. અને આ વળી જાહેર છે કે અહુરમઝદે અઝીદહાક (જોહાક) જે મોતને ઘણો લાયક હતો તેના બાબમાં એમ કહયું કે "તેને મારી નાખતો ના," તથા જરથોશ્ત જે આટલો બધો નેક અને પુખ્ત થયલો હતો, તેને તેણે (અહુરમઝદે) અમર્ગ નહિં કીધો તે **ફરશોગર્દ**ના વખતને ખાતરજ હતું.

૭ મું. અને આ વળી જાહેર છે કે સૌથી સરસ ચીજ સચ્ચાઇ છે, અને ખરાબમાં ખરાબ ચીજ જુઠું છે.

૮ મું. અને આ વળી જાહેર છે કે કેટલાક (એવા) છે કે જેઓ સાચ્ચું બોલે છે, અને તેથી દ્રવંદ થાય છે; અને કેટલાક (એવા છે કે) જેઓ જુઠું બોલે છે, અને તેથી અશો થાય છે.[3]

૯ મું. અને આ વળી જાહેર છે કે કેટલાક (એવા) છે કે આતશને બુજાવી નાખે છે, અને ગુનેહગાર (થાય છે); જયારે કેટલાક આતશને બુજાવે છે, (તોબી) તેઓ અશો (રહે છે.)[4]

---

૧ સર્ખાવો, "આવાં **યસ્ત**", ફકરો ૩૪ મો, "ગોષ યસ્ત", ફકરો ૧૪ મો વિગરે; **દીનકર્દ**, પુસ્તક ૮ મું, બાબ ૧૩ મો, ફકરો ૯ મો; પુસ્તક ૯ મું, બાબ ૨૧ મો. નવમાં પુસ્તકનો ફકરો ઉપલી બાબદનાં સંબંધમાં ધ્યાણ આપવા જોગ છે.

૨ સર્ખાવો **ઝન્દ ઇ વોહૂમન યસ્ત**, બાબ ૧ લો, ફકરો ૧ લો; બાબ ૨ જો, ફકરા ૧—૫.

૩ આ ફકરામાં જણાવેલો વિચાર અંતઃકરણને લગતા દાખલાઓનો નિવેડો લાવવામાં જે તકરાર કરવાની દોષાદોષ વિવેકને લગતી રૂઢી વપડાય છે તેવીજ લગભગ છે, જે બારીક પસંદગીના ઓઠાં હેઠળ જાણીજોઇને સચ્ચાઈને દાબી નાંખવાનું તથા પોતાના ઇરાદાથી કોઇપણ કાર્યની નીતિને લગતી કીંમત ઠેરવવાનું વાજબી ધારે છે. દોષાદોષ વિવેકને લગતા મુકરર કરેલાં મતો પ્રમાણે જયારેબી કોઇ મીત્રની ઉપર ઉપકાર કરવામાં, અથવા તો પોતાને પસંદ પડતી એક માન્યતા અથવા ખ્યાલને પકડી રહેવામાં, "મનના અખાડા અથવા બેવડા અર્થથી" સચ્ચાઇને ઉંશડવાનો રસ્તો લેવાનું ડહાપણ ભરેલું હોય, તે અનીતિથી ઉલટું નથી.

૪ એ ફકરાનો તરજુમો બીજી રીતે થઇ શકે: "કોઇ કોઇવાર આતશને બુજાવવાનું ગુનાહ ભરેલું છે, અને કોઇ કોઇ વાર આતશને બુજાવવાનું ધર્મ કાયદા પુર્વક છે." જરથોસ્તી ધર્મે મુકરર કરેલા વિચારો ઉપરથી જોતાં આતશને બુજાવવો કાયદા તરીકે અઝીમ ગુનાહ છે; પણ આ ફરમાન જરૂરયાતના બાબમાં બાજુએ કરી શકાય, એટલે જયારે આતશ

૧૦ મું. અને આ વળી જાહેર છે કે ખુરાંઓને કોઇએ કંઇ આપવું નહિં, તોપણ કેટલાક (એવા) છે કે જેઓ ખુરાંઓને સૌથી સરસ અને સૌથી સ્વાદદાર ખોરાક આપે છે.

૧૧ મું. અને આ વળી જાહેર છે કે જે કોઇ **આસ્નીદેહ ખેરદ** (જાતી અકકલ) થી અને **ગઑષોસૃત ખેરદ** (મેલવેલાં જ્ઞાન) થી પીછાણતાં જાણે છે, તે સવાબનાં કામો કરવાને લગતો અને ગુનાહની **સજાને** લગતો વખત અને હીંગામ બરાબર કયો છે તે **સારી** પેઠે સમજે છે.

૧૨ મું. અને આ વળી જાહેર છે કે જે કોઈ **આસ્નીદેહ ખેરદથી** પીછાણતાં જાણે છે, તે **અવસ્તા** અને **ઝંદમાં** જેબી કંઈ જાહેર છે તે બરાબર **સમજે** છે, અને જે કોઇ **ગઑષોસૃત ખેરદથી** પીછાણતાં જાણે છે તે જે કંઇ જાહેર છે તે બરાબર **સમજે** છે.

૧૩ મું. અને આ વળી જાહેર છે કે જે કોઈ (ઉપલી) બેઉ (જાતની) અક્કલથી ચીજો તપાસતાં જાણે છે, તે જે કંઇ થયલું છે અને જે કંઇ **થશે** તે દરેક ચીજ બરાબર **સમજે** છે.

૧૪ મું, (૧) અને આ વળી જાહેર છે કે નેકી શું છે[2] અને તેથી ઉલટું શું છે, તે જે કોઈ જાણે છે તેના સિવાય[1] કોઈનેબી[2] પોતાના ગુનાહને દુર કરતાં[3] આવડતું નથી. (૨) જેમકે ઉદારતા એક સદગુણ છે, જેનેથી ઉલટો દુર્ગુણ કોઇની મતા છીનવી લેવાની આતુરતા[4] છે. (૩) મગરૂરી (યાને સ્વમાન) એક સદગુણ છે, જેનેથી ઉલટી શેખૈ છે (૪) અમેશાસ્પેંદો અને યઝદોની આરાધના એક સદગુણ છે,[5] જેનેથી ઉલટું દેવપરસ્તી છે. (૫) આતશબેહરામ એક સારૂં મકાન છે, જેનેથી ઉલટું મુર્તિઓનું દેહરૂં છે. (૬) ઇન્સાનજાતની ખુશાલી અને અમેશાસ્પેંદો તથા યઝદોની ખુસ્તુદી કરવી[5] એ એક સદગુણ છે, જેનેથી ઉલટું નાફરમાની યા બેદરકારી સાથની પરસ્તેશ[6] છે. (૭) મીનોઇ

વધારે સર્વોપરી થઇ ગયો હોય છે ત્યારે. સર્ખાવો ઇંગ્રેજી કહેવત "આતશ ભલો સેવા બજાવનાર છે, પણ ભુંડો શેઠ છે." અને દરેક સાચ્ચા જરથોસ્તીને લાજમ છે કે આતશને પહેલા અર્થમાં, અને નહિં કે બીજા અર્થમાં ગણવો.

[1] **બરા મૂન.**

[2] **અયોશ** અથવા **અએવશ**, અહિંયા **અઇશને** બદલે વપડાયલો છે, જેમ **અપ્રશને** બદલે **અઓબશ** આવે છે. એ શબ્દ **અએવગી** પણ વંચાઇ શકે.

[3] સરખાવો ફારસી **ગુનાહ બુરદન**. બીજી રીતે "ગુનાહોથી પોતાને દુર લઇ (દેખૂન) જવું તે."

[4] વાંચો **વંદગ ગરીહ**; અવસ્તા **વીન્દ** અને **કર**.

[5] ફારસી **નવાખતન**, "વખાણવું," "ભેટ કરવું."

[6] કદાચ **વિસશ્નીગીહ**, "મેહેર દ્રુજી," "વિશ્વાસઘાત."

(હસ્તી)માં માનવું[૧] એક સદગુણ છે, જેનેથી ઉલટું બુતપરસ્તી છે. (૮) ઉદયોગ એક સદગુણ છે, જેનેથી ઉલટું અસંતોષ અને જંજાલ[૨] છે. (૯) મધ્યમપણું[૩] એક સદગુણ છે, જેનેથી ઉલટું અતેરૂં છે. (૧૦) કરકસર[૪] એક સદગુણ છે, જેનેથી ઉલટું કંજુસાઇ[૫] છે. (૧૧) ભલી દીનવાળા હોવું[૬] એક સદગુણ છે, જેનેથી ઉલટું બુરી દીનને લગતા હોવાનું છે. (૧૨) દોસ્તી એક સદગુણ છે, જેનેથી ઉલટું એશ્કબાજી[૭] છે. (૧૩) દીલસુઝ થવું એક સદગુણ છે, જેનેથી ઉલટું કજીઆખોર[૮] થવું છે, (૧૪) સારૂં શરમાળપણું[૯] અને સારી ગરીબાઇ[૧૦] સદગુણો છે, જેનેથી ઉલટું સ્વમાનની કોતાઇ[૧૧] છે. (૧૫) અથોરનાનપણું એક સદગુણ છે, જેનેથી ઉલટું આશમોગી છે. (૧૬) ભલી સરદારી એક સદગુણ છે, જેનેથી ઉલટું અંધેર રાજ્ય[૧૨] છે. (૧૭)સંતોષ એક સદગુણ છે, જેનેથી ઉલટું આળસાઇ છે. (૧૮) પ્યાર, અંતઃકરણની દાઝ અને દયા[૧૩] એ સદગુણો છે, જેનેથી ઉલટું ઠાલું રડન છે.[૧૪] (૧૯) ખાલેસ સ્વભાવ[૧૫] અને ખુશ મીજાઝ સદગુણો

---

[૧] **મઇનૂગ વીરૂયિશ્નીહ.**

[૨] સરખાવો ફારસી **બતંગી આમદન** "દુઃખમાં પડવું." એ લોગટ **વદ-વેશ,** "કપટ" વંચાઇ શકે.

[૩] અવસ્તા **બંદ** "બાંધવું," "અટકાવવું;" વળી એ શબ્દનાં અર્થો "સપુર્ણતા," "જાનફેશાની," "ભકિત," વિગરે થાય છે.

[૪] સરખાવો અવસ્તા **વાસ્ત્રીયો-ફ્શુયાંસ,** "ખેતીવાડી;" અવસ્તા **ફ્શુ** "આબાદ કરવું."

[૫] સરખાવો ફારસી **પીનહ,** "કપડાનું ઠીંગરૂ." તે ઉપરથી પહલવી **પીનીહ**નો અર્થ "ઠીંગડાનાં કપડાં પહેડનાર શખ્સની બખીલ ખાસ્યત."

[૬] અથવા "ખાલેસ દીનદારી." K. મુજબ **વેહી-દએનઇહ,** "દીની ભલાઇ કરનારા થવું."

[૭] સરખાવો અવસ્તા **વરેન.**

[૮] સરખાવો ફારસી **સિતુર્ગ** "ક્રોધી," "કજયાખોર."

[૯] **ખુશ રમીહ,** "સારાં ટોળાનો"ખી વંચાય.

[૧૦] સરખાવો પહલવી-ફારસી **શકના,** "ગરીબ."

[૧૧] સરખાવો ફારસી **ઉસ્તુખ્વાન.**

[૧૨] એનો શબ્દાર્થ "ખરાબ સત્તા અથવા પાદશાહી."

[૧૩] **મિત્રો,વ દીલસૂચગ** વ અવખ્શાયિશ્ન. દીલ-**સૂચગ** સાથે સરખાવો ફારસી **દીલ-સૂઝ,** "ભલી લાગણીવાળો." **દીલ-સૅચગ**ની પાછલ આવતો કાપો તેની સાથે જોડાયલો **નહિં** લયે તો એનો અર્થ "દોસ્તી અને દયાલુ મારી" થાય છે.

[૧૪] બરાબર વાંચણ **સીચૂનો-મઇગ;** અવસ્તા **સ્ચિન્દ,** "ફાડી તોડી નાંખવું;" એનો શબ્દાર્થ "બાલ પીખવા;" ફારસી **શીવન ઈ મૂઇ.**

[૧૫] બીજું વાંચણ: **વ શાદ-ખૂઇગીહ વ હૂરમી,** "અને ખુશાલ સ્વભાવનો તથા ભલાં ટોળાનો."

છે, જેનેથી ઉલટું ધીક્કાર સાથની મશ્ખરી[૧] છે. (૨૦) સફાઇ સુઘડાઇ એક સદ્ગુણ છે, જેનેથી ઉલટું શરીરની ચામડી ઉપર છુંદણાના ચીત્રો પાડવાં[૨] તે છે. (૨૧) પોતાની સ્ત્રીની દોસ્તી એક સદ્ગુણ છે, જેનેથી ઉલટું વ્યભિચાર છે. (૨૨) કુદરતી ખુબસુર્તી એક સદ્ગુણ છે, જેનેથી ઉલટું ખોટી રીતે મોહ પમાડવું તે છે.[૪] (૨૩) બોલવાની છત્તા એક સદ્ગુણ છે, જેનેથી ઉલટું દુર્ભાષણ[૫] છે. (૨૪) પોતાનો મદદગાર હાથ લંબાવવો[૬] એક સદ્ગુણ છે. જેનેથી ઉલટું બીજાને ફાયદા વગરનું (આપસવાર્થી) કામ કરવું તે છે. (૨૫) નેક માણસોની પાદશાહી એક સારો કાનુન છે, જેનેથી ઉલટું એકદીલ વગરનાં[૭] લોકોનું રાજ્ય છે. (૨૬) ગુનેહગારોની સજા સારો કાનુન છે, જેનેથી ઉલટું ગેરકાયદે મારવાનું[૮] છે. (૨૭) ઇનસાફ એક ભલો કાનુન છે, જેનેથી ઉલટું હીસાબ (યા ઇનસાફ) વગર મારી નાખવાનું અને બદ્દોની સાથે ખેશી કરવાનું છે. (૨૮) માણસજાતના દુશ્મનોને અને ગુનેહગારોને મારવાનું કામ એક ભલો કાનુન છે, જેનેથી ઉલટું કીનાખોર ખવાસ અને ક્રોધ છે. (૨૯) અમીરી ખવાસ અને ઉંચી મરદાનગી ભરેલી વર્તણુક[૯] સદ્ગુણો છે, જેનેથી ઉલટું જુલમાત છે. (૩૦) માણસોને ખવડાવવું અને તેઓનું પોષણ કરવું એક સારો કાનુન છે, જેનેથી ઉલટું (માણસોને) અમધ્યમપણે ખવડાવવાનું અને તેઓનું અમધ્યમપણે પોષણ કરવાનું છે.

---

[૧] અવસ્તા **અઇવી-સઓસ**, "હસવું," "મશ્ખરી;" ફારસી **અફસુસ**.

[૨] સખાવો **તંચીદન** અથવા **તંજીદન**, "છીંડણા પાડવાં," "રંગીન ચીત્ર ચામડીપર પાડવાં."

[૩] **વીશ્તગીહ**; સર્ખાવો ફારસી **વશ્તી** "ખુબસુરતી." એ બોલ **નીયાઝૂગીહ**, "ગરજ" વંચાય; તે ઉપરથી તરજુમો: "જરૂરતનું માંગવું એક સદ્ગુણ છે, જેનેથી ઉલટું નામોસી છે. DP. અને K. મુજબ **વ અખ્તગીહ** "અને ભાઇબંધી;" તે ઉપરથી તરજુમો: "ભાઇબંધી એક સદ્ગુણ છે, જેનેથી ઉલટું દુન્યાદારીનો ઘણો સ્વાર્થ છે."

[૪] **ખુપ-દીદીહ**, "ચીજો લગાડી બતાવેલી ખુબસુરતી તથા સુંદરતા." **અઉપસ્તીહ**, "નિચે પડવું", "નામોસી" વાંચી શકાય. આ લોગતનું બીજું વાંચણ **ખુપ-ગએતીહ**, જેનો શબ્દાર્થ "આ દુન્યાના સ્વાર્થને ઘણો ચાહનારો."

[૫] **વાચ-ગન્દીહ**, "અસભ્ય યા અનીતિકારક ભાષા;" સર્ખાવો ફારસી ગંદહ "વાસ મારતું." બીજું વાંચણ **વાચ-ગુંગીહ**, "મુગા શખ્સનું બોલવું;" સર્ખાવો ફારસી ગુંગ "મુગો."

[૬] અવસ્તા **ઝસ્ત** અને ગર "પકડવું;" સર્ખાવો ફારસી **દસ્તગીરીહ**, "યારી," "મદદ."

[૭] **અ-હુમ-ખાર**; સર્ખાવો ફારસી **હુમ-ખાર** તથા **હુમ-ખાહ**. DM. મુજબ **અ-હુમાર**, "અપ્રમાણીક," "ગેરઇનસાફી," "કાયદા અથવા ગણત્રીં વગરનું."

[૮] **અવારૂન-ઝદારીહ**, એટલે "અહેવાની માર અથવા શિક્ષા."

[૯] સર્ખાવો ફારસી **મેહ-મર્દ** "મોટો માણસ," "કુટુંબનો વડો."

૧૫ મું, (૧) અને આ તેમજ બીજું[1] **પઑયોર્તકૅષીઓનું** કહેવું અને કરવું છે, જે તમારે ભલા ઇરાદાથી[2] તેઓની માફક[3] અમલમાં મુકવું, તેનો ઉપ્યોગ કરવો, અને (તેજ પ્રમાણે તમારે પોતે) ચાલવું:- એક તો આ છે કે દુન્યામાંથી ગુનાહોને દૂર કરવા; અને બીજું તો આ કે નેકી તેઓની સાથે નિકળી જાય નહિં[4]. (૨) સબબ કે એ પ્રમાણે જાહેર છે કે દુન્યામાંથી કોઇની મતા છીનવી લેવાનાં કામને દુર કરવું, પણ એવી રીતે તેને દુર કરવું કે ઉદારતા ઓછી થઇ જાય નહિં.

૧૬ મું. અને આ વળી જાહેર છે કે શોખૈ દુન્યામાંથી દુર કરવી જોઇએ, પણ એવી રીતે તે દુર કરવી જોઇએ કે સ્વમાન ઓછું થાય નહિં.

૧૭ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી દેવપરસ્તીને બહાર કાઢવી જોઇએ, પણ એવી રીતે તે બહાર કાઢવી જોઇએ કે અમેશાસ્પંદો અને યઝદોની આરાધના ઓછી થાય નહિં.

૧૮ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી મુર્તિનાં દેહરાંઓને ઉખેડી નાંખવાં જોઇએ, પણ એવી રીતે તે ઉખેડી નાંખવાં જોઇએ કે આતશબેહરામની તરફનું માન ઓછું થાય નહિં.

૧૯ મું. અને આ વળી જાહેર છે કે નાફર્માન પરસ્તેશ દુન્યામાંથી દુર કરવી જોઇએ, પણ તે એવી રીતે દુર કરવી જોઇએ કે અશો લોકોની ખુશાલી અને સંતોષ તેથી ઓછાં થાય નહિં.

૨૦ મું. અને આ વળી જાહેર છે કે બુતપરસ્તીને દુન્યામાંથી બહાર કાઢવી જોઈએ, પણ એવી રીતે તે કાઢવી જોઈએ કે મીનોઇ હસ્તી બાબેનો એતેકાદ ઓછો થાય નહિં.

૨૧ મું. એને આ વળી જાહેર છે કે દુન્યામાંથી અસંતોષ અને જંજાલને દુર કરવાં જોઇએ, પણ એવી રીતે તે દુર કરવાં જોઈએ કે ઉદ્યોગ ઓછો થાય નહિં.

૨૨ મું. અને આ પણ જાહેર છે કે દુન્યામાંથી અતેરૂં દુર કરવું જોઇએ, પણ તે એવી રીતે દુર કરવું જોઇએ કે મધ્યમપણાની કીમત ઓછી થાય નહિં.

૨૩ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી બખીલાઈને દુર કરવી જોઇએ, પણ તે એવી રીતે દુર કરવી જોઇએ કે કરકસર ઓછી થાય નહિં.

૨૪ મું. અને આ વળી જાહેર છે કે બુરી દીન સાથનો સંબંધ તજી દેવો જોઇએ, પણ તે એવી રીતે તજવો જોઇએ કે ભલી દીનનો સંબંધ ઓછો થાય નહિં.

---

[1] અને બીજું જે નિચે જણાવ્યું છે તે.

[2] કદાચ **હુંગામીંગ** અથવા **અવ-ગામીગ** "કોઇ ચોકસ વખતે;" સર્ખાવો અવસ્તા **અઇવિ-ગામ**. બીજુ વાંચણ: **હૂદામીગ** "ભલી પેદાયશ તરીકે."

[3] **ચીગૂન ઑલા-શાન આઇનીન.**

[4] એનો શબ્દાર્થ: "અને બીજું એ છે કે તે ગુનાહોની સાથે ભલાઇ જતી રહેતી યા ગુમ થતી નથી."

૨૫ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી એશ્કબાજીને દુર કરવી જોઇએ, પણ એવી રીતે તે દુર કરવી જોઇએ કે દોસ્તી ઓછી થાય નહિં.

૨૬ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી કજયાને હાંકી કાંઢવો જોઇએ, પણ એવી રીતે તે હાંકી કાઢવો જોઈએ કે દીલની દાઝ ઓછી થાય નહિં.

૨૭ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી ધાસ્તી અને બીકને દુર કરવી જોઇએ, પણ એવી રીતે તે દુર કરવી જોઇએ કે ભલી ગરીબાઇ અને ભલું શરમાળપણું ઓછાં થાય નહિં.

૨૮ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી આશમોગી દુર કરવી જોઇએ, પણ એવી રીતે તે દુર કરવી જોઈએ કે હેરબદો ઓછા થાય નહિં.

૨૯ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી બદ પાદશાહીને નાબુદ કરવી જોઇએ, પણ એવી રીતે તે નાબુદ કરવી જોઈએ કે સરદારીની કીંમત ઓછી થાય નહિં.

૩૦ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી આળસાઇને બહાર કાઢવી જોઇએ, પણ એવી રીતે તે બહાર કાઢવી જોઇએ કે સંતોષ ઓછો થાય નહિં.

૩૧ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી બાલ પીખીને (મુવાં પાછલ) રદન કરવાનો રેવાજ કાઢી નાખવો જોઈએ, પણ તે એવી રીતે કાઢી નાખવો જોઇએ કે માણસજાત તરફનો પ્યાર અને દીલસોઝ દયા ઓછાં થાય નહીં.

૩૨ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી ધીકકાર ભરેલી રીતે હસી કાઢવાનું દુર કરવું જોઇએ, પણ એવી રીતે તે દુર કરવું જોઇએ કે ખુશ મીજાઝ અને ખુશી ખુશાલી ઓછાં થાય નહિં.

૩૩ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી શરીર ઉપર ચીત્રો પાડવાની રીતને કાઢી નાખવી જોઇએ, પણ એવી રીતે તે કાઢી નાખવી જોઇએ કે તનની સફાઈ સુઘડાઇ ઓછી થાય નહિં.

૩૪ મુ. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી છીનાળું દુર કરવું જોઇએ, પણ એવી રીતે તે દુર કરવું જોઇએ કે પોતાની સ્ત્રી સાથની મોહબત ઓછી થાય નહિં.

૩૫ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી ગરૂરી દુર કરવી જોઇએ, પણ તે એવી રીતે દુર કરવી જોઇએ કે માન ભરેલા વિચારો ઓછા થાય નહિં.

૩૬ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાથી ઠગારી ખુબસુરતીને દુર કરવી જોઇએ, પણ એવી રીતે તે દુર કરવી જોઇએ કે કુદરતી ખુબસુરતી ઓછી થાય નહિં.

૩૭ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી ગાલગલોચ દુર કરવી જોઇએ, પણ એવી રીતે તે દુર કરવી જાઇએ કે વાકચાતુરી તથા સાચ્ચું બોલવુ ઓછું થાય નહિં.

૩૮ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી બીજાઓને માટે જે ફાયદા વગરની મેહનત છે તે દુર કરવી જોઇએ, પણ એવી રીતે તે દુર કરવી જોઈએ કે બીજાંઓને મદદ કરવાનું ઓછું થાય નહિં.

૩૯ મું અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી નિયમ વગરની પાદશાહી દુર કરવી જોઇએ, પણ એવી રીતે તે દુર કરવી જોઇએ કે ભલાઓની પાદશાહી ઓછી થાય નહિં.

૪૦ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી ગેરકાયદેસર મારવાનું કાઢી નાખવું જોઇએ, પણ એવી રીતે તે કાઢી નાખવું જોઇએ કે ગુનેહગાર પાપીઓની શિક્ષા ઓછી થાય નહિં.

૪૧ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી ઢંગધડા વગરની યા ગેરવાજબી કટલ, તથા પાપીઓ સાથની સગાઇ દુર કરવાં જોઇએ, પણ એવી રીતે તે દુર કરવાં જોઇએ કે ઇન્સાફ્નો અમલ ઉતરી પડે નહિં.

૪૨ મું. અને આ વળી જાહેર છે કે (દુન્યામાંથી) ગરીબ લોકોની મુશ્કેલી અને તેઓ ઉપરનો બોજો કાઢી નાખવાં જોઇએ, પણ એવી રીતે તે કાઢી નાખવાં જોઈએ કે અમીરો અને પાદશાહોની કીંમત ઓછી થાય નહિં.

૪૩ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી (કોઇ ધંધો શિખવતી વખતે) ચાલુ[1] શિક્ષા કરવાનું કાઢી નાખવું જોઇએ, પણ એવી રીતે તે કાઢી નાખવું જોઇએ કે ધંધાને માટેનું જ્ઞાન આપવાનું તેમજ ધંધો હલકાં પડે નહિં.

૪૪ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી કીનેકશી ઉખેડી નાખવી જોઇએ. પણ એવી રીતે તે ઉખેડી નાખવી જોઇએ કે દુશમનને અને બદ લોકોને મારવું ઓછું થાય નહિં.

૪૫ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી જુલ્મમાત દુર કરવો જોઇએ, પણ એવી રીતે તે દુર કરવો જોઇએ કે અમીરી અને બુલંદ મરદાનગી હલકાં પડે નહિં.

૪૬ મું. અને આ વળી જાહેર છે કે દુન્યામાંથી અમધ્યમસરનો ખોરાક આપવાનું અને અમધ્યમ સરનું પોષણ કરવાનું કાઢી નાખવું જોઇએ, પણ એવી રીતે તે કાઢી નાખવું જોઇએ કે માણસજાતનો ખોરાક અને પોષણ ઓછાં થાય નહિં.

૪૭ મું. આ વળી જાહેર છે કે જે પ્રમાણે એક માણસ પગનાં ઢાંકણ (બુત[2]) વગરનો હોય, અને આ તમામ દુન્યા સાંપ, વિંચ્છુ[3] અને ખરફ્સ્તરો તથા અણીદાર કાંતાઓથી[4] ભરપુર હોય, અને તે માણસ (આવી કલ્પણાથી) ઘણોજ બીહે કે "ખરફ્સ્તરો મને ડંખ મારશે અને કાંતા મારા પગમાં ભોકાશે," તેજ પ્રમાણે કોઇ બીજાં નહિં તો આ કારણને લીધે આ દુન્યાની (જીંદગી) ના અરસામાં બધાં રવાનોએ પોતાનાં તનનાં પોષણને વાસ્તે સંભાળથી ચાલવું જોઈએ.

---

[1] સર્ખાવો અવસ્તા **પાધ** અને **દાર**; સર્ખાવો ફારસી **પાયદાર**, "સદાનું," "હમેશનું."

[2] સર્ખાવો અવસ્તા **ફ્રષંગહ** (મુળ **પસ** "બાંધવું"); ફારસી **કફ્શ.**

[3] **સર્ખાવો અવસ્તા વઝગ.**

[4] **ખાર**; એનો અર્થ વળી "સખ્ત અણીવાળા પથરા" પણ થઈ શકે.

૪૮ મું. આ વળી જાહેર છે કે બદગોઇ કરનારાઓ આગળ તથા સ્ત્રીઓની આગળ ભરમ ખોલવા નહિં, કારણ કે જે કોઇ બદગોઇ કરનારા તથા સ્ત્રીઓ આગળ છુપીવાત કરે છે તે (પોતાનાં) ભરમોને ઉંઘાડા પાડે છે, અને પાછળથી તે અફસોસ કરે છે[૧].

૪૯ મું. આ વળી જાહેર છે કે કોઇએબી બેઅકલી[૨], આપસ્વાર્થી[૩], અને એસ્કબાજ માણસો સાથે કામ પાડવું નહિં યા સોબત કરવી[૪] નહિં, કારણ કે જે કોઇ બેઅકલી, આપસ્વાર્થી, અને એશ્કબાજ માણસો સાથે કામ પાડે છે, અને તેઓની સોબતીમાં ફરે છે, તે હમેશાં નામોસી[૫] તથા લાચારી[૬] ભોગવે છે.

૫૦ મું. આ વળી જાહેર છે કે જાલેમ[૭] મર્દ સાથે કોઇએ લડવું જોઈએ નહિં, કારણ કે જે કોઇ જાલેમ સાથે લડે છે તે માર ખાય છે, અને તેનો નતિજો પામે છે.

૫૧ મું. અને આ વળી જાહેર છે કે ધીકકારભરેલી લાગણીથી મશ્ખરી કરનાર માણસને[૮] કોઇએ મીત્ર[૯] કરવો નહિં, યા તો (તેની સાથે) એકદીલ[૧૦] થવું નહિં; કારણ કે જે કોઇ ધીકકારભરેલી મશ્ખરી કરનારને એક મીત્ર બનાવે છે, અથવા (તેની તરફ) એક મનથી રહે છે, તે ખચીત નામોસીમાં આવી પડે છે.

૫૨ મું. અને આ વળી જાહેર છે કે એક ખારીલા દેખાવના[૧૧] માણસ પાસેથી કોઈએ કંઈ માંગવું નહિં, કારણ કે જે ખારીલા દેખાવના માણસ પાસેથી કંઇ ચીજ માગે છે તેબી પોતાને ખારીલો બનાવે છે, અને પછી પસ્તાવામાં પડે છે.

---

[૧] અવસ્તા **પસ** "પછી," અને **મન** "વિચાર કરવો"; તે ઉપરથી "પાછળનો વિચાર," "પશ્ચાતાપ." જુઓ "આદરબાદનું પંદનામુ," ફકરો ૧૪ મો: **રાઝ ઑલ નીશાઆન અલ દેશ્નૂન**, "ઓરતોને છુપી વાત કહેતો ના.",

[૨] **હરેદ**; સર્ખાવો અવસ્તા **હરેધિ**, "જુલમ", "દૂશ્મનાઇ"; ફારસી **હલહ**. એ શબ્દનો અર્થ "જુલ્મી" અથવા "વેરી"બી થાય છે.

[૩] અવસ્તા **ઝૂષ**, "ચાહવુ".

[૪] **હમ-નાઝગી**, સર્ખાવો ફારસી **નાઝીદન**. **હમ-વાચીગ** બી વંચાય, એટલે "સાથે બોલનાર" અથવા "હમ-વાઝ કરનાર".

[૫] સર્ખાવો ફારસી **સખુફી**, "ક્રોધ"; અથવા **સખુક શુદન** "ધીક્કારવું".

[૬] **અ-વહાન-દીદગીહ**; સર્ખાવો પહલવી **વહાન**, ફારસી **બહાનહ** "બહાનું" "સબબ". એનો શબ્દાર્થ "આગળ ધરવાનું કંઇ બહાનું નહિં હોવાની (લાચારી)".

[૭] અવસ્તા **સાસ્તાર**.

[૮] **અફસૂસગર ગબ્રા**.

[૯] અથવા "દૂઃખી વખતનો મીત્ર." **સિજગ**, અવસ્તા **ઇથ્યેજંગહ**, "નાશ."

[૧૦] **હમ-અઉર્વન**, એટલે **હમરૂબાન**; એ લોગટ **હમ-ખુરાન**ને બદલે **હમખુરૂન** આવેલો વંચાય, એટલે "એક સુફરેનો સાથી."

[૧૧] **વદ-ચીહર**, એનો શબ્દાર્થ "બેડોળ ચેહરાનો" એ શબ્દ **વદ-ચશ્મ** "નજરનો ખરાબ" ની માફકજ અહીયાં વપડાયલો છે.

૫૩ મું. આ વળી જાહેર છે કે પોતાની બાયડી તથા બુઝોર્ગ સગાંઓ[1] ને સુખી રાખવાં જોઈએ, અને તેઓને આસાની[2] વગરનાં રહેવા દેવાં નહિં; કારણ કે જે કોઇ પોતાની બાયડીને અને ઉમરે પુગેલાં સગાંઓને સુખી રાખતો નથી, અને તેઓને કંગાળ રાખે છે, તે ખચીત પોતે દુઃખી થાય છે, અને તેને ખોરાક લેતાં લેહજત લાગતી નથી.

* * *

C.

[આ વળી એમ……]

૧ લું. આ વળી એમ છે કે ગુનાહનાં કામો કરીને દોલત મેળવવી નહિં, અને તે (દોલત) પોતાનાં ઘરમાં મુકવી નહી; કારણ કે જે કોઇએ ગુનાહનાં કામોથી દોલત મેળવેલી હોય છે, અને તે મેળવીને પોતાનાં ઘરમા મુકેલી હોય છે, અને પોતાનાં ઘરમાં તે લઇ ગયલો હોય છે, તે દોલત લુંટાઇ જશે (યાને તેનો નાશ થશે).

૨ જું. આ વળી એમ છે કે દરેક શખ્સ જેટલું પોતે જાણતો હોય તેટલુંજ તેણે બોલવું, કારણ કે જે કોઇ પોતે જાણતો હોય તેના કરતાં વધારે બોલે છે તો લોકો તે જે કંઇ જાણતો હોય તે ઉપર થોડોજ ભરૂસો રાખે છે.

૩ જું. આ વળી એમ છે કે જેણે શરાબ પીધો હોય તેણે કંઇબી (ધર્મ) મત આપવામાં યા તકરારમાં ઉતરવું નહિં, કારણ કે ખચીત[4] જે કોઇ શરાબ પીને (ધર્મ) મત આપવામાં યા તકરારમાં ઉતરે છે તે ઉશ્કેરાઇ[5] જાય છે.

૪ થું. આ વળી એમ છે કે ઇનસાનને ધીક્કારનારની સંગતમાં કોઇએ રહેવું નહિં, અને તેના સખુનો ખરા તરીકે બહાલ રાખવા નહિં, કારણકે તેથી ખચીત માણસો તેનાં પોતાનામાં જે હુશીયારી હોતી નથી તે બાબે શકમંદ થાય છે; અને જે કોઇ ઇનસાનને ધીક્કારનારની સંગતમાં પોતાને રાખે છે અને તેના સખુનો માને છે, તેની કીર્તી ઓછી થાય છે.

---

[1] **રસીદ**, "જવાનો," અથવા "ઉમરે પુગેલા શખ્સો;" સર્ખાવો ફારસી બોળ **રસીદ**; એ બોળ **રસીગ** "ગુલામો" અથવા "નોકરો"બી વંચાય.

[2] સર્ખાવો **ગોશ્ત-ઇ-ફ્રયાન**નો બાબ ૩ જો, ફકરો ૮૮ મો, જયાં **ફ્રાખ્ત** બોલ આવેલો છે.

[3] **ખૂરિશ્ન મઝગ કમ ખવીતુનેદ.**

[4] અવસ્તા **બાઇધિશ્ત**.

[5] **અએશ્મ-વીન્દ**, એનો શબ્દાર્થ "ગુસ્સાથી વશ થયલો;" અથવા "જેની ઉપર ગુસ્સો ગાલેબ થયલો."

૫ મું. આ વળી એમ છે કે કોઇએ પોતાની નેકી તથા હુશીયારી જે હોય તેના કરતાં પોતાને વિષે વધારે વિચાર રાખવો નહિ; કારણકે ખચીત પોતાની નેકી અને હુશીયારી હોય તેના કરતાં વધુ પોતાને માટે જે કોઇ વિચાર બાંધે છે તે પોતે મુશ્કેલીમાં આવી પડે છે, અને ભલાંઓ સાથે કંકાસ કરે છે.

૬ ઠું. આ વળી એમ છે કે દરેક જણે ભલાંઓની ભલાઇ અખત્યાર કરવી, અને તેથી ખુશી રહેવું, કારણકે ખચીત જે કોઇ ભલાંઓની ભલાઇ અખત્યાર કરતો નથી, અને તેમ કરીને સંતોષી રહેતો નથી, તે તેમ કરવાથી (પોતાનાં) કપટીપણાં બાબે તથા ભલાંઓ સાથની (પોતાની) દુશ્મનાઇ બાબે શકમંદ થાય છે.

૭ મું. આ વળી એમ છે કે કોઇએબી પાદશાહીથી અને સત્તાથી હરખાઇ જવું નહિં, કારણકે ખચીત જે કોઈ પાદશાહીથી અને સત્તાથી હરખમાં આવી જાય છે તેની ભલાઇ બીલકુલ જતી રહે છે, અથવા દુર[૧] થઇ જાય છે, અને તેથી તેની ઉપર (કોઇવાર) પુષ્કળ જફા અને આફત આવી પડે છે.

૮ મું. આ વળી એમ[૨] છે કે કોઇએબી અમીર અને પાદશાહની હજુરમાં નાફરમાન અને તુન્દ મીજાઝી થવું નહિં, કારણકે જે કોઇ અમીર અને પાદશાહની હજુરમાં નાફરમાન અને ગરૂર થાય છે તે ખચીત ધાએલ[૩] થાય છે અને સજા પામે છે.

૯ મું. આ વળી એમ છે કે કોઇએ એધી[૪], દારૂપીને મસ્ત[૫], કીનાખોર[૬] અને દગાખોર[૭] થવું નહિં, કારણકે જે કોઇ (એવી હાલતે) પોંહોચેલું હોય છે તે તેથી લાચાર[૮] બને છે, અને જે શખ્સ એધી, મસ્ત, કીનાખોર, અને દગાખોર હોય છે, તે નવીનવી મુશ્કેલીઓમાં[૯] વધુ અને વધુ પડતો જાય છે.

---

[૧] સર્ખાવો ફારસી **બર ગર્દીદન**, "ફરી જવું," "પાછા જવું."

[૨] K. મુજબ **પએદાગ** "દેખઇતુ", "જાહેર". આ નકલ કરનારા **તરફ**નો વધારો હોય એમ લગે છે.

[૩] સર્ખાવો ફારસી **પઝદ** "લોહી," "જુસ્સો." વળી એનો અર્થ "પીડા," "દુખ"બી થાય.

[૪] વાંચો **રસ-પત**ગીહ; ફારસી **રસ** "એધી" અને અવસ્તા મુલ **પત** **"પડવુ"**. સર્ખાવો પહલવી **હૂ-પતગીહ**.

[૫] સર્ખાવો ફારસી **ખૂરસ્ત**, "છાકટો" બીજું વાંચણ **નાવરદીચ**, ફારસી **નવર્દ** લડાઈ," એ ઉપરથી "લડવાને આધીન".

[૬] **વદ**–ઝહરગ, સખાવો ફારસી **બદ ઝહરહ** "કપટી."

[૭] **નએોગારતગ**, સર્ખાવો ફારસી **નુગાલ** "ઠગાઇ."

[૮] **ચારગી(હ) કમ ખવીતુનેદ**, એનો શબ્દાર્થ "સહેજ પણ ઉપાય જાણતો નથી. '

[૯] **નોક નોક** શિગફ્તીહ.

૧૦ મું. આ વળી એમ છે કે કોઇએબી પોતા ઉપર જે કંઇ આવી પડ્યું હોય તેને માટે આઝુરદેહ અને ઉદાસી[1] રહેવું નહિં, કારણકે જે કોઇ પોતાને કંઇ નહિં મળ્યું હોય તેને માટે આઝુરદેહ અને દલગીર થાય છે, તે જંજાલ અને શકમંદી[2]માં જીંદગી ગુજારે છે.

૧૧ મું. આ વળી એમ છે કે કોઇએ (પોતાનાં) નસીબ[3] વિષે ઘણો ઉંચ્ચો વિચાર રાખવો નહિં, કારણકે લોકો તેને વાસ્તે બેતુંમ્ભા થઇ જાય છે; અને જયારે આવો શખ્સ પોતે જાતે જયારે બીજા સાથે સંબંધમાં આવે છે–એટલે જે કોઇ પોતાનાં નસીબ વિષે ઉંચ્ચો ખ્યાલ રાખે છે તે–તેને (પેલા બીજાથી) મદદ મળતી નથી.

૧૨ મું. આ વળી એમ છે કે કોઇએ પોતાની ખાસ્યત છુપાવવી નહિં, કારણકે લોકો તેથી તેની સેજબી દરકાર કરતા નથી; અને જે કોઈ પોતાની ખાસ્યતને છુપાવે છે તે પોતાની અંદર જે ખામી રહેલી હોય છે તેને સુધારવાને શકિતવાન થતો નથી.

૧૩ મું. આ વળી એમ છે કે કોઈએ (મનશ્ની વગરની) બંદગી ચાલુ બબડયા કરવી[4] નહિં, કારણકે શહેરનાં લોકો તેને ઠગારો સમજશે, અને જે કોઈ બંદગી એમ ચાલુ બબડયા કરે છે તેના મીત્રો થોડાજ થશે.

૧૪ મું. આ વળી એમ છે કે કોઈએ ગરમ મીજાઝ તથા કપટ રાખવું નહિં, કારણકે લોકો શહેરમાં તેને ક્રોધવાન તરીકે ગણે છે; અને જે કોઇ ગરમ મીજાઝ તથા કપટીપણું ધારણ કરે છે તે પોતે ખચીત એકલોઅટુલો થઇ જાય છે.

૧૫ મું આ વળી એમ છે કે કોઇએ કવખતે અને અમધ્યમસરનો ખોરાક ખાવો નહિં, કારણકે જે કોઇ કવખતે અને અમધ્યમસરનો ખોરાક ખાય છે તે ખોરાકનો સ્વાદ પીછાણી શકતો નથી, અને પોતે બીમાર પડે છે.

૧૬ મું. આ વળી એમ છે કે કોઈએ ઘણીજ સખત મહેનત કરવી નહિં, કારણકે જે કોઇ સખત વૈતરૂં કરે છે તે ખચીત ઘણી બીમારી ભોગવે છે.

૧૭ મું. આ વળી એમ છે કે દરેકે પોતાનાં બખ્તથી[5] સંતોષ પામવું જોઇએ, કારણકે જે પોતાનાં બખ્તથી સંતોષ પામતો નથી તે ખચીત સંતોષ વગરની અને વળી સંતાપ ભરેલી જીંદગી ગુજારે છે.

૧૮ મું. આ વળી એમ છે કે એક બુરી અકકલવાળા તથા આપસ્વાર્થ સાંધનારા શખ્સની આગળ જે કંઇબી (આપણી) મોજુદ[6] ખામી હોય તે વિષે બોલવું નહિં,

---

[1] સખાર્વો અવસ્તા **ઝરેનુમન્ત.**

[2] **ગૂમાનીહ,** એ બોળ વદ **ગૂમાનીહ** ને અર્થે આવેલો છે.

[3] **વખ્ત,** અહીંઆં બખ્તને અર્થે.

[4] સખાર્વો ફાર્સી **દંહિશ.**

[5] એનો શબ્દાર્થ "(તેને)જે કંઇ ખુદાએ આપેલું છે તેથી."

[6] **આહૂગ ઝયશ હુઇત.**

(કારણકે) જે કોઇ બુરી અકકલવાળા અને આપસ્વાર્થ સાંધનારા માણુસ આગળ પોતાની ખાનગી ખામી વિષે બોલે છે તે કંઇ તે ખામી સુધારશે નહિં, પણ દુશ્મનાઈ ઉશ્કેરવાનું[1] કારણ આપશે.

૧૯ મું. આ વળી એમ છે કે નગુણા તથા બદ શખ્સોને ભેટ આપવી નહિં જોઈએ, કારણકે જેઓ નગુણા તથા પાપી શખ્સોને ભેટ આપે છે તેઓના બાબમાં તેઓની (પોતાની) દોલતનું નખોદ (વળે છે), અને તેથી તેઓનાં રવાનને દુઃખ[2] થાય છે.

૨૦ મું. આ વળી એમ છે કે જે કોઇ નીતિની બાબદમાં નિચે ઉતરી પડયો હોય[3] તેને મારવો યા તેના હાથ પગ કાપી નાખવા જોઇએ[4] નહિં, કારણકે જે કોઈ વધુ અને વધુ નીતિમાં જેમ જેમ નીચે ઉતરતો જાય છે તેમ તેમ ખચ્ચીત તે, નીતિની બાબદમાં નીચે ઉતરી પડેલા માર ખાનાર તથા લુલો લંગડો થયેલા માણસના કરતાં, વધુ લાચાર[5] બનતો જાય છે.[6]

૨૧ મું. આ વળી એમ છે કે કોઇએ સત્તા વધારવા તથા દોલતને માટે બેહદ આરજુમંદ થવું જોઇએ નહિં, કારણકે જે કોઇ સત્તા તથા દોલતને માટે બેહદ લોભી થાય છે તે જે કંઇ ભલાઈ તેનામાં આવી હોય તેનો સ્વાદ પીછાણી શકતો નથી, અને પોતે અસંતોષ તથા બેચેનીમાં રહે છે.

૨૨ મું. આ વળી એમ છે કે જો કોઇ ડાહયો[7] થવા માગે તો તેણે બદકારો સાથે હમશરીક અને મીત્ર[8] થવું જોઇતું નથી, કારણકે જયારે તે (શખ્સો) કંઇ બદફેલ કરે છે ત્યારે જે કોઇ (તે બદ માણસોનો સાથી હોય છે) તેને પણ ખરાબ લગાડવામાં[9]

---

[1] **દૂશ્મન અંગીઝીનેદ.**

[2] વાંચો **દિર-ગીહ**, "દલગીરી," "દુઃખ;" પોતાની બદ ખાહેશો તૃપ્ત કરવાને માટે તેઓને સાંધણો પુરાં પાડવાં સારૂં હસ્તલેખો મુજબ **દ્રવંદીહ**, એ ઉપરથી "બદ લોકોને મદદ કીધાથી (તેના રવાનને બદી પોંહોંચે છે)."

[3] **અઉરૂસ્પીહ**, સર્ખાંવો ફાર્સી **રૂસ્પીહ**.

[4] **ખૂનીનીદન**, "જખમ કરવો" "કટકા બુકલા કરવા." બીજું વાંચણ **અનવીનિશ્ન** "અખારા કરવા."

[5] **અઇચયારાન કમ વંદેદ**, એનો **શબ્દાર્થ** "જુજ દોસ્તો યા મદદગારો મેળવે છે."

[6] એટલે કે, આવા દાખલાઓમાં કુદરત તેને વધારે સુધારવા માટે શિક્ષા કરે છે.

[7] **વીચીરેદ**, સર્ખાવો અવસ્તા **વીચિર** "પીછાણનાર;" અથવા **વિજીરેદ**, "જો કોઇ મદદ કરી શકે તો."

[8] **હમ-પરિશ્ન**, સર્ખાવો ફાર્સી **હમ-બર**; કદાચ **હમ-બિશ્ન** હોય

[9] **દૂસ્રબેન્દ.**

આવે છે; અને જયારે તે શખ્સ જે બદ શખ્સોનો સાથી અને સોબતી હોય છે તે ઉપર કંઈ આફ્તો[૧] આવી પુગે છે ત્યારે પેલા બદકારોબી તેના મદદગાર થતા નથી.

૨૩ મું. આ વળી એમ છે કે કોઇએ પોતાની કંગાલ્યત[૨], ગરીબાઈ તથા કમહુસ્યારી[3] નાં ખ્યાલ ઉપરથી બીજાંઓ વિષે ઓછું ધારવું નહિં, અને તેઓની સારી હાલત[૪] તેઓને માટે જેવી હોય તેના કરતાં ઓછી જોવી નહિં; કારણ કે લોકો હમેશાં તેથી તેનાં કપટીપણા[૫] તથા આપમતલબીપણા વિષે વહેમ રાખે છે; અને (વળી) જે કોઈ પોતાની કંગાળીયત, ગરીબાઇ તથા કમહુશીયારીને લીધે બીજાંઓ વિષે ઓછું ધારે છે, અને તેઓની ભલી હાલતને જેવી તેઓની હોય તેનાં કરતાં ઉતરતી જોએછે, તે ખુદ પોતાની કસુરો થોડીજ જોએછે.

૨૪ મું. આ વળી એમ છે કે કોઇએ પોતાની દોલત તથા સત્તાથી મળતી ખુશાલીને ખાતર બીજાઓની સારી હાલત જેવી તેઓને માટે હોય તેના કરતાં વધારે જોવી નહીં, કારણ કે જે કોઇ પોતાની દોલત તથા સત્તાને આધારે મળતી ખુશાલી ઉપરથી બીજાઓની સારી હાલત જેવી તે તેઓને માટે હોય તેના કરતાં વધારે જોએ છે તે (શખ્સ) નું છાલકાપણું, લોભ અને ટુંકી નજર[૬] વિષે લોકો ખચ્ચીત વેહમ રાખે છે.[૭]

૨૫ મું. આ વળી એમ છે કે કોઈએબી ખરાબ હીસાબી અને ખરાબ ગણત્રિબાજ[૮] થવું નહિં, કારણ કે (જો થશે તો) તેની પાસેથી કોઇબી શખ્સ ઘણી ધાસ્તીરાખી કંઇ ચીજ માગશે તથા કબુલ કરશે;[૯] અને તે પોતે જે ખરાબ હીસાબી અને ખરાબ ગણત્રીબાજ છે તે તેથી જુજ ફાયદો મેળવશે.

---

૧ **વિઝન્દ**, સર્ખાવો ફારસી ગઝન્દ.

૨ **નિઝગીદીહ**, પછીના ફકરામાં આવેલા **ખૂરનૂદીહ** બોળથી ઉલટો. સર્ખાવો અવસ્તા **નએઝ** અને ગધ, ફારસી **નઝગદહ** ''સખ્ત બીમારી.''

૩ એનો શબ્દાર્થ ''હુશીયારીની બક્ષેશ વગરનો.''

૪ **વેહીહ**, જુઓ નિચે **શપીરીહ**.

૫ **કીનવરીહ** "કીનાખોરપણું."

૬ **કુતગ નિગીરિશ્નીહ.**

૭ એક ગરીબ દુ:ખી શખ્સ ચીજો હોય તેના કરતાં તેઓને વધારે કાળા આકારમાં ચીતારે છે; અને એક પૈસાદાર સુખી શખ્સ ચીજોને હોય તેના કરતાં વધારે ઝળકતી જોય છે. બેઉ જણા ખોટા છે, અને આવી નબળાઇને તાબે નહિં થવાની અહીંયાં શિખામણ આપેલી છે.

૮ **વદ હંગાર.**

૯ કારણ કે તેના ખોટા હીસાબનો ભોગ થવાની તે પોતે ધારતીમાં હોય છે.

૨૬ મું. આ વળી એમ છે કે કોઇએબો (અવસ્તાની) શરેહ તથા (દીની) અમલ અને કાયદાઓ બાબે **પઑર્યોતકએષ** લોકો જેમ અમલ કરતા હતા, શિખવતા હતા, અને સંપુર્ણ હાલતમાં લાવતા[1] હતા તેમનાથી જુદી રીતે બોલવું, અમલ કરવો, યા વર્ત્તવું નહિં, કારણ કે જે કોઈ **પઑર્યોતકએષ** લોકોનું બોલવું. કરવું તથા શિખવવું, અને કંઇબી સંપુર્ણ કરવું, એથી જુદી રીતે અવસ્તાની શરેહ તથા દીની અમલ અને કાયદાઓ બાબે શિખવે, બોલે, અને અમલ કરે, તેની મારેફતથી દુન્યામાં આશમોગી આવે છે.

૨૭ મું. આ વળી એમ છે કે જો કોઇ અવસ્તા અને ઝંદનો ધર્મઅભ્યાસ તથા જુદા જુદા ધંધાઓને વાસ્તે બીજી વિદ્યાઓનો અભ્યાસ કરવાનું પસંદ કરે, તો તેણે બદ લોકો પાસેથી તેને લગતું શિક્ષણ લેવું નહિં, કારણ કે તેનું જ્ઞાન હલકા પ્રકારનું થઇ જશે; અને જે કોઇ અવસ્તા અને ઝંદનો ધર્મઅભ્યાસ તથા જુદા જુદા ધંધાઓ માટે બીજી વિદ્યાઓનોબી અભ્સાસ કરે છે તે જો બદ લોકો પાસેથી શિક્ષણ લે છે તો પોતે પોતાનાં રવાનને પાપી બનાવે છે.

૨૮ મું. આ વળી એમ છે કે અવસ્તા અને ઝંદ બુરાં લોકોને તથા આશમોગોને શિખવવા માટે નથી, કારણ કે જે કોઇ અવસ્તા અને ઝંદ બુરાંઓને તથા આશમોગોને શિખવે છે (તેનાથી) દુન્યામાં ગુનાહ ઘણો આગળ વધે છે.

૨૯ મું. આ વળી એમ છે કે જુઠાંને ટેકવવાને ખાતર કોઇએ પોતાની જબાનને સભ્યતાવાળી[2] કરવાની આદત પાડવી નહિં, કારણ કે જે કોઇ પોતાની જબાનને જુઠું ટેકવવાને વાસ્તે સભ્યતાભરેલી બનાવે છે, તે જો સાચ્ચુંબી બોલે છે તોબી તે સાચ્ચું ખરાં તરીકે[3] માનવામાં આવતું નથી.

૩૦ મું. આ વળી એમ છે કે અરાસ્ત અને જુઠું[4] કોઇને કહેવું નહિં, કારણકે જે કોઇ બીજાંઓને અરાસ્ત અને જુઠું કહે છે તે ખચીત (પોતાનાં) ચઢતાં કામોમાં માણસોના વિચારમાં માર ખાય છે[5], અને જે કાંઇ કોઇ બીજાંઓને વિષે અરાસ્ત અને જુઠું બોલશે, તે વળી વધારે અને વધારે આરાસ્ત અને જુઠાં કામો કરશે.[6]

---

[1] એનો શબ્દાર્થ "સંપુર્ણ હાલતમાં લાવ્યા" હતા. સર્ખાવો ફારસી **બર આવોરદન**, "સંપુર્ણ કરવું," "અસલી હાલતમાં લાવવું," "ચઢયાતું કરવું".

[2] **ફ્રહાન્ચિશન;** સર્ખાવો ફારસી **ફ્રહનજીદન** "સારી અદબ શિખવવી', "કેળવવું."

[3] **વિચૂર્દ**, સર્ખાવો ફારસી **વચર** "ન્યાયાધીશનો હુકમ".

[4] વાંચો **અરાસ્ત વ કદબા**; DM. મુજબ **અરાસ્તગ વ કદબા**, કદાચ **ખ્વાસ્તગ કદબા**, "જાણી જોઈને જુઠું બોલવુ" વંચાય.

[5] એટલે કે માણસો આગળ તેની કીર્તી મરી જાય છે.

[6] જયારે દુન્યા જુએ છે કે તે માણસ જુઠો છે ત્યારે તેની જાણીતી ટેવ પ્રમાણે તેની સાથે તેવીજ રીતે વર્તશે, અને વળતી રીતે તેની સાથે જુઠાઇથી ચાલશે.

૩૧ મું આ વળી એમ છે કે કોઇએ ગેરવાજબી રીતે કોઇને મારી નાખવું નહિં,[1] અને પોતાનો બદ સ્વાર્થ[2] અમલમાં મુકવો નહિં, કારણકે પાછલથી જયારે તે સચ્ચાઇ અને ઇનસાફ મુજબ ચાલવાની ખાહેશ કરે છે તે વખતે એ બાબે લોકો તેની ઉપર શક રાખે છે; અને જે કોઇ ખચીત ગેરવાજબી રીતે જાન લેવાનું અને બદ સ્વાર્થ અમલમાં મુકવાનું કામ કરેછે તે વાજબી લવાદી યા ઈન્સાફ મેળવી શકતો નથી.

૩૨ મું. આ વળી એમ છે કે કોઇનામાં નેકી હોય છતાં તેને ખરાબ ચાલચલણ ચલાવવી નહિં, કારણ કે લોકો એવાને દુન્યામાં આડો[3] માણસ ગણે છે, અને જે કોઇ પોતામાં ભલાઇ હોય છટાં ખરાબ વર્તણુક ચલાવે છે તે પોતે જેટલું મેળવવું જોઇએ તેના કરતાં ઓછું મેળવે છે.

૩૩ મું. આ વળી એમ છે કે કોઈએ પોતાની ધનીઆણી તથા સલાહકારની[4] કંઇ પણ ખોડખાંપણ બાહર કહેવી નહિં, કારણ કે જે કોઇ પોતાની ધનીઆણી અને સલાહકારના બાબમાં ખચીત કંઇબી ખામી જેવું જણાવે છે તેને લોકો કાચા કાનનો[5] ગણશે, અને તેની પોતાની બાનુ અને સલાહકાર તેને પોતાના દુશમન તરીકે માનશે.

૩૪ મું. આ વળી એમ છે કે કોઇએ પોતાની ફરજ અને ધંધામાંથી દુર થવું નહિં, કારણ કે (નહિં તો) તેનું જે જ્ઞાન હોય છે તે નાંબુદ થઇ જાય છે; અને જે કોઇ પોતાની ખુદ ફરજ અને ધંધામાંથી દુર થઇ[6] જાય છે તેને વિષે લોકો તે ઓછી હુશીયારી[7] અથવા શકિતનો હોય એવો શક લઇ જાય છે.

૩૫ મુ. આ વળી એમ છે કે કોઇને વિષે[8] મસ્ખરીની રીતે કંઇ બોલવું નહિં, અને તેવી મસ્ખરીનો સંસારો વટીક કરવો નહિં, કારણ કે તેથી લોકો ઇન્સાન તરફ (તેની) દુશ્મનીની લાગણી હોય એવો શક રાખે છે; અને જે કોઇ બીજાંની મસ્ખરી કરે છે[10], અથવા તો કોઇબી રીતે[11] એવુંજ કંઇ બોલે છે[12], તે ખુદ પોતાનોજ દુશ્મન તેથી થવા માગે છે.

---

[1] **અ-હુમાર કુશીહ**, "ગેરવાજબી રીતે મારી નાંખવું;" **અ-હુમાર કશીહ** વાંચ્યે તો "ગેરવાજબી જોર જુલમ" થાય.

[2] **વદ-ખ્વીશીહ**, "બદ સ્વાર્થીપણું."

[3] **ગઝ**; સર્ખાવો ફારસી **ગઝ**, "આડું અવલું."

[4] વાંચો **રસીદ**, "ઉમરે પુગેલા ખેશી", "રાહબર"; અરબી **રસીદ**;.

[5] એનો શબ્દાર્થ "ખરાબ જ્ઞાન મેળવેલો."

[6] **બરા યેગવીમૂનેદ.**

[7] **વદ હૂનરીહ.**

[8] **અફસૂસ**; ફારસી **અફસૂસ.**

[10] **મદમ અઇશ અફસૂસ વબીદૂનયેન.**

[11] અથવા, "ટુકામાં", "છેવટે."

[12] **ગૂબિશ્નીહ મનદવમ યેમલેલૂનેદ**, "એવા કોઇ બોલો બોલે છે."

૩૬ મું. આ વળી એમ છે કે જે કોઈ દુશ્મન હોય તેને દુશ્મન તરીકેજ ગણવો, અને કોઇએ તેની સોબતમાં નબળું રહેવું નહિં[1], કારણ કે જે કોઇ પોતાના દુશ્મનને દુશ્મન ગણતો નથી અથવા તો તેની સફમાં રહીને (પોતાને) નબળો સાબેત કરે છે તે પોતાની વળણ ઝાઝી પીછાણતો[2] નથી, અને પોતાની વિચાર શકિતમાં ઘણોજ આડે રસ્તે[3] જાય છે.

૩૭ મું. આ વળી એમ છે કે કોઇએ હમેશાં કોઇ વડા અથવા ડાહ્યા પુરૂષની હાજરીમાં ઘણું બોલવું નહિં, કારણ કે જે કોઇ બીજાં લોકોનો સરદાર છે તેને એવું ઝાઝું જોઇતું નથી; અને આવો આદમી પોતે જે કંઇ કહે છે—એટલે કે જે વડા અને ડાહ્યા પુરૂષની હાજરીમાં હંમેશા ઘણું બોલે છે– તેના બોલવાનો ઉપ્યોગ લોકો કરતાં નથી.

૩૮ મું. આ વળી એમ છે કે દરેકે પોતાની ધનીઆણી તથા રાહબરને ચાહવું જોઇએ, પણ કોઇએ તેઓ ઉપર પુષ્કળ ધરાંપરાં[4] થવું નહિં; કારણ કે જે કોઇ પોતાની ધનીઆણી અને રાહબર તરફ મીત્રાચારી રાખતો નથી યા તો તેઓ તરફ પુષ્કળ ધરૂં પરૂં થાય છે, તે અદબ અને નીતિમાં ઝાઝો કેળવાયલો[5] નથી.

૩૯ મું. આ વળી એમ છે કે કોઇએ બદફેલ[6] લોકોના શોખીન થવું નહિં, કારણ કે તેથી ધનીઆણી તરફનો પ્યાર ઓછો થઇ જાય છે; અને એ ઉપરાંત જે કોઇ બદફેલ લોકોનો શોખીન હોય છે તે ગેરકાયદેસર હમ-બીસ્તર થાય છે.

૪૦ મું. આ વળી એમ છે કે ભલી ચીજોને માટે, અને કંઇબી ચીજ જે કોઇ મેળવવા માગતો હોય તેને માટે, કોઇએબી અત્યંત આરજુમંદ થવું નહિં, કારણકે જે કોઇ ભલી ચીજને માટે, અને કંઇબી ચીજ જે તે મેળવવા માગતો હોય તેને માટે અત્યંત આરજુમંદ થાય છે તો આખરે જયારે તેને માગેલું મળતું નથી ત્યારે તેને ઘણું દુ:ખ થાય છે.

૪૧ મું. આ વળી એમ છે કે દરેકે એવી રીતે ચાલવું જોઇએ કે તે ઇનસાનને સૌથી સરસ પેદાયશ[7] તરીકે ગણે, અને એવી રીતે નહિં (ચાલવું) કે પોતાને સૌથી સરસ ધારે; કારણ કે ખચીત શેહરોમાં તેને એક ગરૂર[8] (માણસ) તરીકે ગણવામાં આવશે, અને જે કોઇ એવી રીતે ચાલતો નથી કે જેથી તે ઇનસાનને સઉથી

---

[1] સરખાવો ફારસી **બીસ્તાર**, "ધચુ પચુ," "નબળું."

[2] એનો શબ્દાર્થ "જુએ છે," અથવા "સમજે છે."

[3] **અઇરિખ્તેદ.**

[4] **અપત્માન વરેનીગ.**

[5] **ફ્ર-હાનચેદ.**

[6] **જેહ-મર્ઝીહ.**

[7] એનો શબ્દાર્થ "પેદાયશોમાં સૌથી સરસ."

[8] **અવર-તન**; કદાચ DM. મુજબ **આઝુર્દ** "દુ:ખી થયલો," "પીડાયલો."

સરસ (પેદાયશ) તરીકે ગણે, પણ જે કોઇ એવી રીતે ચાલે છે કે પોતાને સૌથી સરસ ધારે છે તેનાથી લોકો પુષ્કળ આઝુર્દે[1] થાય છે.

૪૨ મું. આ વળી એમ છે કે બદ લોકોને જુદી જુદી ચીજો તેઓનાં સાંધણુ તરીકે[2] આપવી નહીં, કારણુ કે જે કોઇ બદ લોકોને સાંધણુ તરીકે કંઇબી આપે છે તેની દોલતને નુકસાન પહોંચે છે, તથા તેનું રવાન દ્રવંદ થાય છે.[3]

૪૩ મું આ વળી એમ છે કે કવખતે અને ગેરકાયદે શબ્દો બોલવા નહિં, કારણુ કે એવાં બોલવાની લોકોને માટે સહેજબી જરૂર નથી, અને જે કંઈ કોઈ (આ પ્રમાણે) બોલે છે તેનું સહેજબી લોકો કબુલ કરતાં નથી; અને જે કોઇ કવખતે અને હદબહાર[4] શબ્દો બોલે છે તે પોતાનાં નસીબમાં ઘણો કંગાળ નિવડે છે.

૪૪ મું. આ વળી એમ છે કે છુપી વાતો ઘણાઓ આગળ લઇ જવી નહિં, કારણુ કે ભરમો જાહેર[5] થઈ જાય છે; અને જે કોઇ ભરમો ઘણા શખ્સો આગળ બોલી દેછે તેને, જે ઘણા શખ્સોની ભરમો રાખવાની ફરજ છે, તેઓથી બીહવું પડે છે.

૪૫ મું. આ વળી એમ છે કે ભલા મીનો યઝદો તરફ અને ઇનસાન તરફ[6] કોઇએ નગુણા થવું નહિં, કારણુ કે જે કંઈ ભલાઇ કોઇમાં હોય છે તે જતી રહે છે; અને જે કોઇ ભલા મીનો યઝદો તથા ઇનસાન તરફ નગુણો થાય છે, તેનામાં જે ભલાઈ હોય છે તે જતી રહે છે, અને તેનામાં જે ભલાઈ હોતી નથી તે તેને મળતી નથી.

૪૬ મું. આ વળી એમ છે કે કોઇને જે દુઃખ અને હલકી તાનાજાની[7] આવી પડી હોય તે ઘણાં લોકોને જણાવવાની નથી, કારણુ કે (બીજાં) લોકો તેથી તેને ધીક્કારનારાં[8] થઈ જાય છે, અને જે કોઇ આવી પડેલી આફત, દુઃખ અને હલકી તાનાજાનીથી ઘણાં લોકોને વાકેફગાર કરે છે, તેને તેનાં દુશ્મનો ઘણા ધીક્કારનારા થાય છે.

૪૭ મું. આ વળી એમ છે કે કોલ તોડવા નહિં (યાને **મિથ્રોદ્રૂજી**[9] કરવી નહિં), કારણુ કે જે કોઇ વચન તોડવામાં (સપડાઇ ગયલો) હોય છે તેની જીંદગી દાધવાલી[10] થાય છે.

---

[1] વાંચો **બીખ્ત**; સરખાવો ફારસી **બીખ્તન** "નબળું કે અશકત કરવું." K. અને DM. માં બેઝેદ.

[2] **પવન-ચાર.**

[3] સરખાવો ઉપરનો ૧૯ મો ફકરો.

[4] **અપત્માન.**

[5] **આશ્કારગ.**

[6] વાંચો DM. ની માફક **ગેહાન અન્શૂતાઆન** "માણસ જાતની દુનયા (તરફ)."

[7] **ખૂર-ઝીચ**; સરખાવો ફારસી **ખૂર** "હલકી," અને **ઝીચ** "મસ્ખરી".

[8] **અચારંદ**, ફારસી **ચારંદ**, "ધીટકાર."

[9] **મિત્રોઆન-દૂજીહ.**

[10] **અઇબીબૂદીહ.**

૪૮ મું. આ વળી એમ છે કે આ કેટલીક ચીજો અને ભલાઈનાં બીજાં સાધણો, અને જે ચીજો આ કેટલીક ચીજોમાંથી બરપા થાય છે તે ભલી ખાસ્યત અને ડહાપણ અને ખવાસ અને દાનાઇ અને લ્યાકતમાંથી[૧] (ઉત્પન્ન) થાય છે.

૪૯ મું. આ વળી એમ છે કે સારાં જ્ઞાનમાંથી ભલું ડહાપણ બરપા થાય છે, અને ભલાં ડહાપણમાંથી ભલો ખવાસ ઉત્પન્ન થાય છે, અને ભલા ખવાસને લીધે ભલી ખાસ્યત થાય છે, અને ભલી ખાસ્યતમાંથી સવાબનું કામ ઉત્પન્ન થાય છે, અને સવાબનાં કામની મારેફતથી દુન્યામાંથી દ્રૂજ (યાને બુરી શકિતઓ)ને હાંકી કહાડવામાં આવશે.[૨]

૫૦ મું. આ વળી એમ છે કે બુરાં જ્ઞાનમાંથી બુરૂં ડહાપણ, અને બુરાં ડહાપણમાંથી બદ ખવાસ, અને બદ ખવાસમાંથી બદ ખાસ્યત, અને બદ ખાસ્યતમાંથી ગુનાહનું કામ ઉત્પન્ન થાય છે; અને પાપી કામોને લીધે દ્રૂજ દુન્યામાં જબરો થતો જાય છે.

૫૧ મું. આ વળી એમ છે કે અહેસાનમાંથી નામવરી[3] ઉત્પન્ન થાય છે, અને નામવરીમાંથી ભલું મન અખત્યાર થાય છે, અને ભલાં મનની મુખ્ત્યારીમાંથી શાંતી, અને શાંતીમાંથી પ્રમાણીકપણું[૪] , અને પ્રમાણીકપણાંમાંથી દોસ્તી, અને દોસ્તીમાંથી પ્યાર, અને પ્યારમાંથી દુન્યામાં ઈનસાનજાતનાં ભરણપોષણનાં જોડયાં પરિણામો નિપજે છે.[૫]

૫૨ મું. આ વળી એમ છે કે નગુણાપણાથી[૬] પોતાની કીર્તી ઓછી થાયછે, અને પોતાની કીર્તી ઓછી થવાથી દુશ્મનાઇ[૭] ઉત્પન્ન થાય છે, અને દુશ્મનાઈમાંથી કજ્યો, અને કજ્યામાંથી બેદરકારી, અને બેદરકારીમાંથી વેરભાવની હાલત, અને વેરભાવની હાલતમાંથી દર્દનું ઉત્પન્ન થવું અને કોલનું તોડવું, અને દર્દને લીધે તથા વચન તોડવાને લીધે માણસજાત એકમેકને વાંકુચૂકું[૮] કરે છે.

૫૩ મું. આ વળી એમ છે કે બંદગીમાંથી[૯] ખુદાની પીછાણ બરપા થાયછે, અને દાદારની પીછાણમાંથા મીનોઇ એતેકાદ બરપા થાય છે, અને મીનોઇ એતેકાદમાંથી રવાનની દોસ્તી પેદા થાય છે, અને રવાનની દોસ્તીમાંથી ખરો હેસાબશુમાર બરપા થાય છે, અને ખરા હેસાબશુમારને લીધે સવાબના કામો કરવાનું બરપા થાય છે, અને સવાબનાં કામો કરવાથી રવાન છુટકારો પામે છે.

---

[૧] **રવીગીહ**; સર્ખાવો ફાર્સી **રવીયહ**.

[૨] **બરા કર્દ ચેહવૂનેદ**, "કહાડી નાંખવામાં આવશે."

[૩] **ગદા-અઓમંદીહ**.

[૪] **ઉસ્તૂખ્વાનીહ**; સર્ખાવો ફાર્સી **ઉસ્તૂખ્વાન** યા **ઉસ્તૂખ્વાની ચીઝી બસ્તન**, "ચીજોને સીધી અથવા સાદી હાલતમાં ગોઠવવી."

[૫] **પતવન્દીહેદ**.

[૬] વાંચો **અન-સિપાસીહ**.

[૭] **દૂશ્મન-અસ્તીહ**, **દુશમન-હઈતીહ**ને બદલે.

[૮] **અએવગ મિન તનિદ બરા નસ્ખૂનેન્દ**; પહલવી **નસ્ખુનતન**, "વળ દેવું," "વાળવું," "ગુચળું કરવુ"

[૯] **બૂન્દગ-મીનિશ્નીહ**.

૫૪ મું. આ વળી એમ છે કે ગરૂરીમાંથી ખુદાની પીછાણ ઉત્પન્ન થતી નથી, અને ખુદાની પીછાણ વગર મીનોઈ આસ્થા ઉત્પન્ન થતી નથી, અને મીનોઇ હસ્તીઓમાં નહિં માનવાથી મીનોઇપણાની ગેરહાજરી, અને મીનોઇપણાની ગેરહાજરીથી અશો હેસાબ શુમારની ગેરહાજરી બરપા થાય છે, અને અશો હેસાબશુમારની ગેરહાજરીથી ગુનાહ અને પાપ બરપા થાયછે, અને ગુનાહ તથા પાપ કર્યાથી માણસો પાપી (દ્રવંદ) થાય છે.

૫૫ મું. આ વળી એમ છે કે ઉદયોગમાંથી ચાલાકી બરપા થાય છે, અને હુશીઆરીમાંથી ભલાઇ સાથની દોસ્તી, અને ભલાઈસાથની દોસ્તીમાંથી પોતાના ધંધાની માહિતગારી ઉત્પન્ન થાય છે, અને પોતાના ધંધાની પીછાણમાંથી પોતાની ફરજો બજાવવાનું કામ ઉત્પન્ન થાય છે, અને પોતાને સોંપી આપેલું કામ બજાવવાથી આબાદી પેદા થાય છે, અને આબાદીને લીધે એક માણસ પોતાનું, પોતાની ધનીઆણીનું અને પોતાંના રાહબરનું પોષણ કરે છે, અને તેની સત્તા તેથી ઘણી વધે છે.

૫૬ મું. આ વળી એમ છે કે આળસાઇથી ચાલાકી નાબુદ થાય છે, અને ચાલાકી નાબુદ થવાથી ભલાઈ દુર થાયછે, અને ભલાઇને દુર કરવાથી પોતાની ફરજોનું નહિં બજાવવું બરપા થાય છે, અને પોતાની ફરજો નહિં બજાવવાથી ગરીબાઇ, અને ગરીબાઈમાંથી ખરાબ ચાલચલણ, અને ખરાબ ચાલચલણથી પોતાને પોતાની ધનીઆંણીને તથા રાહબરને પડતી દશા આવે છે.

૫૭ મું. આ વળી એમ છે કે પોતાને આગળ વધતો અને ઉદયોગમાં રાખવાથી પોતાનાં નસીબની પીછાણ થાય છે, અને પોતાનાં નસીબની પીછાણથી સંતોષ, અને સંતોષમાંથી સુખ અને ઝળકાટ, અને સુખ અને ઝળકાટમાંથી બુલંદી, અને બુલંદીને લીધે રાજયમાં સત્તાવાલો અને માનપામેલો એક માણસને ગણવામાં આવે છે.

૫૮ મું. આ વળી એમ છે કે પ્રમાણ વગર ખાધાપીધાથી હોજરી પુરભારી[૧] થાય છે, અને હોજરી પુરભારી થવાથી તનદરૂસ્તી ખરાબ થાય છે, અને તનદરૂસ્તી ખરાબ થવાથી મરણ નીપજે છે.

૫૯ મું. આ વળી એમ છે કે મધ્યમપણામાંથી વધારો[૨] ઉત્પન્ન થાય છે, અને વધારાથી પોતાના કામ ઉપર ધ્યાણ અપાય છે, અને પોતાના કામ ઉપર ધ્યાણ આપ્યાથી પ્રવિણતા, અને પ્રવિણતામાંથી સખાવત, અને સખાવતમાંથી આબાદી,[૩] અને આબાદીમાંથી સારી જીંદગી બરપા થાય છે.

---

[૧] **બૂન્દગ-ગરીહ** ; સર્ખાવો અવસ્તા **ગર** "ભારી થવું," "ગલ્પ કરવું."

[૨] **ફ્ષૂનિશ્ન**, અવસ્તા **ફ્ષુ** "વધવું;", "આબાદ થવુ;" ફારસી **અફ્ઝુન.**

[૩] **ફ્રાખૂઈહ**, ફારસી **ફરાખ** "ઘણું," "પુષ્કળ."

૬૦ મું. આ વળી એમ છે કે પોતાનાં નસીબને નહિં પીછાણવાથી અસંતોષ ઉત્પન્ન થાય છે, અને અસંતોષમાંથી બેચેની[1] અને કીર્તીની ગેરહાજરી, અને બેચેની તથા કીર્તીની ગેરહાજરીમાંથી બુલંદીની ગેરહાજરી, અને બુલંદીની ગેરહાજરીને લીધે દુન્યામાં માણસો સૈજબી દરકાર કરતાં નથી.

૬૧ મું. આ વળી એમ છે કે પોતાની હુસ્યારી અને ભલાઇનો મધ્યમ રીતે ખ્યાલ કરવાથી ભલા શખ્સો વિષેનો સંપુર્ણ ખ્યાલ બરપા થાય છે, અને ભલા લોકો વિષે સંપુર્ણ રીતે ખ્યાલ કર્યાથી ઘણા દોસ્તો માટે ખાહેશ ઉત્પન્ન થાય છે, અને ઘણા દોસ્તો માટેની ખાહેશથી તેની તરફદારીથી ઘણા લડનારા અને મદદગારો થાય છે, અને ઘણા યોદ્ધાઓ અને મદદગારોને લીધે ઇનસાન ઘણા સુખમાં અને બીક વગર રહે છે.

૬૨ મું. આ વળી એમ છે કે પોતાની ચાલાકી તથા ભલાઈ બાબે હદબહારનો વિચાર કરયાથી ભલા શખ્સો તરફ ગરૂરી ભરેલી ચાલચલણ બરપા થાય છે, અને ભલા શખ્સો તરફની ગરૂરીભરેલી ચાલથી ઘણા દુશ્મનો થાય છે, અને ઘણા જણાઓ સાથેની દુશ્મનાઇને લીધે એક માણસ ઘણી ધાસ્તીમાં અને ઘણી ચીન્તામાં રહે છે.

૬૩ મું. આ વળી એમ છે કે સમયસુચકતાને[2] લીધે વખતસરના[3] ઘટતા શબ્દો બોલાય છે, અને વખતસરના ઘટતા શબ્દોથી ડહાપણભરેલું બોલવું બરપા થાય છે, અને ડહાપણભરેલાં બોલવાથી બંધબેસ્તુ બોલાય છે, અને બંધબેસ્તું બોલવાથી તથા વખતસરના બોલવાથી એક માણસ પોતાની કીર્તી વધાંરે છે.

૬૪ મું. આ વળી એમ છે કે તડછોડ[4] કરવાનાં ખવાસને લીધે જુસ્સાથી બોવવુ[5] ઉત્પન્ન થાય છે, અને જુસ્સાથી બોલવાએ કારગત નહિં લાગે તેવું બોલવુ[6] થાય છે, અને કારગત નહિં લાગે તેવું બોલવાથી એક માણસ પોતાની કીર્તીમાં ઘટાડો કરે છે.

૬૫ મું આ વળી એમ છે કે ધર્મી મનન કરવાથી[7] ભકિતભાવ ઉત્પત્ર થાય છે, અને ભકિતભાવમાંથી ખુદાપરનો વિશ્વાસ[8]બરપા થાય છે, અને ખુદાપરના વિશ્વાસમાંથી એક

---

[1] **અન-આસાનીહ**, "અશાંતી", "બેચેની".

[2] **વાયિશનીહ**; સર્ખાવો ફારસી **વાય**, "મન", "ખુશાલી;" **વાયિસ્ત** "તક," "હાજત;" એ પહલવી બોલનો અર્થ "ખુશાલી" અથવા "જરૂરીયાત"બી થઇ શકે.

[3] **હુંગામીગ.**

[4] **તુંદીહ**; સર્ખાવો ફારસી **તુન્દી.**

[5] **હુરેદીહ**; અવસ્તા **હુરેધી**, ફારસી **હલહ** "મુર્ખ".

[6] **અકેરદાર ગૂબિશનીહ**

[7] **અ-વાચીહ**; અવસ્તા **આ-વાચ**; એ બોલ **અએવાચીહ** "એકાંતવાસ"બી વંચાય.

[8] **પદુફતગીહ.**

બહાદુર અંતકરણ,[1] અને એક પહલવાની અંતકરણઃથી એક માણુસ ઘણો સાબેત કદમ થાય છે, અને સવાબનાં કામોને સારી મદદ કરે છે.

૬૬ મું. આ વળી એમ છે કે અતિ લોભમાંથી[2] નીતિ ભ્રષ્ટ કામો ઉત્પન્ન થાય છે, અને નીતિ ભ્રષ્ટ કામોમાંથી અકલામન[3] અને બદ અંતઃકરણ બરપા થાય છે, અને અકલામન તથા બદ અંતઃકરણને લીધે આ દુન્યામાં માણુસ માણુસનો વિચાર કરતો નથી.

૬૭ મું. આ વળી એમ છે કે ધાર્મીક ઉદ્યોગથી ધાર્મીક કાર્ય ઉત્પન્ન થાય છે, અને ધાર્મીક કાર્યથી એક માણુસની દોલત વધારે લાંબો લખત ટકે[4] છે, અને તે ઘણા સુખ[5] સાથે ભોગવે છે.

૬૮ મું. આ વળી એમ છે કે અપ્રમાણીક ઉધ્યોગથી અપ્રમાણીક કામો બરપા થાય છે, અને અપ્રમાણીક કામો ને લીધે એક માણુસ તેની પોતાની દોલતનો નાશ કરે છે,

૬૯ મું. આ વળી એમ છે કે સચ્ચાઇથી અને ડહાપણભરેલી રીતે સાચ્ચું બોલવાથી કીર્તિમાં વધારો થાય છે, અને તેથી ઇનસાન જાતનો સુધારો વધારો થાય છે, અને કીર્તિથી તથા તેને લીધે માણુસજાતના સુધારા વધારાથી એક માણુસ બુલંદી, સત્તા, અને રાજનો વહીવટ મેળવે છે.

૭૦ મું. આ વળી એમ છે કે દુષ્ટ હાલતથી કીર્તિનું નુર[6] નાશ પામે છે[7], અને કીર્તિનું નુર નાશ પામવાથી માણુસજાતમાં સુધારો વધારો થતો નથી, અને માણુસજાતમાં સુધારો વધારો નહિં થવાને લીધે એક માણુસમાં જે કંઈ ભલાઇ હોય છે તે નાબુદ થાય છે.

૭૧ મું. આ વળી એમ છે કે અનીતિ ભરેલી ઇચ્છાઓ પ્રમાણે અમલ નહિં કરવાથી સાધારણ લડાઇ[8] અને ઝગડાં[9] દબાઇ જાએ છે, અને સાધારણ લડાઇ અને ઝગડા દબાઇ જવાને લીધે નિરાભિમાન ઉત્પન્ન થાય છે, અને નિરાભિમાનને લીધે માણુસ પોતાની ભલાઇનો મધ્યમ રીતે વિચાર કરે છે, અને બીજાઓની ભલાઇનો વધારે વિચાર કરે છે.

---

[1] દેલ ગૂર્દીહ.

[2] આઝવરીહ "લોભ."

[3] વદ-દેલીહ, "બદ-હૈયું."

[4] પતાયીદન, "ટકવું."

[5] ખારતર.

[6] ઝદ-ખ્રાહીહ; સર્ખાવો અવસ્તા **ખરાઝ**, ફાર્સી ખ્રાહ; બેહતર ઝદ ખ્રાઝગીહ.

[7] વિશૂપેદ; અવસ્તા **ક્ષુપ** "નાશ થવો," "કોહી જવું."

[8] નિહાદ-રુનએશીહ ; અવસ્તા **રનથ.**

[9] જંગ; અવસ્તા **જન** "મારવું."

૭૨ મું. આ વળી એમ છે કે અનીતિ ભરેલી ઇચ્છાઓથી એક માણસ દુશ્મનાઇ ભરેલો અને હુલડખોર[૧] થાય છે, અને પુષ્કળ વેરભાવ તથા હુલડખોરપણાને લીધે તુન્દાઇ ઉત્પન્ન થાય છે, અને તુંન્દાઇને લીધે તે પોતાનેજ વિષે ઉંચો વિચાર કર્યો જાય છે, અને બીજાંઓ વિષે હલકો વિચાર કરે છે.

૭૩ મું. આ વળી એમ છે કે જે કોઇ ઇનસાફ અને કાયદાથી પોતે અમલ કરે છે[૨] તે પોતાનાં ફાયદાને ખાતર બીજાંઓને નુકશાન કરશે નહિં, અને કાયદા પ્રમાણે જે કંઇ પોતાને માટે વાજબી નહિં હોય તે બીજાંઓને વાસ્તે કરશે નહિં.

૭૪ મું. આ વળી એમ છે કે જે કોઇ ઇનસાફ અને કાયદાથી પોતાને ચલાવતો નથી, તે જોકે તેમાંથી પોતાને ફાયદો નહિંબી થતો હોય તોબી બીજાંઓને નુકશાન કરશે, અને ફકત ત્યારેજ તે સંતોષ પામશે.

૭૫ મુ. આ વળી એમ છે કે દીનની મોતેબરી પીછાણ્યાથી માથ્ર ભણવાની ઉલત પેદા થાય છે, અને માંથ્ર ભણ્યાથી ધર્મી પેશાવાળાઓનો[૩] તથા યજદાંની આરાધનાનો વધારો થાય છે, અને ધર્મી પેશાવાળાઓનો તથા યજદાંની આરાધનાનો વધારો થવાથી દુન્યામાંથી બદી દુર થાય છે; અને દુન્યામાંથી બદી દુર કર્યાથી અમર્ગી, **ફ્રશોગર્દ**, અને **રીસ્તાખીઝ** થશે.

૭૬ મું. આ વળી એમ છે કે દીનની મોતેબરી નહિં પીછાણ્યાથી લોકો દેવપરસ્તી તથા બુતપરસ્તી તરફ વળણ લે છે; અને દેવપરસ્તી તથા બુતપરસ્તીને લીધે બદી દુન્યામાં પંથરાય છે, તેમજ મોત અને નાશ નિપજે છે.

૭૭ મું. આ વળી એમ છે કે જે કોઈ પોતાનું રવાન યજદાંને માટે તથા ભલા લોકોને માટે અર્પણ કરે છે તે પોતાના મનમાં તેથી એટલીબધી ભલાઈની મહેમાની કરશે, કે તેની ખામીઓ તથા બદી જતી રહેશે,[૪] અથવા તે બદીઓ નહિં જેવી[૫] થશે.

૭૮ મું. આ વળી એમ છે કે જે કોઈ પોતે પોતાને દેવોને તથા બુરાંઓને સ્વાધીન કરે છે, તે પોતાના તનમાં એટલી બધી ખામીઓને તેથી પેવસ કરશે કે તેની ભલાઇ તેનામાંથી નાબુદ થશે.

૭૯ મું. આ વળી એમ છે કે આ કેટલીક ભલાઈઓ અને ખામીઓ ચોકકસ વખતેજ હોતી નથી, પણ તે દરેક શખ્સમાં અને દરેક જમાનામાં હસ્તી ધરાવે છે.

---

[૧] **દશ-ફ્રમાન.**

[૨] એનો શબ્દાર્થ "જે કોઇ ઇન્સાફ અને કાયદાની સંપ્રમાં પોતાને રાખે છે."

[૩] **પીશગ ઇદએન.**

[૪] **જસ્તન**; ફારસી **જસ્તન**, "કુદકો મારવો", "ભુસ્કો મારવો."

[૫] **પસ્ખાર**, "નજીવું."

૮૦ મું. આ વળી એમ છે કે એક ચીજ ખરી હોય છે યા ખોટી હોય છે;[1] અને જે ખરી ચીજ છે તે તે છે કે જેની મારફતે રવાન ઓખ્તગી પામે છે; અને જે ચીજ ખોટી છે તે તે છે કે જેની મારેફતે રવાન પાપી થઇ શકે છે.[2]

૮૧ મું. આ વળી એમ છે કે રવાનનો અયામ ભલા ખવાસને લીધે છે, અને ડહાપણની જીંદગી સહન શકિતને[3] લીધે છે, અને કીર્તી ભરેલી જીંદગી સચ્ચાઇને લીધે છે, અને આ બધાં ત્રણે કારણો[4] આડકતરી રીતે[5] દીનના અભ્યાસને લીધે, તથા સીદ્ધિ રીતે[5] નમ્રતાવાલી (જીંદગી) ને લીધે પીછાણી શકાય છે.

૮૨ મું. આ વળી એમ છે કે જયારે (પવિત્ર) ક્રીયાઓ અને ગાહમ્બારના જશનો અને ભલાઓને બક્ષેશો તથા મદદ (કરવાનું) ઓછું થઇ જાય છે, તે વખતે માણસ જાતની ઘાટકીં સત્તા, અનાજમાં કહોવાટ,[6] જમીનની ખરાબ ખેતી[7] તથા અફળદ્રૂપ્તા[8] અને વરસાદની તંગીનો વધારો થાય છે; અને જ્યારે જાતીભોગને[9] લગતાં સવાબનાં કામો ઓછાં થઇ જાય છે (ત્યારે) અંધકાર વધે છે, અને રોશનીમાં ઘટાડો થાય છે; અને જયારે યઝદાંની આરાધના અને ભલાંઓની પાસબાની તથા વાજબી જાદનગોઇ (સેફારસ) ઓછાં થઈ જાય છે, ત્યારે પાદશાહોની બદ સત્તા અને ગેરકાયદાસરના ઇનસાફનો અમલ વધતો જાય છે, અને બદ લોકો ભલાંઓ ઉપર સરસાઇ[10] ભોગવે છે.

૮૩ મું, (૧) આ વળી એમ છે કે જે પ્રમાણે જમીન પાણીનું રહેઠાણ છે, અને પાણી ખેતીનો શણગાર છે, અને ખેતી દુન્યાની આબાદી કરનાર અને તેથી મુલકને ટકાવી રાખનાર[11] છે તેજ પ્રમાણે વળી જ્ઞાન ભલાઇનું રહેઠાણ છે, અને ભલાઇ

---

[1] **મનદવમ હઈત વ મનદવમ લેવીત.**

[2] આ એમ કહેવા બરાબર છે કે "બદી નકાર છે પણ હકાર નથી."

[3] **બૂરદીહ**; એનો સાધારણ અર્થ "સહન શકિત," "ચાલચલણ" થાય છે.

[4] **ગોશન**; સાધારણ રીતે "જવાનો," "ઉમરે પુગેલાઓ."

[5] **પત** તથા **હમ** બોલો પહલવીમાં આડકતરા અને સીધા સમાગમને માટે વપડાય છે; જુઓ વંદીદાદનો પહલવી તરજુમો, ફરગર્દ ૫, ૧૦, ૧૧, ૧૨, ૧૮, અને ૧૯.

[6] **ગર્દીહ ઇ જૂદાંગાન**; સરખાંવો ફાર્સી **ગર્દી**, "નાશ," "ખરાબી."

[7] **દુષ્વર્ઝીહ.** [8] **કમ-બરીહ**, "પાકની કોતાહી."

[9] **ખ્વએતૂગ-દસ**; સરખાંવો અવસ્તા **ખ્એત્વદથ**, સંસ્કૃટ **સ્વયમદથ**, "પોતાને કોઈને અર્પણ કરવું તે," "જાતીભોગ." એ શબ્દનાં જુદા જુદા ઉપ્યોગો માટે વાંચો મેં લખેલો રેસાલો: "Next of Kin Marriages in Old Irân."

[10] **અવર-વીજ**, "ગાલેબ, "ફતેહમંદ".

[11] સરખાંવો ફાર્સી **બર-દાશતન**, યા **બરદાશત કર્દન.**

ડહાપણનું તન છે, અને ડહાપણ દુનયાને આગળ વધારનાર છે. (૨) આ દુન્યા નિચલી છ ચીજોથી આગળ વધે છે, (એટલે કે) વખત અને પેદાયશ અને જ્ઞાન અને મદદ અને મદદગારી અને ઉદયોગનાં ડહાપણભરેલા અમલથી આગળ વધે છે; આ છ ચીજોમાંથી ત્રણ મીનોને અને ત્રણ ગેતીને લગતી છે, (એટલે કે) વખત અને પેદાયશ અને જ્ઞાન મીનોને લગતાં છે, અને મદદ અને મદદગારી તથા ઉદયોગ ગેતીને લગતાં છે. (૩) વળી નિચે જણાવેલી ચાર ખામીઓ વિષે એવું કહેવામાં આવે છે કે તે માણસમાં દુશ્મન થઇ પડી છે, જેવી કે બેવફાઇ[1] અને મશ્ખરી અને અંધાપો અને બખીલાઇ. (૪) આશમોગો ત્રણ જાતના છેઃ-ઠગારો અને ઠગાનાર અને આપમતલબી. (૫) આપમતલબ્યો તે છે કે જે એમ કહે છે કે **આદરબાદ** કરતાં **સએન**[2] ચઢયાતો છે, અને આપમતલબથી **સએન**નેજ માને છે. અને ઠગાયલો તે છે કે જે **સએન**ના શાગેર્દો જેવો છે. અને ઠગારો તે છે કે જે **સએન**નાજ જેવો છે, કે જે તપાસ કરીને ચીજોને ઉલટી બતાવે છે કે જે ચીજો **અસલી પઑર્યોત્કએષી**ઓ શિખવી ગયા અને ફેલાવી ગયા. (૬) નિચે જણાવેલી છમાંથી કોઇ એકબી બીજીમાં સમાતી નથી, અને જે ઘણીજ અગત્યની છે તેબી યજદાંની બાજુએ સમાયલી નથી; જેમકે નિરભિમાની અને નમ્રતા[3] અને ધાસ્તી અને જવાબદારી અને હેસાનમંદી અને મદદગારી–યજદાંને વીષે નિરભિમાની, માણસ જાતને વિષે ભલમનસાઇ, દોજખના સંબંધમાં ધાસ્તી, પોતાનાં રવાનના બાબમાં જવાબદારી, અને યજદાં તથા માણસજાતના બાબમાં અહેસાન, અને **ફ્રષેગર્દ**ને માટેની ઉમેદ.

D

[કહે છે......]

૧ લું. (૧) કહેછે કે અશો **આદરબાદ મહરસ્પેન્દે** દુન્યાની કીમતી ચીજોને પચીસ વર્ગોમાં વહેંચી નાખી હતીઃ પાંચ બખ્તને[4] લગતા, પાંચ જાતમેહનતને લગતા, પાંચ

---

[1] **કલક**; સર્ખાંવો ફારસી **કલહ** "નીમકહરામ," "બેવફા," "અપ્રમાણીક." એ બોલ **ગલગ** એટલે "વિલાપ" પણ વંચાય.

[2] એ નામ **દયુન** કે **ઇસુ** બી વંચાઇ શકાય. ઉપલા ફકરામાં જણાવેલો **સએન** એ "ફરવર્દીન યશ્ત"નાં ૯૭ માં ફકરામાં જણાયલા **સએન અહુમ–સ્તૂત** નથી, પણ કોઇ આશમોગ હોવો જોઇએ, જે જરથોસ્તી દીન તરફ દુશ્મની ધરાવતો હતો, અને જરથોસ્તી દીનનાંઓને આડે રસ્તે દોરવતો હતો.

[3] વાંચો **શિકનીહ**; સર્ખાંવો ફારસી **શીકન**, "નમ્રતા", "સાલેસાઈ"; બીજું વાંચણ **શિકૂઇહ**, "માન", સર્ખાંવો ફારસી **શિકૂહ**.

[4] **બ્રાઝી**; અવસ્તા **બ્રાઝ**, "તેજ", ફારસી **બરીન**, **બુર્જ**.

ખાસ્યતને લગતા, પાંચ કુદરતી ખવાસને લગતા, અને પાંચ મોભાને[૧] લગતા. (૨) જીંદગી અને ધનીઆણી અને ફરઝંદો અને સત્તા અને દોલત ખાસ કરીને[૨] બખ્તથી (મળે) છે; પરહિઝગારી કે દ્રવંદી, અથોરનાનપણું કે રથેશ્તારપણુ કે ખેડુતપણું ખાસ પોતાનાજ કામથી (મળે) છે; ખાવું અને હીલચાલ કરવી અને સ્ત્રીસંગ કરવો અને આળસાઇ કરવી[3] અને કામમાં બેદરકાર થવું[૪] ઘણું કરીને ખાસ્યતથી થાય છે; ઉમેદ[૫] અને પ્યાર અને ભલાઇ અને સખાવત અને સચ્ચાઇ ખાસ કરીને કુદરતી ખવાસથી હોય છે; હોશ અને બુદ્ધિ અને તનનું તુર અને તેનો બાંધો એ ખાસ કરીને મોભથી થાય છે. (૩) જે કોઇ યજદાં વિષે તથા ચીજોનાં ખરાંપણા[૬] વિષે કંઈ પણ ગુમાન વગર યજદાંની આરાધના કરે છે તે (ગોયા) યજદાંનું ફરઝંદ છે, અને તેનું સેવટનું મકાન[૭] ગરોથ્માનમાં થશે. (૪) અને જે કોઇ યજદાંની હસ્તી વિષે ગુમાન રાખ્યા વગર, પણ ચીજોનાં ખરાપણા બાબે ગુમાન રાખી, યજદાંની આરાધના કરે છે તે (ગોયા) યજદાંનો બીરાદર છે, અને તેનું મકાન બહેસ્તમાં થશે. (૫) જે કોઇ યજદાંને વિષે ગુમાન રાખીને અને ચીજો બાબે શકમંદ થઇને યજદાંની આરાધના કરે છે તે યજદાંનો નોકર છે, એને તેનું મકાન **હુમએસ્તગાન**[૮]માં થશે. (૬) જો તે યજદાંની નિસ્તીના ખ્યાલ સાથે ચીજોને ખરી નહિં માનીને યજદાંની આરાધના કરે છે તો તે યજદાંનો દુશ્મન છે, અને તેનું મકાન દોજખમાં થશે. (૭) જે માણસ આ પાંચ જાતની સ્થીતીમાં ફાવેલો છે તેજ બખ્તાવર છે; અને જેની પાસે નિચે જણાવેલી પાંચ ચીજો છે તે ઉપલી પાંચ જાતની સ્થીતીમાં ફાવશેઃ—સારો ખવાસ અને ડહાપણુ અને સુલેહસંપજ અને મધ્યમપણું અને કાયદો. (૮) સારો ખવાસ તે છે કે જે પોતે બીજાંઓને ઠગતો નથી; અને ડહાપણુ તે છે કે જેને બીજાંઓ ઠગવાને અશકત હોય છે; અને સુલેહસંપજ તે છે કે જે પોતાનાં રવાન સાથે સુલેહસંપજમાં રહે છે; અને મધ્યમપણું તે છે કે જે હદબહાર અને અધુરૂં અમલ કરતો નથી; અને કાયદો તે છે કે જે અહુરમઝદની દીન મુજબ ચાલે છે.

---

[૧] **આઝરમાની**; ફારસી **આઝરમ** "મોભો"; બીજાં વાંચણ **અવરમાની**, "મુશ્કેલી," "રંજ;" અને **અવરમાલી**.

[૨] **અવીરતર**, "મુખ્ય કરીને," **અવીરતૂમ**ને બદલે.

[૩] **બૂશાસ્ત કરદન**.

[૪] સરખાવો ફારસી **કાર ગુઝારદન**, "કામ છોડી દેવું."

[૫] વાંચો **અઇમીદ**; હસ્તલેખો પ્રમાણે **હુએમ** "ખાસ્યત," "ભલો ખવાસ."

[૬] **હુઇતીહુ ઇ મનદવમ**.

[૭] **ગાસ**; અવસ્તા **ગાતુ**.

[૮] **હુમએસ્તગાન**. જે રવાનોનો સવાબ અને ગુનાહ હેસાબ શુમારની વખતે તદન એક સરખો હોય તેઓને માટે મીનોઇ જેહાનમાં મુકરર કરેલી જગ્યા.

૨ જું, (૧) કહે છે કે (બે) હેરબદો હતા. એક **આત્રો-વરકેશ**[૧] નામનો અને બીજો **આત્રો-મિત્રો** નામનો. (૨) બેઉ જણા મોબદીને લગતાં કામો કરવામાં હુંસ્યાર[૨] હતા; અને દીનને લગતી ફરજો અને ફેસલાઓ[૩] જાણવા સારૂં તેઓ સાથે રાજધાણી[૪] તરફ જતા હતા. (૨) અને મામલો એવો બન્યો[૫] કે ખોરાકની[૬] તંગીને[૭] લીધે કંઇબી ખાવાનું નહિં હતું તેથી તેઓ ભુખા ઘણા[૮] થયા હતા. એવામાં તેઓ એક જગ્યા આગળ આવી લાગ્યા કે જયાં જંગલનો ભાજીપાલો[૯] અને પીવાનું પાણી તેઓને મલ્યું હતું. (૩) તેઓમાંના એકે દરૂન લઈને બાજ ધરી[૧૦], અને બીજાએ ભાજીપાલો એકઠો કીધો, અને તેઓએ તે પેટ ભરીને ખાધો અને પાણી પીધું. (૪) અને પછી **આત્રો-વરકેશે આત્રો-મિત્રોને** કહ્યું કેઃ--"અએ હેરબદ ! એક સઉથી જાલેમ બદી કઇ છે, અને સૌથી લેજતદાર ખોરાક કયો ?" (૫) **આત્રો-મિત્રોએ** જવાબ-આપ્યો કેઃ--"એક બદી જે સૌથી જાલેમ છે તે લોભ છે, અને જે ખોરાક માત્ર[૧૧] સૌથી લેજતદાર છે તે જે હમણાજ આપણે ખાધો તે છે."[૧૨] (૬) અને પછી **આત્રો-વરકેશે**

---

[૧] અવસ્તાઃ **આર્થો-વર·૯કએશો.**

[૨] અથવા "બેઉ જણા દીનનું શિક્ષણ આપવા માટે પુરતા ચાલાક હતા."

[૩] અથવા "દીની કાયદાઓ."

[૪] **બબા**, "દરબાર," "રાજધાનીનું શહેર."

[૫] **અએદૂન અંદાખ્ત અઇધ**, "એવું બનયું કે." સર્ખાવો ફારસી **અંદાખ્તન** શબ્દનો વપડાસ.

[૬] **તૂશગ** ; ફારસી **તુશહ** "ખોરાક."

[૭] **આહૂ**, ફારસી આહ "ખામી".

[૮] **હુનૃચપ્ત**, "ભુખે મરતો", સર્ખાવો ફારસી **ચફદહ**, "વળી ગયલો," "વાંકો થયલો ;" એટલે કે ખોરાકની તંગીને લીધે ભુખમરાથી ભાગી ગયલો.

[૯] **તરગ ઈ દશ્તીગ**, "જંગલનો ભાજી પાલો, તરકારી," સર્ખાવો ફારસી **તરેહ;** જુઓ દીનકર્દનું વૉલ્યુમ ૧૦ મું, પહલવી ટેક્ષ્ટ, પાનું ૪ થું.

[૧૦] આ દરૂનની ચાશ્ની મુસાફરી માટેના ખોરાક તરીકે **સમજવાની** નહિં, કારણકે મને એમ લાગે છે કે સાસાની વંસના જમાનામાં મુસાફરી દરમ્યાંન ખાણાને માટે બીજો ખોરાક ઉપરાંત દરેક ભોણા વખતે બાજ ધરવાને વાસ્તે પોતાની પાસે દરૂન તૈયાર રાખવાનું અને તે સાથે બાજ ધરવાનું અથોરનાનો માટે ફરજીયાત હતું.

[૧૧] પહલવી **હમ-દેના;** સર્ખાવો ફાંસીં **હમ-ઈન** "ફકત," "માત્ર."

[૧૨] ગમે એવું નજીવું ખાનું જે જંગલની તરકારી તથા પાણી સાથનું બનેલું હોય છે તે ભુખમરાની હાલત વખતે ખાવામાં આવે છે ત્યારે ઘણુંજ સંતોષ આપનારૂં લાગે છે. આ વાત ઉપરથી ધડો લેવાનો એ કે માણસોએ જીંદગીમાં લોભી થવું નહિં, ખાસ કરીને મોબેદોએ (તો નહિંજ); કારણકે અનેકવાર પોતાના લોભને વાસ્તે જેવું કંગાળ ભોજણ આ (વાર્તામાંના) અથોરનાનોએ ખાધું હતું તેવું ભોજણ ખાઇને પોતાના લોભની ભુખને મારીને પસેમાન થવું પડે છે.

એમ કહ્યું કે:—"જો સૌથી જાલેમ દ્રૂજને લેહજતદાર ખોરાકથી મારી હઠાવવાનું હોય તો આપણે આ દુન્યામાં (ખુદાઇ) ઇન્સાફને[1] આધીન થયા છીયે, અને (આપણી) ગુનેહગાર હાલતને લીધે આપણે અગત્યની કસોતીમાંથી પસાર થયા છીયે."[2] (૭) અને આવા વાદવીવાદ[3] પછી તેઓ ત્યાંથી છુટા પડયા[4] અને પોતપોતાને ઘરે ગયા, અને પોતાના પેશામાં તથા સુધારા વધારામાં ચાલુ મુકયું.

૩ જું, (૧) કહે છે કે બે કાબેલ હેરબદો હતા જેઓ (પોતાના દીની પેશામાં) હમશરીક હતા, અને ચઢતી કલા[5] અને પરહિઝગારી[6] સાથે આગળ વધતા હતા. (૨) એક દીવસે જયારે તેઓ એક કુવામાંથી પાણી કાઢતા[7] હતા, અને ખેતીનું કામ[8] જે તેઓએ કીધેલું હતું તેને પાણી પુરૂં પાડતા હતા, તે વખતે તેઓ બેઉ સાથે અવસ્તા અને ઝંદ ભણતા હતા. (૩) એવો એતેફાક બન્યો[9] કે શહેર તરફ જતા એક મોબદાન મોબદ[10] (દસ્તુર) તેઓની નજદીકમાં શેહર તરફ જવાના રસ્તાપરથી પસાર થતો હતો, અને તેણે તેઓને ભણતાં સાંભળીને જોઇ લીધું કે તેઓ બેઉ કાબેલ મોબદો હતા, અને તે ઉપરથી તેઓની આમદાની તથા ચાલચલણ વીષે તેણે પુછપરછ કીધી, તથા પોતાના ધંધામાં ભાગ્યા તરીકે તેઓને રોકવાની ઇચ્છા દેખાડી, અને તેઓની આગળ એક શખ્સને (નિચે પ્રમાણે) સંદેસો આપીને મોકલ્યો કે:—"જો તમે તસ્દી જેવું નહી ધારતા હો તો મારી પાસે આવી જજો."[11] (૪) અને તે સંદેશાનો તેઓએ આ સખુનોથી જવાબ આપ્યો કે:-"હાથમાં કામ છે અને જો અમે આવતા રહયે તો કામ (કરયા વગર) રહિ જાય; પણ તમારા શેઠ તો જાનવર ઉપર સ્વારી કરે છે[12] તેથી તેવણને પોતાને અહીં આવવાની એટલીબધી તસ્દી પડશે નહિં, અને વળી અમારૂં કામ (થયા વગર) રહી જશે નહિં."

---

[1] **અઇમાર-અઓમંદીહ** "હીસાબ", "ઇન્સાફ," "ન્યાય."

[2] પહલવી: **વર-અઓમંદ ચેહુવૂન્ત મા આવાયદ.**

[3] **હૂસ્કાર**, "દીનની તકરાર," અથવા "વાદવીવાદ."

[4] **વશ્ત** "પાછા ફર્યા;" અવસ્તા **વર્ત**, ફાર્સી **ગશ્ત**.

[5] **વૈશાસ્તગીહા.**

[6] **પાહરીખ્તગીહા**; એનો શબ્દાર્થ "પરહિઝી અથવા મધ્યમ ટેવો સાથે."

[7] હીશ્તન અથવા **આહિખ્તન**; અવસ્તા હંચ "ખેંચવું;" ફાર્સી **હેશ્તન**, **આહંચીદન** અથવા **આહીખ્તન.**

[8] **વર્ઝઈ કરદન**, "ખેડવું," "ખેતીકામ કરવું," ફાર્સી **બઝીંગર**.

[9] **હંદાઝિશ્ન આનગૂન ચેહવૂન્ત**, "એવો બનાવ બન્યો કે."

[10] મોબેદોનો વડો અથવા દસ્તુર.

[11] **લિપમમૂનતન**, "આવવું"

[12] એનો શબ્દાર્થ "ઉપર બેસે છે."

(૫) અને જ્યારે તે મોબદાન મોબદે આ શબ્દો સાંભલ્યા ત્યારે તેણે વિચાર કીધો કે તેઓ દાનાઇથી બોલ્યા હતા; તેવણુ પોતેજ ગયા અને તેઓ સાથે વાતચીત કરવા માંડી[૧] અને સલામ સાથે પોતાની મરજીથી[૨] પોતાનાં કામમાં ભાગ લેવાની અરજ કીધી. (૬) તેઓએ આ પ્રમાણે કહયું કેઃ "અમને આ ચીજની કંઇ જરૂર નથી,[૩] પણુ તે ચીજ અમને સારી લાગે છે કે જે ચીજ અમે અમારા હાથની મહેનતથી, ગોયા તે અમારીજ હોય તેમ[૪], પેદા કરયે[૫] છીયે. (૭) મહેરબાની કરીને ધ્યાન આપો કે વડા હેરબદનાં ઘરમાં કંઇબી ખર્ચ વગર[૬] કોઇબી ચીજનો વધારો થવા પામ્યો[૭] હોય તો એવી રીતે વર્તો કે બેશુમાર પાણીથી[૮] હેરબદ સધાવી આવે નહિં, તેમજ બીજાંઓ પાણીની તંગીથી મરી જાય નહીં." (૮) અને તે (વડો) હેરબદ આ પ્રમાણે (તેઓનો જવાબ સાંભલી) સમજ્યો કે. "આ શબ્દો તેઓ મારી મોટી દોલતના સંબંધમાં બોલે છે;" અને તે પોતાને મકાને ગયો, અને દરેક જણુને માટે બે હજાર જુજુ (દીરહમ સીકકા[૯] જેવા) મોકલ્યા. (૯) પણુ બેઉ જણુાઓએ બે જુજુ કરતાં કંઇબી વધુ[૧૦] લીધું નહીં, અને બાકીનું પાછું તેની ઉપર મોકલી આપ્યું. (૧૦) અને તેઓએ સંદેશાનો આ પ્રમાણે જવાબ આપ્યો કેઃ-"અમોએ તમને કંઇ એવું કહ્યું નથી કે તમો અમારે ઘરે રૂપાંના સીકકા[૧૧] મોકલો, છતાં જે જરૂરનું હતું તે અમે લીધું છે, અને બાકીનું

---

[૧] **મિલયા રાયઇનીદ.**

[૨] સર્ખાવો પહલવી **વન્દા** "મરજી," "ઇચ્છા." ફારસીમા **વંદનો** અર્થ "અજમાએશ," "મહેનત," "વખાણુ" થાય છે. બીજી રીતે તરજુમો કરયે તો "અને ઉડારતાથી કામ, ભાગીદારી અને ધંધો (**વંદગી**) સોંપવા માગ્યો."

[૩] **બએન લા આવાયદ.**

[૪] **બરા ચીગૂન માન.**

[૫] **ઝાઇમ,** "અમો પેદા કરયે છીયે."

[૬] **અનવહાગ-ઇચ-ઇ રોએશા,** સર્ખાવો ફારસી **બહા ઇ સર,** "મોટો ખરચ."

[૭] **વિશાદ ચેગવીમૂનેદ.**

[૮] એટલે કે "પુષ્કળ દોલત."

[૯] **દેરહમ** તરીકે જણાયલા ઇરાની સીકકાઓની કીમતની બરાબરનો સીકકો.

[૧૦] **બરા દો જુજુ ઇ ફ્રેહ મનદવમ.**

[૧૨] વાંચોઃ **આસીમ-નિશાસ્ત.** હસ્ત લેખોમાં **નિશારપો,** અસલ **નિશાસ્ત** બોલનું બગડેલું રૂપ છે. એનો અર્થ "રૂપાંનો ટુકડો, પઇસા તરીકે ઓલખાતો." **આસીમ-વિશારપો** વાંચણુ મુજબ "ચળકતા રૂપાંના ટુકડા;" સર્ખાવો ફારસી **ગશરબ.** DP. અને DM. મુજબ **અયાવ-વિશારપો,** "ચળકતી આવક," અથવા **અયાવ-નિશાસ્તો,** "બેઠ્ઠી આવક."

તમારી ઉપર પાછું રવાના કીધું છે, જેથી અમારાં કરતાં જે કોઇ વધારે હાજતમંદ[1] હોય તેને તે તમો આપો કે તેને વધારે સારા ઉપ્યોગને[2] માટે કામ લાગશે.”°

૪ થું, (૧) કહે છે કે **અનૂશહુ-રવાન** ખુસ્રૂ (પાદશાહ) એ કહયું હતું કેઃ-“આ ત્રણ નસીહતો તે નસીહતો છે કે જે શહાનશાહ,[3] પાદશાહો, સત્તાદાર લોકો તથા બીજા દરેકે[4] જાણવી જોઇએ, અને ઘણી બારીકીથી સમજીને પોતાની ફરજો બજાવવી જોઇએ. (૨) એક તો પદાર્થનો નાશ[5] કેમ થાય છે તે જાણવું, બીજું મનની શાંતિ, અને ત્રીજુ સંતોષ (ને પીછાણવો). (૩) કારણકે નાશ કેમ થાય છે તે પીછાણ્યાથી દરેક જણ એક દીવસ યા રાતે જે કંઇ[6] પોતાને પણ બનશે તે પોતાને માટે જાણે છે. (૪) અને મનની શાંતિ પીછાણ્યાથી દરેક જણ પોતાનાં મનને એવા ખ્યાલથી નરમ કરે[7] છે કેઃ-“દુન્યામાં[8] વળી જે સૌથી ધુજાવનારી આફતો આવે છે, અને જે રવાનને[9] ખમવી પડે છે, તે મારી ઉપર પણ આવશે.” (૫) અને સંતોષને પીછાણ્યાથી એમ બને છે કે જ્યારે કોઈની ઉપર એવી રીતે આફત આવી પડે છે કે (તેનો) ઉપાય શોધવાનું બની શકતું નથી, તે વખતે તે આપોઆપ સંતોષ પકડે છે; તે (પોતાની ઉપર) બેવડું દુઃખ[10] હોરી લેતો નથી, (દાખલા તરીકે) એક તો તે કે જે આફતના આવી પુગવાથી થાય છે, (અને) બીજું તે કે જે અસંતોષથી ઉભું થાય છે.[11] (૬) એવું કહેવામાં આવે છે કે જે કોઇ કંઇબી બન્યું છે તેથી સંતોષ પામે છે તેને દેખ્ઇતી રીતે ગરજ હોતી નથી; કારણ કે જે કોઇ

---

[1] **અંદર આવાયદ**, **બએન આવાયદ**ના જેવોજ અર્થ ધરવે છે.

[2] **અ-વઝીન-તર**; ફાર્સી **ગુઝીની**, “મીલ્કત.”

[3] **ખૂદાયાનપત.** DP. અને K. મુજબ “અમીરો, પાદશાહો અને તવંગરો.”

[4] **અવારીગ-ઇચ કોલા અઇશ.**

[5] **ફ્રસાવ-દીહ્**; જુઓ દફતર છઠું, વૉલ્યુમ ૧૧ મું, ફકરો ૧૮૦ મો... સર્ખાવો અવસ્તા **ફ્ર-સા** “કાપી નાંખવું;” ફાર્સી **ફ્રરસા** “ઘસાઈ ગયલુ”.

[6] જેમકે “મોત યાને તનની નાશકારક હાલત”.

[7] સર્ખાવો ફાર્સી **નર્મ કરદન.**

[8] એનો શબ્દાર્થ “જે આ દુન્યામાં છે.”

[9] વાંચો **નિસ્મો**, “રવાન અથવા જીંદગી”. બીજી રીતે વાંચો : **વ ગદા શાયદ દેખૂનાં**, “અને તકદીરથી બની શકે”. DP. ના વાંચણ મુજબ **વ કામ શાયદ દેખૂનાં** “અને જેને ખુશાથી શરણ થવું જોઇએ,”

[10] **સર્યા દો-ગાનગ**; સર્ખાવો ફાર્સી દો·ગાનહ.

[11] અસંતોષથી જે ખરાબી કોઈની ઉપર આવી પડે છે તેનો ઉપાય થતો નથી, પણ તેવી એક ખરાબીનો ઉમેરો થાય છે.

સંતોષ પામેલો છે તે સાંધણોથી ભરપુર છે,[૧] અને જે કોઇ અવિચારી[૨] હોય છે તેની પાસે ઇલાજ કે ચારો[૩] હોતો નથી.

૫ મું, (૧) કહે છે કે **આત્રો-અઉહરમઝદનો** છોકરો **વોહૂદાત**[૪] એક મોબદાન મોબેદ હતો; તે એક જગ્યા નજદીક આવી લાગ્યો (કે જયાં) તેણે બે હેરબદોને જોયા કે જેઓ પહાડ ઉપરથી પોતાની પીઠ ઉપર લાકડાના ભારા લઇ જતા હતા, અને થાકી ગયલા હતા, **અને** તેઓ બેઉ જણા સાથે અવસ્તા-ઝંદ ભણતા હતા. (૨) વોહૂદાતે તેઓને આ પ્રમાણે પુછ્યું કે:-- "જયારે તમે દેખઇતી રીતે તમારાં કામમાં હુશીયાર[૫] છેઓ, અને અનુભવી[૬] છેઓ ત્યારે તમે આ રીતે કાંય[૭] જેહમત ખેચો છેઓ?" (૩) અને તેઓએ જવાબમાં આ પ્રમાણે કહયું કે: "અમે સાંભળ્યું છે કે જે આફ્ત **અહરમને** પેદા કીધેલી છે,[૮] તેને આ દુન્યા અથવા મીનોઇ દુન્યામાંની દરેક જગ્યાએથી ધીમે ધીમે[૯] દરેક આદમીએ દુર કરવી જોઇએ,[૧૦] અને અમે જયારે આ દુન્યામાં અમારો પોતાનો હીસ્સો[૧૧] બજાવ્યે છીયે, અને તેની સાથે સાથે તે આફ્તનોબી અંત આવે છે, ત્યારે તે રીત અમને વાજબી લાગે છે. (૪) વળી ખોરશેદની અને માહબોખ્તારની રોશની જે આપણે જોઇએ છીયે, તે અને ખોરાક, સત્તા, આફ્તના ઉપાયો અને સાંધણો, અને બીજી ઘણીક બખશેશો જે આપણને જીંદગીમાં મળે છે[૧૨],—આ બધી ન્યામતોને વાસ્તે આપણે યઝદાંનો

---

[૧] સૌથી ખરાબ સંજોગોમાં એક સંતોષી પુરૂષ, જેટલો પોતાને જોઇતું બધું હોય તે વખતે સુખી હોય, તેટલોજ હોય છે.

[૨] **પવન અમાર;** એનો શબ્દાર્થ "દરેક ખરાબીને ગણત્રીમાં નહિં લેતો," એ ઉપરથી "અવિચારી".

[૩] **અચારગનો** સાધારણ અર્થ "લાચાર;" કદાચ **વ મૂન અખૂર્સંદ પવન અ-માર અ-ચારગ,** એટલે "અને જે કોઇ અસંતોષી હોય છે તે અતિષ્ય લાચાર હોય છે."

[૪] **વોહૂદાત** (અવસ્તા **વંઘહુ-ધાત**) તેના જમાનામાં એક વખણાયલો વડો ધર્મગુરૂ યાને દસ્તુર હતો. **નીરંગસ્તાન અને શાયસ્ત લા-શાયસ્તમાં** જાણીતા થયલા શરેહ કરનાર દસ્તુર આત્રા-અઉહરમઝદનો તે છોકરો હતો.

[૫] પહલવી **કર્દગાર,** ફારસી **કર્દગાર,** "કુશલ પુરૂષ," "કામ કરનાર".

[૬] **અવઝાર-અઓમંદ.**

[૭] **મા ચીમ રાઇ,** "કયાં કારણ યા સબબને માટે".

[૮] **યેહુબૂન્ત યેગવીમૂનેદ.**

[૯] "રફ્તે રફ્તે."

[૧૦] **વિતારતન આવાયદ,** ફારસી **ગુઝારદન.**

[૧૧] **બાહર,** "હીસ્સો."

[૧૨] **વન્દીમ ;** બીજી રીતે **વનિસ્મો,** "અને જીંદગી" વાંચી શકાય ; જે ઉપરથી "જીંદગીમાં (મળી શકતી બીજી ઘણી ન્યામતો)."

અહેસાન માનવો જોઇએ;[1] અને મીનોઇ તેમજ ગેતીની હસ્તીઓ તે પસંદ કરે, અને આપણુ માણુસ જાત, જેઓની કોઇબી જાતની નેકી ભેળસેળ થયલી હાલતની ગણાવી નહિ જોઈએ, તેઓ મીનોઇ હાલતમાં દોજખમાં જઇએ નહિં; (જો એમ નહિં તો) કોઇનીબી પહેલી નાપસંદગી આપણા વિષે થાએ, અને બેહેસ્તના જેવી અજાયબી ભરેલી જગાએથી આપણે જુદા થઇ જઇએ."

૬ ઠું, (૧) કહે છે કે ઉપલોજ **વોહૂદાત** આ પ્રમાણે કહી ગયો છે કે: "જે કોઇ લાંબો વખત દાનાવોની પુઠે ચાલ્યો હોય છે, અને જે પોતેબી દાનાવ હોય છે, તેને માટે આ દાનાઈ ઘણીજ ફાયદા કારક છે,[2] કે તે પોતાની તરફ ખચ્ચીત આ પ્રમાણે ધ્યાણ આપે છે કે: "હું શું છેઉં, અને મારો શાની ઉપર આધાર છે, અને હું શાની પુઠે જાઉંછું?" (૨) અને વોહૂદાતે વળી વધુ એમ કહયું છે કે:– "યઝદાં આપણી પાસેથી પુષ્કળ (**વેશ**) પાકિઝગીની કંઇ ચીજો માંગે છે, અને પાકિઝગી તે સાબુત (**ન્યોગ**) તથા નેક સ્વભાવ; વળી જેણે પોતાનો સ્વભાવ સુધાર્યો નથી તેની પોતાની તરફ યઝદાંતું પોંહોંચવું કમ હોય છે (**રશિશન કીમ**)."

૭ મું, (૧) કહે છે કે **આદરબાદ મહરસ્પેન્દ** આ પ્રમાણે કહી ગયો છે કે "માનવીઓએ બદ ખાસ્યતને પીછાણવી જોઇએ, અને તેનેથી દુર થઇને તે તજવી જોઇએ,[3] કારણ કે બદખાસ્યતને પીછાણયાથી[4] તથા તેને તજયાથી ખરાબ શકિત (**દ્રૂજ**)ની શિકસ્ત થાય છે, અને તેથી માનવીનો દોજખથી છુટકારો થાય છે.[5]" (૨) આદરબાદ વળી એમ કહી ગયો છે કે: "જયારે[6] મારી ઉપર આફ્ત આવતી હતી ત્યારે નિચે જણાવેલા ત્રણ દીલાસો આપનારા વિચારો[7] મારામાં જરૂરજ હતા; એકતો એ હતો કે જેવી તે આફ્ત મારી ઉપર પાડવામાં આવતી હતી કે અહરમનના હથીયારોમાંથી આફ્તનું તે એક હથીયાર મારી ઉપર ફેંકવામાં[8] આવ્યું હતું, અને ઓછું[9] થયું હતું

---

[1] વાંચો **વા-નિગારદન**; સર્ખાવો ફારસી **વા-નિગિરિસ્તન**, "સંભાળ લેવી." બીજું વાંચણ **વા હુંગારદન.**

[2] એ "કમપેરેટીવ" વિશેષણ "સુપરલેટીવ"ની મતલબે અહિયાં વપડાયલો છે.

[3] **વ રખીગાહી અઝશ પખ્રતન.**

[4] કલમી કેતાબોમાં અહીંયાં **મુન**ને બદલેના શબ્દ તરીકે **અમત** વાપડાયલો છે, જે અસલ **મીન**નું બગડેલું રૂપ હોય એમ મને લાગેછે.

[5] **ગશ્ના બૂખ્ત.**

[6] **અમત–અમ** ને બદલે **મુન–અમ** છે.

[7] **આસાન-મીનિશ્નીહા**, "દીલાસો આપનારા વીચારો."

[8] ચાલુ રેવાજી વાંચણ: **ગોપ્કોનત**; અસલ હીબ્રુ અને ખાલ્દી મુળ **દનપક**, "લગાવવુ", "મારવુ". પહલવીમાં જવલેજ એ શબ્દ વપડાય છે, એને બદલે સાધારણ રીતે **અવ ઝદન** આવે છે.

[9] અવસ્તા **કસુ**, ફારસી **કસ્તન**.

(ફસ્ત); બીજો એ (હતો) કે હું (તે આફત પડતી વેલા) પોતાને મુબારકબાદી[1] દેતો હતો, કારણ કે જે કંઇ સૌંથી બદ ખરાબી બનવાની હતી તે બની ગઇ હતી; બીજો એ હતો કે આફત (ફકત મારાં) તન ઉપર આવી પડી છે કે જે (તન) નાશને આધીન થનાર છે, પણ મારાં રવાન ઉપર આવી પડી નથી કે જે રવાન કાયમ રહેનાર છે.” (૩) આદરબાદ વળી એમ કહી ગયો છે કે: “હું કોઇની તરફ હમેશાં ભલો છું વાસ્તે કોઇએબી મારી સાથે ખાસ બુરાઇ કીધી નથી; કારણ કે જે કંઈ આપણે છુટું છુટું બીજાઓને વાસ્તે કીધેલુ હોય છે તે આપણને પોતાને વાસ્તે પાછું જરૂરજ કરવામાં આવશે.”[2] (૪) આદરબાદ વળી એમ કહી ગયો છે કે: “જયાં સુધી તમે પોતાને લાયક બનાવો ત્યાં સુધી તમે મુબારક છેઓ,[3] કારણ કે જેઓ લાયક છે અથવા[4] જેઓ યઝદાંની ન્યામતો પીછાણે છે,[5] અને જેઓ જાણે છે કે કોઇનુંબી ભલું કરવું જરૂરતુ છે—એવુ ભલું કે જે આ દુન્યા તથા મીનોઈ દુન્યાને ઘણુંજ લાયકનું[6] છે—તેઓ[7] સુખી છે; અને જેઓ બીજી દુન્યામાં લાયક લોકોને કેવો બદલો મલે છે તે જોએ છે અને તેનો વિચાર કરે છે, કે જયાં કંઇબી ભલું હોય અને જે તેઓએ બજાવવું જોઇએ[8] તે તેઓ બજાવે છે; કારણ કે બેઉ મીનોઈ અને ગેતીની દુન્યા તેઓની પોતાનીજ હોય છે અને તેટલા માટે જેઓ લાયક હોય તેઓ હમેશાં તે પીછાણતા હોવા જોઇએ.” (૫) “હું વળીં ભવિષ્ય[9] જોવુંછું, અને તે ખુલ્લી નિશાણીઓથી[10] પીછાણું છું, અને જે

---

[1] એજ શબ્દનો આજ વૉલ્યુમમાં આદરબાદે કીધેલો વપડાસ તપાસો. જુઓ A., ફકરો ૫ મો, લીટી ૬ ઠી, પાનુ ૩૫ મું, અને ફૂટનોટ ૪ થી.

[2] એ પ્રમાણે DP. અને K. મુંજબ; પણ DM મુજબ **અકર્જ લા અઇશ રાઇ ન્યોગ, અઇશ લિ રાઇ સર્યા પવન. વ માતગવરીહા લા કરદન, મા માન દેના જવીત જવીત માતગવરીહા પવન નફશા તન કર્દ**, “જો હું કોઈની સાથે ભલો નહિં (થાઉ) તો કોઇબી મારી સાથે તેટલા માંટે (**પવન**) ભુંડો (થશે), ખાસ કરીને તે (એટલે, ખરાબી) કરવી જોઈએ **નહિં**, કારણ કે આ (ખરાબી) ખાસ કરીને આપણનેજ જુદી જુદી પોતાને કરવામાં આવશે.

[3] **લિપન્મૂનીદ**, હીબ્રુ-ખાલ્દી: **લિપન્મા**, “આવવું,” “લઈ આવવું,” બીજી રીતે “તમોએ કામો ઉત્પન્ન કરવાં જેથી કરીને.........”

[4] **અયુવશ**, “અથવા જે.”

[5] એનો શબ્દાર્થ “જેઓ યઝદાંથી (મળતા) ફાયદાને પીછાણનારા હોય છે”. DM. મુજબ **અયુવશ દહુયૂપત શાન** (અથવા, **દહયુપત યઝદાન**) **સુદ શનાસ હુવા-અંદ**, “અથવા તેઓ પોતાના પાદશાહ (અથવા, પાદશાહ યઝદાં)થી મળતા ફાયદાને પીછાણનારા હોય છે.”

[6] **આવા યશ્નીગતર**.

[7] **ઓલા** અહીંયા **ઓલાશાનને** બદલે વપડાયલો છે.

[8] **શાયદ દેબૂનાન્દ**.

[9] **હીબ્રુ-ખાલ્દી: મખ્ર** “આવતી કાલે,” એટલે “ભવિષ્ય”.

[10] **પવન દખ્શગ**, સર્ખાવો **અવસ્તા દક્ષ્ત**, “દેખાઇતી નિશાણીઓ.”

દેવ ઘણો ફરેબ આપનાર, ઘણો ઉડાવનાર (**સ્પુજગર**,[1]) અને (બુરાઇ કરવા માટે) ઘણો ઉશ્કેરનાર છે, અને જે અજીમ ગુનાહગાર છે, તેનો હું મજબુત રીતે રસ્તો કરી શકું[2] છું."

૮ મું. કહે છે કે **આદરબાદ જરથોશ્તે** આવા દેવને તદન (**સ્પુરીગ**) મારી હઠાવ્યો હતો; સબબ કે હમેશાં બધાં સવાબના કામો જે આગળ વધારવાને વાસ્તે પ્રગટી નિકલે તે સઘળાં પોતાની જીંદગીના અયામમાંજ વધારવાં જોઇએ, અને કોઇબી લાંબી મુદત સુધી તે દાબી રાંખવાં[3] નહિં જોઇએ.[4]

૯ મું. એજ આદરબાદને વાસ્તે કહે છે કે તે એમ કહી ગયો છે કે: " દરેક શખ્સે આ પ્રમાણે જાણવું જોઈએ કે 'હું કયાંથી[5] આવ્યો છું, અને હું શા માટે અહીંયા છેઉં, અને પાછો કયાં જયઇશ ?, અને મારે પોતાને વિષે હું જાણું છું કે અહુરમઝદ ખુદા **તરફથી** હું શા માટે આવ્યો છુ, અને અહીંયા હુ બુરી શકિતને નાતવાન કરવા માટે છેઉં,[6] અને હું પાછો **અહુરમઝદ** તરફ જયઇશ."

૧૦ મું, (૧) કહે છે કે **આદર-ફ્રોબગ** અને **આદર-બુજીત**[7] જયારે તેઓ દસ્તુરની[8] પદવીમાં **વોહૂદાતની** સાથે હમશરીક હતા, તેઓ જયારે **વોહૂદાતને**] મળ્યા ત્યારે આ પ્રમાણે પુછયું કે: "જયારે અમે બી બેઉ જણા અવસ્તા અને ઝંદ મોંઢે જાણ્યે છિએ, અને અમેબી મોબેદો છીયે, ત્યારે અમારા કરતાં અથોરનાનોમાં તમારૂં નામ તેઓ વધારે શા સબબે લે છે." (૨) અને **વોહૂદાતે** જવાબમાં આ પ્રમાણે કહ્યું કે: "કદાચ આને લીધે; જાણવું કે જો એકવાર હું અશોઈને માટે **ઉલટમંદ** થયો (**તપ્ત હવાઆએ**) તો હું કદીબી ઠંડો પડતો (**અપ્સર્દ**) નથી."

૧૧ મું, (૧) કહે છે કે એક માનવી એક પહાડ આગળ આવી લાગ્યો, અને એક માણસ જે તે પહાડમાં રેહતો હતો તેને જોયો. (૨) તેણે તેને આ પ્રમાણે

---

[1] અવસ્તા **સ્પેન્જધ્ર**, "વીજળીના તોફાનનો દેવ"; એ બોલનું પહલવી રૂપ **સ્પુજગર**.

[2] સર્ખાવો ફારસી **તવાન કરદન**. [3] **ઓલ ઝીમાન ઇ વેશ લા સ્પૂખ્તન.**

[4] એ ઉપરથી જીંદગીની મતલબ બુરાઇની સામે લડાઇ કરવાનું અને તેની ઉપર જીત મેળવવાનું મુકરર કરેછે. જો તેનો અર્થ આ હોય કે આ દુન્યાની જીંદગીની એ એકજ મતલબ છે, તો તેમાં સ્વવૃદ્ધિનો અર્થબી સમાવવો જોઈએ, પછી તે એવું બતલાવશે કે બુરાઇનો અંશ આપણી પોતાની ખાસ્યતમાંજ જગ્યા રાખે છે, જેને જીત્યાથી આપણે નીતિના પ્રમાણમાં પોતાને ઉંચે ચહડાવ્યે છિયે.

[5] બેહતર **મિન અઇધ.**

[6] **અપાદખ્શાઇ કરદન ઇ દ્રુજ.**

[7] એઓ ખુસ્રૂ કોબાદનાં રાજમાં થઇ ગયા હતા.

[8] **મગૂપતાન-મગૂપત.**

[9] ભલો દસ્તુર થવાને વાસ્તે કાળજી અને ખંત જ્ઞાન અને કાબેલ્યતની સાંથે સાથે હોવાં જોઈએ.

પુછ્યું કેઃ "તારૂં નામ શું છે, તારો ધંધો શું છે, અને તારો ખોરાક શું?" (૩) અને તે ધણીએ[1] આ પ્રમાણે કહ્યું કેઃ "મારૂં નામ **રંજ-સપુજ** છે,[2] મારો ખોરાક ઝાડોને ફળ મેવો છે, અને મારૂં કામ એ કે ગુનાહ કરવો નહિ." (૪) અને તે માણસે આ પ્રમાણે કહ્યું કેઃ "તે નામબી ભલું છે, તે કામબી ભલું છે, તે ખોરાકબી નેક છે." (૫) અને તે ધણીએ આ પ્રમાણે પુછ્યું કે; "તે તમારી ઉપર કેવી અસર કરે છે?"[3] (૬) અને તે માણસે આ પ્રમાણે જવાબ આપ્યો કેઃ " તે મારી આગળથી અસંતોષને ધસડી લઇ જાય છે."

૧૨ મું, (૧) કહે છે કે **સગીજ**[4] ના રહેવાસી **અઉહરમઝદે** ગુજર પામતી વખતે પોતાના શાગેર્દોને નસીહત તરીકે આ પ્રમાણે કહ્યું હતું કેઃ "હું તમને ત્રણ ફરમાણો જાહેર કરૂં છું, અને જો તમે તે અમલમાં મુકશો તો પછી તમે મીનોઇ દુન્યાની નેકીનું સુખ (**ખ્વાર**) પ્રાપ્ત કરશો. (૨) હમેશાં આ યાદ રાખજો કે મારે ત્રીસ વરસમાં મરી જવાનું છે, માટે તનની ખાહેશ અને ઈચ્છાઓને ખાતર ગુનાહ કરવાનું કંઈબી ખપતું નથી. (૩) અને તમારી ધનીઆણી તથા ફરજંદોને વાસ્તે આ પ્રમાણે વિચાર કરજો કે તેઓને માટેની રોટલી (તમારા પછી) બીજાંઓ પાસેથી મેળવવાની છે. (૪) અને દોલતને માટે એમ વિચાર કરજો કે તે જંગલમાની ધુળ[5] મીસાલ ફેંકી દેવાશે. (૫) દરેક જણે દીની ફરજો તથા બજાવવા લાયક સવાબના કામો પાછળ મંડવું જોઇએ,[6] વાસ્તે તેઓને દુર કરશો[7] ના.

---

[1] **મીરગ**, ફારસી **મીરહ**; જુઓ **કારનામગ ઇ અર્તખશીર**, બાબ ૧૧ મો.

[2] "મુશ્કેલીનો ટાળનાર"

[3] એનો શબ્દાર્થ "તારી પાસેથી તે શું લઇ જાય છે?"

[4] એ શબ્દ કોઈ **માણસના** નામ કરતા કોઇ જગ્યાનું નામ હોય એમ લાગે છે. એ **સગીસ્તાન**નું બીજું નામ છે. સર્ખાવો **સક**, અસલી ઈરાનની બેહસ્તાનના લેખોમાં, માળા **૧** લી, પ્રકરો ૬ થો, દસ્તુર પેશોતન મેમોરીયલ વૉલ્યુમઃ "અવસ્તા **પ**હલવી એન્ડ એન્શંત પર્શિયન સ્તડીઝ," પાનુ ૨૩૬ મું.

[5] **વર્ત**, ફારસી ગર્દ "ધૂળ."

[6] **કરદન શાયદ**, "જે કરવું જોઇએ તે."

[7] **અલ સ્પૂજીદ**.

Glossary of Select Words.

[illegible] (*apastân*) § CCXCI., 2, p. 11, l. 4, *n.*, "prayer," "assistance," અરજ, મદદ; Av. [illegible], [illegible] + [illegible], "support"; see [illegible] in Yasht V., 63.

[illegible] (*arêd*) § CCCV., 2 , p. 21, l. 8, *n.*, "torment," દુઃખ, મુશીબત; Av. [illegible] "to wound," "to do harm;" comp. [illegible]. It can be read: *alag*, "ruin," "destruction," નાશ, ખરાબી; comp. Arabic الك.

[illegible] (*aeshma-vînd*) C., § III., p. 54, l. 8, *adj.*, "excited," "over-powered by wrath," ઉશ્કેરાયલો, ગુસ્સાને આધીન થયલો; comp. Av. [illegible] "wrath," and [illegible] "to conquer." It may be read: *aêshmô-gunî*, "wrathful."

[illegible] (*aûruspîh*) C., § XX., p. 60, l. 1, *n.*, "moral degradation," અનીતિને લીધે રૂસ્વા થવું તે; comp. Pahl. [illegible]; Pers. رسوا

[illegible] (*âzarmânî*) D., § I., 1, p. 87, l. 4, *n.*, "eminence," "dignity," મ્હોટાઇ, આબરૂ; Pers. آزرم. Other readings: *avarmânî*, "difficulty," Pers. اور مانے or *avarmâlî* "gummy exudation," Pers. اور مالے

[illegible] (*a-vazîntar*) D., § III., 10, p. 94, l. 7, *adj.*, "much less provided," ઘણું કમ ધરાવનાર; comp. Pers. گزینے "property."

[illegible] (*afsardan*) D., X., 2, p. 102, l. 7, *v.*, "to be cool," "to freeze," ટાઢું થવું; Av. [illegible] "cold, Pers. افسردن

[illegible] (*ahû-gâr*) § CCCV., 3, p. 22, l. 1, *n.*, "vital activity" જીવનશક્તિ; Av. [illegible] "life." It can be read: *khângâr*, "a house-builder."

[illegible] (*a-ham-khâr*) B., § XIV., p. 43., l. 6, *adj.*, "unsympathetic," દીલસોજી વગરનો; comp. Pers. [illegible] or [illegible]

[illegible] (*khanîg*) § CCCIV., 9, p. 21,

l. 4, *adj.*, "bright," પ્રકાશિત્; Av. [illegible] "to shine."

[illegible] (*khûrdagân*) § CCLXVII., 3, p. 2, l. 2, *n.*, "juniors," પદવી કે ઉમરમાં ઉતરતાઓ; Pers. خرده

[illegible] (*khûst*) § CCC., p. 15, l. 1, *v.*, "wounded" ઘાયલ થયલો, ઈજા પામેલો; comp. Pers. خوستن or خستن "to wound."

[illegible] (*khvaétûg-das*) C., § LXXXII., p. 84, l. 3., *n.*, "self-sacrifice," "self-devotion," "self-communion," આત્માર્પણ, સ્વાર્થત્યાગ કરવો તે; Av. [illegible] from [illegible] + [illegible]

[illegible] (*khûdâyān-pat*) D., § IV., 1, p. 94, l. 10, *n.*, "the head king or the chief of rulers," meaning "an emporor," પાદશાહોનો વડો, શહાનશાહ; Av. [illegible] "lord," "master."

[illegible] (*khûrast*) C., § IX., p. 57, l. 1, *adj.*, "drunk," પીધેલો; Pers. خرست "drunk." Another reading: [illegible] *nâvardich*, Pers. نبرد, hence "prone to fight."

[illegible] (*khûnînîdan*) C., § XX., p. 60, l. 4, *verb*, "to mutilate," પાંગળુ લુલુ કરવું; Pers. خونينيدن "to shed blood," "to wound." It can also be read: *an-vînîdan*, "to connive at," આંખ મીચામણી કરવી.

[illegible] (*ham-pazîn*) A., § VI., 5, p. 37, l. 9, *n.*, "original," અસલ નકલ; see the *Pahlavi Pazend Glossary*, p. 180; comp. Pers. ترجمه "a translation."

[illegible] (*ham-nâzîg*) B., § XLIX. p. 52, l. 7, *adj.*, "being in consort with," સાથે મળીને કામ કરતો; comp. Per. نازیدن Another reading: *ham-vâchîg* "co-preacher," સાથે બોલનાર યા વાઝ કરનાર; Avesta [illegible] "to speak."

[illegible] (*hamaêstagân*) D., I., 5, p. 88,, l. 9, *n.*, "the region reserved for the souls of those departed ones whose good and bad actions are equal," ગુજરેલાં રવાનો જેઓના સવાબ અને ગુનાહ એકસરખા, તેઓને માટેની જગ્યા; Av. [illegible] [illegible]

[illegible] (*han-chaptan*) D., II., 2, p. 90, l. 3, *v.* "to starve,"

ભુખે મરવું; Av. rt. [illegible] or [illegible] "to collapse," Pers. چفیدة "bent," that is, broken down owing to starvation.

[illegible] (*hishtan* or *âhikhtan*) D., III., 2, p. 91, l. 9, *v.*, "to draw water" કુવામાંથી પાણી કહાડવું; Av. rt. [illegible] "to draw," Pers. آهنجیدن, هشتن

[illegible] (*dezêḍ*) § CCLXXI, p. 4, l. 1, *verb*, "strengthens," મજબુત કરેછે; Av. [illegible] "building;" Pers. دژ,; hence Pahl. [illegible] *dezîḍan* "to fortify."

[illegible] (*dashnîgîh*) § CCLXXV., 2, p. 5, l. 10, *n.*, "materialism," જડવાદ, દેહાત્મવાદ, Per. دشنگ "matter," "world." Other readings: *sâvîgîh, sakhunigîh, sânîgîh.*

[illegible] (*drenjishn*) § CCCIII., 3, p. 17, l. 6, *n.*, "union," એકમતી; Av. [illegible] "to unite." It also means: "recitation," Av. [illegible] "to recite."

[illegible] (*dêl-sûchag*) B., § XIV., 18, p. 42, l. 9, *adj.*, "compassionate," દીલસોજ; Av. [illegible] "heart" and [illegible] "to burn," originally "heart-burning;" Pers. دلسوز "sympathetic."

[illegible] (*dast-girûgîh*) B., § XIV., 24, p. 43, l. 5, *n.*, "to give a helping hand," મદદ માટે હાથ લંબાવવો; Av. [illegible] and [illegible] "to hold;" Pers. دستگیری

[illegible] (*dandish*) C., § XIII., p. 58, l. 4, *n.*, "muttering (insincere) prayers constantly," બંદગીના કલામો નેક મનશાની વગર બડબડયા કરતા;" Pers. دندش

[illegible] *danpakûntan* or *gôpakûntan*) D., VII., 2, p. 99, l. 6, *v.*, "to smite," મારવું, Chald. *danpak* "to strike."

[illegible] (*dirangîh*) C., § XIX., p. 59, l. 9, *n.*, "sadness," બળાપો; Pers. دژنگ "afflic-" ted."

[illegible] (*gaz*) C., XXXII., p. 64, l. 10, *adj.*, "perverse," કુજતી, વાંકો, Pers. گژ "crooked."

[illegible] (*gazdûm*) C., XLVII., p. 51, l. 10, *n.*, "scorpions," વિંછુ; Av. [illegible]

[illegible] (*gardîh*) C., LXXXII., p, 84, l. 2, *n.*, "decay," નાશ; Mod. Pers. گردیج "downfall."

[illegible] (*ûstûkhânîh* or *vistâkhûîh*) B., § XIV., 14, p. 42, l. 6, *n.*, "honesty," "self-respect," પ્રમાણીકપણું, સ્વમાન; Pers. وستخوان "noble," "honest," or گستاخی

[illegible] (*nishipag*) § CCXCVII., 1, p. 13, l. 3, *n.*, lowliness," ઉતરતાપણું, Pers. نشیب

[illegible] (*nivâkhtag*) B., § XIV., 6, p. 41, l. 8, *n.*, "gratification," ખુશનુદી; Pers. نواختن "to extol," "to give presents."

[illegible] (*nûgârdag*) C., § IX., p. 57, l. 2, *adj.*, "deceptive," ઠગારો, ભુલાવામાં નાંખે એવો; Pers. نوگال "deception."

[illegible] (*nizagîdîh*) C., § XXIII., p. 61, l. 3, *n.*, "misery," કંગાલ્યત; Av. [illegible] and [illegible], Pers. [illegible] "gripes," "distress."

[illegible] (*vashtîh*) § CCCVI., 1, p. 22, l. 5, *n.*, "infection," આલાયશ, ફેલાતો રોગ; Av. [illegible], Pers. گشتی "change for the worse."

[illegible] (*vakhshâragân*) § CCCIV., 7, p. 20, l. 1, *n.*, "those who work to cause prosperity," આબાદી યા એર-ખાહીનું કામ કરનારા; better *vakhshyâragân*, Av. [illegible] and [illegible] Another reading: *vakhash-kharân*, Pers. وخشخران "a disease in the feet of asses, which makes them lame," hence "invalid," "sick."

[illegible] (*varâmûn*) § CCCV., 3, p. 22, l. 2, *adj.*, "light and easy," સહેલું; comp. Pers. ورام

[illegible] (*vandag-garîh*), B, § XIV., 2, p. 41, l. 5, *n.*, "graspingness," કોઇનું છિનવી-લેવું તે; Av. [illegible] "to obtain," and [illegible] "to devour" "to hold fast;" hence the devouring or grasping of what belongs to others.

[illegible] (*vîshtagîh*) B., § XIV., 22, p. 43, l. 3, *n.*, "beauty," ખુબસુરતી, comp. Pers. وشتی

[illegible] (*vaḍ-zahrag*) C., § IX., p. 57, l. 1, *adj.*, "malignant," ખારીલું; comp. Pers. بدزهره "timid," "malevolent."

[illegible] (*vatangîh*) B., XIV., 8, p. 42, l. 1, *n.*, "affliction," અતનગી; Pers. بتنگی آمدن "to be afflicted."

[illegible] (*vichûrḍ*) C., § XXIX., p. 63, l. 10, *adj.*, "justified," સાબેત કરેલું, વાજબી; Av. [illegible], Pers. وچر "the decree of a judge."

[illegible] (*va-nigârdan*) D , § V., 4, p. 97, l. 10, *v.*, " to tender thanks," શુક્રગુજારી કરવી; Pers. واگزاردن

[illegible] (*vâch-gandih* or *vâch-gungîh*) B., § XIV., 23, p. 43, l. 5, *n.*, "obscene speech;" comp. Pers. گنده "foul," or گنگ "dumb."

[illegible] (*kârân*) § CCLXX., p. 3, l. 10, *n.*, "a Turanian," તુરાની; *vide* footnote 1, p. 4, of the English translation.

[illegible] (*kazd*) § CCLXXV., 4, p. 6, l. 3, *v.*, "pruning," કાપી કહાડવું, કાપીને સુધારવું; comp. Pers. کزد کردن "to lop or trim anything."

[illegible] (*kûshg*) § CCCIV., 2, p. 18, l. 1, *n.*, "a citadel," કીલ્લો; Pers. کوشک "a fortress."

[illegible] (*kantag*) § CCCVII., 1, p. 23, l. 1, *adj.*, "gross," ઘણી ગંભીર; Pers. کنده "serious;" it also means "misfortune."

[illegible] (*kast*) A., § V., 7, p. 36, l. 5, *adj.*, "less," કમી થવું, ઓછું થવું; Pahl. [illegible]; Pers. کاستک "diminished."

[illegible] (*kalag*) C., § LXXXIII., 3, p. 85, l. 8, *n.*, "faithlessness," બેઈમાની; Pers. کلم "insincere," "dishonest."

[illegible] (*kafsh*) B., XLVII., p. 51, l. 9, *n.*, "a shoe," જોડા, ખાસડું (જુટ); Av. [illegible], Pers. کفش

[illegible] (*châpûg*) § CCCXIX., 1, p. 30, l. 4, *adj.*, "energetic," કામ કરવાની ઉલટવાળો; Pers. چابوک "dexterous," "active."

[illegible] (*tan-chînagîh*) B., § XIV., 20; p. 43, l. 2, *n.*, "tatooing," બદનની ચામડી ઉપર રંગબેરંગી આકાર ચીતારવા તે; comp. Pers. تنچیدن "to prick," "to tatoo."

[illegible] (*tûshag*) D., § II., 2, p. 90, l. 3, *n.*, "food," ખોરાક; Pers. توشه "provision," Av. [illegible]

[illegible] (*pâdram*) § CCCIII., 1, p. 16, l. 10, *n.*, "reward," ઈનામ, નતિજો, બદલો; Pers. پادرم

[illegible] (*pinih*) B., § XIV., 10, p. 42, l. 3, *n.*, "stinginess," બખીલાઈ; Pers. پینز

[illegible] (*pazd*) C., § VIII., p. 56, l. 8, *n.*, "wounding," ઘા, ઘાયલ કરવું; Pers. پزد "blood," "hardship."

[illegible] (*fra-hânchishn*) C., § XXIX., p. 63, l. 9 and 12, *n.*, "politeness," લાયકી, અદબ; Pers. فرهنجیدن "to teach good manners," Av. [illegible] and [illegible] "to be rooted," "to extend."

[illegible] (*Bakht-âfrít*) B., § IV, p. 35, l. 1, *a proper noun*, name of a head-priest, (દસ્તુર) બખ્ત આફ્રીદ.

[illegible] (*bâstân*) C., § III., p. 54, l. 8, *adv.*, "certainly," અચ્ચીત; Av. [illegible], Pers. باستان

[illegible] (*lâ-vigîrît*) § CCCV., 2, p. 21, l. 8, *adj.*, "remediless," ઈલાજ વગરનું; comp. Pers. ناگوزرد "helpless."

[illegible] (*rûrag*) § CCCVIII., I, p. 23, l. 10, *n.*, "surgical cure," વહાડકાપથી ઈલાજ કરવો તે; comp. Av. [illegible], Skr. *lû* " to cut."

[illegible] (*lâg*) § CCCXXIV., p. 33, l. 10, *n.*, "a sealing wax," લાખ; Pers. لاک.

[illegible] (*rasîd* or *rasîg*) B., § LIII., p. 53, l. 7, *adj.*, "aged relations," ઉમરે પુગેલાં એશીઆ; comp. Pers. رسیده "a youth," "an old person;" also Pers. رسیگ which means "a slave," "a servant."

[illegible] (*raspadagîh*) C., § IX., p. 57, l. 1, *n.*, "gluttonness," એંઘીપણું; comp. Pers. رس "a glutton, and Av. [illegible] "to fall;" comp. Pahlavi [illegible] *hû-patagîh*, "moderation."

[illegible] (*lipammúntan*) D., § III., 3., p. 92, l. 6, *v.*, "to come," આવવું.

[illegible] (*stûrgîh*) B., § XIV., 13, p. 42, l. 5, *n.*, "quarrelsomeness," ઝનગાખુઈ; Pers. سترک " passionate, " "quarrelsome."

[illegible] (*spûgîh*) B., § XLIX., P. 52, l. 5, *n.*, "disgrace," નામોશી, ફજેતી; Pers. سبکي "indignation," سبک شدن "to be despised."

[illegible] (*spûjgâr*) D., § VII., 5, p. 101, l. 2, *adj.* "evasive," ઉડાવનાર; Av. [illegible] "demon of thunder-storm."

[illegible] (*mîrag*) D., § XI., 3, p. 103, l. 1, *n.*, "a nobleman," "a paterfamilias," ઉમરાવ, કુટુંબનો વડો; Pers. میره

p.5 idol-worship

p 11 Burning Fire

UNIVERSITY OF CALIFORNIA LIBRARY
Los Angeles

This book is DUE on the last date stamped below.

REC'D LD-URL

QL APR 19 1993

MAR 24 1993

REC'D LD-URL

QL JAN 20 1994

MAY 13 1999

OCT 06 2008

Form L9–Series 4939

PK6197. D616 1874 12

University of California, Los Angeles
L 006 846 820 6